ॐ

# જૈન સ્ત્રી સદ્બોધ.

પ્રકાશક,
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
—મહેસાણા.

# લક્ષ્મીનું ખરૂં સાર્થકય.

પિબન્તિ નદ્યઃ સ્વયમેવ નામ્ભઃ
સ્વયં ન ખાદન્તિ ફલાનિ વૃક્ષાઃ
નાદન્તિ સસ્યં ખલુ વારિવાહાઃ
પરોપકારાય સતાં વિભૂતયઃ ૧

**ભાવાર્થ**—નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે ફળો ખાતાં નથી ( અને ) વર્ષાદ ( પોતે ) ધાન્ય ખાતો નથી જ ( પણ એ સર્વ પરને માટે જ હોય છે તેમ) સજ્જનોની લક્ષ્મી (પણ) પરોપકારના માટે હોય છે.

પરોપકારાય સતાં વિભૂતય:

ગ્રંથાંક ૫૩.

# જૈન સ્ત્રી સદ્બોધ.

## ( સન્નારીઓ માટે અમૂલ્ય ઉપદેશ. )

છપાવી પ્રસિદ્ધ કરનાર,

સદ્ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મ્હેસાણા.

આવૃત્તિ ૨ જી. પ્રતિ ૩૦૦૦.

વીર સં. ૨૪૫૪. સને ૧૯૨૮. વિક્રમ સં. ૧૯૮૪.

ધી " સૂર્યપ્રકાશ " પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઈ

ત્રિકમલાલે છાપ્યું. ઠે. પાનકોરનાકા—અમદાવાદ.

મૂલ્ય, ૦—૨—૬.

# પ્રસ્તાવના.

આ બુકનું નામ જૈન સ્ત્રી સદ્‌બોધ છે પણ તેમાં સંગ્રહેલો સદ્‌બોધ કોઇ પણ ધર્મની સ્ત્રીને લાગુ પડે તેવો છે. મુખ્ય પાંચ વિભાગમાં આ બુક વહેંચાયલી છે અને તેના પેટા વિભાગો ૬૧ છે, જે સાંકળિયું વાંચવાથી સ્પષ્ટ સમજાય તેમ છે. આ બુક અમૂલ્ય ઉપદેશથી ભરપૂર છે. આમાં સ્ત્રીઓને માટે બારિક વિચાર પૂર્વક વિષયો ગોઠવાયલા છે-ઝીણવટથી છણેલા છે; સ્થળે સ્થળે વ્યવહારોપયોગી ઉપદેશ ગોઠવ્યો છે, એવા હેતુથી કે તેથી પરિણામે ધર્મને–અહિંસાને પુષ્ટિ મળે. સ્ત્રીઓની સુધારણા ઉપર તેમની સંતતિની સુધારણાનો આધાર છે. સ્ત્રી સુધરેલી હોય તો પુરૂષનો સંસાર નંદન વન સમો અમૃતમય બને છે. તેવી સ્ત્રી ગૃહની લક્ષ્મી ગણાય છે અને તેનાથી કુટુંબ, સમાજ અને છેવટે આખો દેશ પણ ઉન્નત બને છે. દરેક કન્યા અને સ્ત્રીએ આ બુક જરૂર વાંચવી જોઇએ અને તેમાં આપેલા બોધને પોતાના જીવનમાં ઉતારવો જોઇએ. પાંચમો વિભાગ સુંદર પદ્યોથી ગોઠવાયલો છે.

સવા વર્ષ પહેલાં આ બુકની પહેલી આવૃત્તિની ૩૦૦૦ કૉપી અમે છપાવી હતી. તે ખલાસ થતાં તેની આ બીજી આવૃત્તિ છપાવી છે. એ તેની ઉપયોગિતા સૂચવે છે.

સંવત્ ૧૯૮૪ ના અસાડ શુદિ ૮ મંગળવાર.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
—મહેસાણા.

# સાંકળિયું.

## ૧ સ્ત્રી કેળવણી.

પૃ૦ ૬૧ થી.

૧ કેળવણીની કદર (પ્રસંશા), ૨ જ્ઞાન-પ્રાપ્તિ, ૩ માતાની છાપ, ૪ માતૃચિતાર, ૫ ગુણોનું મૂળ જ્ઞાન, ૬ જ્ઞાનની અધિકતા, ૭ કન્યાશિક્ષણ, ૮ ગૃહવ્યવહારનાં બે સમાન ચક્રની સફળતા, ૯ જ્ઞાનની સાર્થકતા, ૧૦ જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ, ૧૧ જ્ઞાનનો પ્રભાવ, ૧૨ વિદ્યાપ્રાપ્તિનું ફળ, ૧૩ અભણતાનું અનિષ્ટ પરિણામ, ૧૪ ખરી કેળવણીની જરૂર, ૧૫-૧૬-૧૭ ભણેલ અભણની સરખામણી, ૧૮ ધર્મપત્નીની પવિત્ર ફરજ, ૧૯ શ્રાવકના ૨૧ ગુણની કવિતા, ૨૦ શ્રાવકના ૨૧ ગુણોનો આદર્શ, ૨૧ શ્રાવકના ૨૧ ગુણોનું ટુંક વર્ણન.

## ૨ સ્ત્રીઓનાં કર્ત્તવ્યો.

પૃષ્ઠ ૩૯ થી.

૧ શાણી ગુણવંતી માતાનું કાર્ય, ૨ જયણા પાળવી, ૩ ચોકખાઇ, ૪ સ્ત્રી ઋતુધર્મ, ૫ ગૃહપ્રધાનતા, ૬ પાણિયારાની સ્વચ્છતા, ૭ વિનયગુણ, ૮ વ્યવહારલાયકાત, ૯ વાણીપ્રયોગ, ૧૦ નિંદાદોષ, ૧૧ કુરિવાજો, ૧૨ સહનશીલતા, ૧૩ પ્રેમભાવ.

## ૩ દીકરી પ્રત્યે માતાનો સદ્બોધ.

પૃષ્ઠ ૫૭ થી.

**अ પ્રસ્તાવ—**

૧ કુટુંબસ્થિતિ, ૨ શિક્ષણ (અભ્યાસ), ૩ કમળાવતીની લાયકાત, ૪ પિતાની માંદગી, ૫ દીકરીનાં કંકુકન્યાએ લગ્ન, ૬ માતાપિતાનો પુત્રી પ્રત્યે સંતોષ.

**ब માતાનો સદ્બોધ—**

૧ સામાન્ય હિતશિક્ષા, ૨ ઘરનાં કામકાજ સંબંધી, ૩ પહેલા પહોરનુ કાર્ય, ૪ બીજા પહોરનું કાર્ય, ૫ બપોર પછી અવકાશનો ઉપયોગ, ૬ ગૃહકાર્યમાં ઉપયોગ, ૭ સાંજ અને રાત્રિનું કાર્ય, ૮ બોધનો સારાંશ.

## ૪ સ્ત્રીઓનાં આભૂષણ.

પૃષ્ઠ ૮૭ થી.

૧ હિત બોધ વચનો, ૨ સ્ત્રી હિત વચનો, ૩ સર્વ સાધારણ હિત વચનો.

## ૫ સ્ત્રી હિતકર કાવ્યો.

પૃષ્ઠ ૧૧૪ થી.

૧ શ્રી હિતશિક્ષા છત્રીશી. ૨ રાત્રિભોજન નિવારવા વિષે, ૩ સ્ત્રી હિતશિક્ષા વિષે, ૪ પતિવ્રત વિષે, ૫ સ્ત્રી હિતશિક્ષા ગહુંલી, ૬ પતિવ્રતા સ્ત્રી વિષે ગહુંલી, ૭ ગુરૂગુણ વિષે ગહુંલી, ૮ ધર્મ ભાવના ગહુંલી, ૯ પતિવ્રતા સ્ત્રી વિષે હિતશિક્ષા, ૧૦ પુત્રીને માતાની શીખામણ.

# જૈન સ્ત્રી સદ્બોધ.

## ૧ સ્ત્રી-કેળવણી.

### (૧) કેળવણીની કદર ( પ્રશંસા ).

સ્ત્રી-કેળવણી એટલે સ્ત્રીધર્મને ઉપયોગી શિક્ષણ આપવું. સ્ત્રીકેળવણી એ મથાળું વાંચીને આપણા કંઇક જૈન ભાઇઓ તો કદાચ આશ્ચર્ય પામશે. કારણ કે જૈન કોમના પુરૂષોજ કેળવણીમાં પછાત છે, તો તેઓને ' સ્ત્રીકેળવણીની કિંમત શું છે ? તેથી કેવી જાતના ફાયદા થઇ શકે છે ? ' વગેરે સમજણ ક્યાંથી હોય ? ભાગ્યવશાત્ જૈનકોમ વ્યાપારમાં કંઇક ફાવેલી છે એટલે તેને કેળવણીમાં પછાત હોવાથી જે નુકશાન થાય છે તેની ખબર પડતી નથી, પરંતુ વિના કેળવણીએ જે નુકશાન થવું જોઇએ, તે તો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે થાય છેજ. ઘણા માણસો તો સ્ત્રીઓને ભણાવવી એ અકર્તવ્ય સમજે છે, છોકરીઓને ભણવા મોકલનાર ઉપર ચ્હીડાય છે, ભણેલી સ્ત્રીને દેખી તેના ઉપર કંટાળો આણે છે, અને તેનો કાંઇ અવગુણ જણાયો હોય તો તે સંબંધી રજનું ગજ કરી મૂકે છે. તો આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય છે ? શાસ્ત્રકાર એમાં સંમત છે કે અસંમત છે ? અને પૂર્વે એ રીતિ હતી કે નહિ ?

હવે આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય? સ્ત્રી એ ઘરનો એક અનુપમ શૃંગાર છે અને તેનાથી આખું ઘર તથા તેમાં રહેનાર સર્વ જીવો શોભી નીકળે છે. તો જ્યારે એના અસ્તિત્વપણાથીજ ઘરને એટલી શોભા મળે છે, તોપછી તેનામાં વિદ્યારૂપી અમૂલ્ય રત્નનો ભંડાર ભરેલો હોય તો તેની શોભામાં શી ખામી રહે? સોનું અને વળી સુગંધ હોય તો તેની કિંમત કેટલી બધી ઉમદા થાય? લક્ષ્મીવાન અને વિદ્વાન હોય તો તેની કેટલી કિંમત? ગુણસંપન્ન અને વિદ્વાન હોય તો તેનું કેટલું મૂલ્ય થાય? વગેરે અનેક વ્યાવહારિક દૃષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીને કેળવણી આપવાની ખરેખરી જરૂરીઆત છે. વળી એક વિદ્વાન માણસ લખે છે કે 'ગૃહસત્તાનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપરજ છે.' તે કેવી રીતે? ત્યાં તે સમજાવે છે કે એક વખત હું એક વિદ્વાન સ્ત્રી સાથે વાતો કરતો હતો, તેવામાં મેં જણાવ્યું કે 'શીખવવાની જુદી જુદી રીતોમાં કાંઇ દમ નથી, તેથી તો રૈયતને જુદી જુદી જાતની કેળવણી મળે પણ તેમાં શું કરવું બાકી છે? શેની ખામી છે? તે કહો.'

તે સ્ત્રીએ જવાબ આપ્યો કે 'જનેતાઓની.' તે વિદ્વાન કહે છે કે હું ચુપજ થઇ ગયો, અને મેં કહ્યું કે 'હા, ખરૂં.' એકજ શબ્દમાં કેળવણીની બધી પદ્ધતિ આવી ગઇ. માટે સદાચાર બંધાવાનું પ્રથમ અને અતિ અગત્યનું સ્થળ તે ઘરની સ્ત્રીજ છે અને તે વિદ્વાન–કેળવાયેલી હોય તો તેનો અને તેની સંતતિ તમામનો જન્મ સફળ થાય એ નિઃશંક છે.

સાર—સ્ત્રી ઉપર આખા ઘરનો બહુધા આધાર હોવાથી તેને સર્વ રીતે કેળવી કુશળ બનાવવાની ભારે જરૂર છે. સારી રીતે કેળવાયેલી સ્ત્રી ઘરની શોભારૂપ બને છે અને તેનાથી થતી સ-

વળી સંતતિ સહેજે સુધરવા પામે છે. અન્યથા સંતતિ સુધરવી મુશ્કેલ છે.

## (૨) જ્ઞાન–પ્રાપ્તિ.

ઉપર પ્રમાણે સ્ત્રીઓને કેળવણી આપવાથી શું લાભ થાય છે, અને ન આપવાથી શું નુકશાન થાય છે, તે વિષે સહેજ ઇસારો કરવામાં આવ્યો છે. હવે આ સ્થળે તે બાબત વિશેષ વિવેચન કરવામાં આવશે.

આ જગતના પ્રાણીમાત્રમાં ચૈતન્યભાવ સરખો છે, તોપણ પશુપક્ષી વગેરે પ્રાણીઓથી મનુષ્ય પ્રાણી ઉત્તમ ગણાય છે. એનું કારણ 'મનુષ્ય જ્ઞાન મેળવવાને, શક્તિવાન છે, વળી ખરૂં ખોટું પારખી શકે છે, જેથી ખોટું તજી, ખરૂં આદરવા લાયક છે એમ તે સમજે છે.' એ સિવાય બીજું કારણ જણાશે નહિ. જ્ઞાન એટલે સમજણ. જેનામાં જેટલી વધારે તેટલી (માનવજાતમાં)તે મનુષ્ય ઉંચી પદવી ધરાવે છે. આપણે સર્વે વગડામાં અથવા ગામડામાં રહેનાર માણસ કરતાં શહેરનાં માણસને ઉત્તમ ગણીએ છીએ, તેનું કારણ 'તેઓનું જ્ઞાનબળ વધારે હોય' એજ છે. શરીરબળમાં તો વગડાના અને ગામડાના રહેનારાઓ, શહેરનાં મનુષ્યો કરતાં ચઢે છે, તોપણ તેઓ શહેરી મનુષ્યોના જ્ઞાનબળને લીધે વશ રહે છે. દરેકે દરેક માણસમાં ઓછું–વધતું જ્ઞાન હોય છે, તેથી તે પોતાના દરેક કાર્ય ઉપરથી અનુભવ લઈ પોતાના સુખદુઃખની વાત એક બીજાને કરે છે, અને તે ઉપરથી જે રસ્તે વધારે સુખ મળે તે રસ્તે પ્રવર્ત્તવા વધારે જ્ઞાનવાળાની મતિથી પ્રયત્ન કરે છે. ઉમ્મર પરત્વે જોઇએ તો બાળકને આપણે પશુ બરાબર કહીએ છીએ, તેનું કારણ એટલુંજ છે, કે તે સમયે તેનામાં કાંઇ જ્ઞાન હોતું નથી. જેમ જેમ તે મોટું થતું જાય છે અને

તેનું જ્ઞાન વધતું જાય છે, તેમ તેમ તે માણસમાં ગણાતું જાય છે. ધર્મ, દયા, શૌચ, દાન, પૂજા, તપ, પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે શબ્દોનાં સ્વરૂપ માણસ પોતાની ઓછી-વધતી જ્ઞાનશકિતના પ્રમાણમાં સમજે છે અને તે ઉપરથી જે આદરવાનાં કાર્ય હોય, તેમાં પોતાનું આચરણ કરે છે અને બીજાં છોડી દે છે ખૂન, ચોરી, મારામારી વગેરે ગુન્હાનાં કૃત્યો ઘણું કરી અજ્ઞાન માણસોજ કરનારા નીકળશે, કારણ કે જ્ઞાનવાન તો તેથી આ ભવમાં રાજાનો અને પરભવમાં પાપનો દંડ ભોગવવો પડશે એમ જાણી શકે છે. પશુયોનિમાં જન્મ પામનાર પણ જ્ઞાનના યોગથી ઉંચ ગતિમાં જવા પામે છે, તો માણસજાતને જ્ઞાનપ્રાપ્તિથી વધારે ઉત્તમતા પ્રાપ્ત થાય એમાં શી નવાઈ? પોપટ વગેરે પશુઓને કોઇ શ્રમ લઈ જરા ભણાવે છે તો તેઓ મીઠાશભરેલું બોલતાં શીખે છે અને તે સાંભળી સર્વે ખુશી થાય છે. તેના ઉપર એક વિદ્વાન માણસે કહ્યું છે કે-

> सद्विद्या यदि का चिंता ? वराकोदरपूरणे ।
> शूकोऽप्यशनमाप्नोति, श्रीभगवानिति ब्रुवन् ॥ १ ॥

અર્થ—જો સદ્‌વિદ્યા હોય તો નાનું સરખું પેટ ભરવાની શી ચિંતા છે ? પોપટ પણ 'શ્રી ભગવાન' એટલો શબ્દ બોલે છે તો ખાવાનું સુખેથી પ્રાપ્ત કરી શકે છે. માટે કેળવણી લેવાથી સર્વને લાભજ છે, એમ જાણી સ્ત્રીઓને અવશ્ય કેળવણી આપવી જોઇએ.

સાર—જડ જેવી વસ્તુને પણ યથાવિધિ કેળવવાથી તે ઉત્તમતા પામે છે, તો પછી સચેતન-આત્માને યથાર્થ કેળવણી મળવાથી તેનામાં ઉત્તમ વિકાસ થવા પામે એમાં આશ્ચર્ય જેવું શું છે ?

## ( ૩ ) માતાની છાપ.

વળી સ્ત્રીજાતને કેળવણી આપવાનું ઘણું અગત્યનું કારણ એ છે કે જે ઘરની તે ગૃહિણી હોય છે, તે ઘરના તમામ અંગભૂતોને રાત્રિદિવસ તે સ્ત્રીની છાયાતળે રહેવાનો પ્રસંગ આવે છે, અને તેથી તે સર્વ કુટુંબીઓને આખી ઉમ્મરભર જે લક્ષણોના સંસ્કાર જડીભૂત થાય છે, અને જે તેઓના મોતની સાથેજ બંધ પડે છે, તે સર્વે લક્ષણોનો જન્મ જે ઘરમાં તેઓ ઉછરે છે તે ઘરમાંજ થાય છે. એવી એક સાધારણ કહેવત ચાલે છે કે 'વિદ્યાથી વધતો વિવેક છે' 'વિવેક દશમો નિધિ છે' અને 'મન ઉપરથી માણસ થાય છે.' એ ત્રણ નીતિવચનો કરતાં એક વધારે મજબુત નીતિવચન એ છે કે 'ઘર નરને બનાવે છે.' તેનું કારણ એ છે કે ઘરની અંદર મળતી કેળવણીથી માણસની રીતભાત અને મન બંને ઘડાય છે, એટલુંજ નહિ પણ તેનાં લક્ષણ પણ ત્યાંજ ઘડાય છે, હૃદયકમળ પ્રફુલ્લિત થાય છે, ટેવોનું બંધારણ થાય છે, બુદ્ધિના અંકુરો ફુટે છે, અને ભલા કે ભુંડાને વાસ્તે આચરણ રચાય છે. મુખ્યત્વે કરીને બાળક જયાં જન્મે છે તે ઘરમાંજ જનમંડળને કાબુમાં રાખનારાં ધોરણો અને નીતિવચનો ગૃહગિરિના મૂળમાંથી નીકળે છે. પછી તે મૂળ નિર્મળ હો વા મલિન હો. બચપણમાં આપણે હોઇએ, તે વેળાએ આપણા ખાનગી સંસારવર્તનમાં આપણા મન ઉપર જે જે વિચારોના સૂક્ષ્મ અંકુરો માત્ર ઊગવા માંડયા હોય, તે ધીમે ધીમે દુનિયામાં દેખાવ દે છે. ત્યારપછી જગતનો જાહેર મત કેળવાય છે. કારણ કે બાળગૃહમાંથી પ્રજાનો પાક ઉતરે છે અને જેમના હાથમાં બાળકોને ચાલતાં શીખવવાની દોરી હોય છે, તેઓ તો રાજ્યની ખાસી લગામ ઝાલનારા કરતાં પણ વધારે ગૃહસત્તા ચલાવી શકે છે.

અહા ! હા ! ! જનેતાઓને ઉમદા કેળવણી આપવાનાં કેવાં ફળ છે ? મનુષ્યોની રહેણી કહેણી ઉપર તેઓ કેવી મજબુત છાપ પાડી શકે છે ? માટે વાચકો ! કેળવણીની અવશ્ય બહુ જરૂર છે, એવા નિર્ણય ઉપર સહેજે આવી શકાશે.

સાર—આ રીતે સ્ત્રી કેળવણી એટલી બધી મહત્ત્વની છે કે તેનો ખ્યાલ વાંચનારા ભાઇ બ્હેનોને સારી રીતે આવી શકે તો તેઓ સ્ત્રી કેળવણીના હીમાયતી બની સ્ત્રી કેળવણીને પુષ્ટિ આપવા પાછી પાની કરેજ નહિ.

## ( ૪ ) માતૃ ચિતાર.

આ જગતમાં દરેક પુરૂષને તેમજ સ્ત્રીને કેળવણી લેવાનો હક છે, અને તે પ્રમાણે તેઓ લે છે, પણ વિશેષે કરીને પુરૂષ-કેળવણીથી જે જે લાભો થાય છે તેના કરતાં સ્ત્રી કેળવણીથી ઘણે દરજજે બીજા મોટા લાભ થાય છે. વળી પુરૂષને મોટા ઐશ્વર્ય-પદને પ્રાપ્ત કરાવનાર મુખ્ય કારણ સ્ત્રી કેળવણીજ છે. કારણ કે પુરૂષ જે ઘરમાં જન્મ લે છે તે ઘરમાં નાનપણથી પોતાની માતાના હાથતળે ઉછરે છે અને તેની જોરાવર અસર તેની કેળવણી ઉપર થયા વિના રહેતી નથી. તે દુનિયામાં નિરાધાર હાલતમાં દાખલ થાય છે અને કેળવણી તથા પોષણને માટે તેનો તમામ આધાર તેની આસપાસ જે મનુષ્યો હોય તેના ઉપર રહેલો હોય છે. અને આસપાસના માણસોમાં પોતાની માતાની હાજરી પ્રથમ હોય છે, તેથી ખરેખરી પ્રથમ અસર તેની માતાની તેને થાય છે, અને તેની માતામાં જે જે ગુણો હોય છે તેનો ખરેખરો ચિતાર તે બાલવયના સંતાનમાં પડે છે એમાં જરાયે આશ્ચર્ય નથી. કારણ કે આ સૃષ્ટિમાં દરેક વસ્તુનું બંધારણ અને સ્વભાવ ઘણું કરીને જે વસ્તુ તેની પાસે અને હંમેશાં સહવાસમાં આવતી હોય તેના

જેવાંજ થાય છે, અને એથી ઉલટા થતા હોય તો તે અપવાદરૂપ છે. વળી બાળક જ્યારે અણસમજુ સ્થિતિમાં હોય છે ત્યારે તેને બોલવાની કે સમજવાની શકિત નથી હોતી. તે વખતે તો તે ફક્ત પોતાની નજીક જે પદાર્થ આવે છે, તેનાજ ગુણ કે અવગુણને ગ્રહણ કરે છે, અને 'કીટભ્રમરના' ન્યાયે તે પદાર્થ જેવોજ બની રહે છે, તેમાં કંઇ આશ્ચર્ય નથી. જ્યારે આવું છે, ત્યારે નાનાં બાળક અને બાળકીઓને વિદ્વાન અને દેશના શૃંગાર રૂપ બનાવવાને માટે પ્રથમ તેઓની માતાને સંગીન કેળવણી આપવાની ખાસ જરૂર છે. અને જ્યારે સંખ્યાબંધ માતાઓ કેળવણી પામેલી અને વિદ્વાન થશે, ત્યારેજ તેઓના હાથતળે ઉછરનાર છોકરાં પણ વિદ્વાન અને ડાહ્યાં થશે, તેમાં જરાએ શંકા જેવું નથી. એટલા માટે ગમે તે ઉપાયો યોજી સ્ત્રીઓને કેળવવી ઘટે છે.

સાર—સહૃદય ભાઇબ્હેનોને હવે દીવાજેવું સ્પષ્ટ સમજાયું હશે કે યથાર્થ રીતે સ્ત્રીઓને કેળવવાનો પ્રયત્ન કર્યા વગર સમાજનો ઉદ્ધાર થવો સંભવિત નથી. કહ્યું છે કે 'શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે છે,' એ વાત હવે હૃદયમાં ઠસાવી જોઇએ.

## ( ૫ ) ગુણોનું મૂળ જ્ઞાન.

શાસ્ત્રમાં જ્ઞાનની મહત્ત્વતા સ્થળે સ્થળે વર્ણવી છે, અને જ્ઞાન વિનાના મનુષ્યને પશુ સમાન ગણેલા છે. નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

**येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः॥**
**ते मर्त्यलोके भूमिभारभूता, मनुष्यरूपेण मृगाश्चरंति ॥**

અર્થ—"જેઓનામાં વિદ્યા, તપ, દાતારપણું, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી, તેઓ આ મૃત્યુલોકમાં પૃથ્વીને વિષે ભારભૂત થઇ

મનુષ્યરૂપે મૃગો ચરે છે. ” અને તે ઉપરથી એમ સમજાય છે કે વિદ્યા વિનાના મનુષ્યને નીતિશાસ્ત્રકાર પશુસમાન કહે છે વળી–

आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभि र्नराणां ।
ज्ञानं नराणा–मधिको विशेषो, ज्ञानेन हीनाः पशुभिः समानाः॥

અર્થ—‘ આહાર, નિદ્રા, ભય અને મૈથુન, એ માણસો અને પશુમાં સરખા છે, પરંતુ માણસમાં જ્ઞાન અધિક છે, તેથી તેઓ ઉત્તમ ગણાય છે. માટે જ્ઞાન વિનાના મનુષ્યો પશુ સમાન છે, ’ એવો શ્લોકનો ભાવાર્થ છે.

બીજા જે જે ગુણો છે તે સર્વ ગુણોમાં જ્ઞાનગુણની અધિકતા છે, “ જ્ઞાન સકળ ગુણ મૂળ રે ” એ શ્રી વિજયલક્ષ્મીસૂરિનુ વચન પ્રસિદ્ધ છે. વિદ્યા ભણવાથી માણસને જ્ઞાનની કિંમત સમજાય છે, અને કયું જ્ઞાન ઉત્તમ છે, તે પણ સમજી શકે છે. પોતાની એવી સમજશકિત થયે તેઓ ધર્મ–જ્ઞાન મેળવવાને વધારે લાયક થાય છે. માણસ પોતાનો જન્મ ગમે તેવી મોટાઇ અને ગમે તેવી શ્રીમંતાઈમાં ગાળે પણ જો તેનામાં ધર્મજ્ઞાન ન હોય તો એ સર્વ જન્મ વૃથા છે. તે મનુષ્યભવને લાયક કૃત્ય કરી શકે નહિ, અને મનુષ્યભવ હારી જાય. સિંદૂર પ્રકરમાં કહ્યું છે કે–

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीं
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभां
सर्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥ १ ॥

અર્થ—‘ જે માણસને સર્વજ્ઞના દયારસમય સિદ્ધાંત કર્ણના અતિથિરૂપ થયા નથી, અર્થાત્ જેણે વીતરાગભાષિત સિદ્ધાંત શ્રવણ નથી કર્યા તેનો મનુષ્યજન્મ ડાહ્યા માણસો નિષ્ફળ કહે છે, તેનું હૃદય વ્યર્થ કહે છે, તેના કાનનું નિર્માણ વૃથા ગણે છે,

તેઓનામાં ગુણ અને દોષનો ભેદ સમજવાની શકિતનો અસંભવ ગણે છે, તેઓને નરકના અંધકૂપમાં પડવાનું દુઃખે વારી શકાય તેવું જણાવે છે, અને તેઓને મોક્ષની પ્રાપ્તિ પણ દુર્લભ કહે છે.'

## ( ૬ ) જ્ઞાનની અધિકતા.

જો કાંઈ પણ વિદ્યાધ્યયન કર્યું ન હોય તો એવા કલ્યાણકારી સિદ્ધાંત સાંભળવાનો વખત કયાંથી આવે ? કોઇ કહેશે કે ગુરૂ મહારાજા ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચતા હોય ત્યાં જઇને સાંભળે પણ તેનું નામ સાંભળવું નથી; સાંભળીને જે સમજી શકાય, જેનો સાર લઇ શકાય, અને વર્તનમાં મૂકાય, તેનું નામજ સાંભળવું છે. કેળવણી વિના ગમે તેટલું શ્રવણ કરો પણ તેનો ખરો લાભ પ્રાપ્ત થવાનો નથી. દશ વકાલિક સૂત્રમાં " પ્રથમ જ્ઞાન અને પછી દયા " એવાં વચનો કહ્યાં છે. એ ઉપરથી સમજાય છે કે માણસને પ્રથમ જ્ઞાનગુણ પ્રાપ્ત કરવાનો છે. જેથી બીજા ગુણ તેની મેળે આવી મળે છે. જ્ઞાનવાન માણસ દરેક કાર્યમાં પુણ્યબંધજ કરે છે. કોઇ વખત તેને અકાર્ય કરવાનો વખત આવે તોપણ તે એવું નિબિડ પાપબંધન કરતો નથી. વંદિત્તા સૂત્રમાં કહ્યું છે કે-જ્ઞાનવાન મનુષ્યો કવચિત્ અકાર્ય આચરણ કરે તોપણ સંસારનાં દુઃખ ( વિપાક ) થી ભયભીત રહે છે અને નિર્દ્વંસ પરિણામ નહીં થતા હોવાથી તેઓને પાપકર્મનો બંધ અલ્પજ થાય છે.

એ પ્રમાણે માણસ જ્ઞાનબળને લીધેજ—જ્ઞાનબળની અધિકતા ને લીધેજ બીજાં પ્રાણી કરતાં ઉંચે દરજ્જે ગણાય છે. જ્ઞાનથીજ માણસ સર્વ પ્રકારનો વિવેક શીખે છે, જ્ઞાનથીજ શુદ્ધ દેવગુરૂ ધર્મને પિછાને છે, જ્ઞાનથીજ સંસારનાં પાપમય કૃત્યોથી દૂર રહેવાના વિચાર પ્રાપ્ત કરે છે, જ્ઞાનથીજ પોતાના ઉચિત કૃત્યને જાણે

છે, જ્ઞાનથીજ મોક્ષપ્રાપ્તિનાં સર્વ સાધન જાણી શકે છે, જ્ઞાનથીજ પોતાના આત્મ–સ્વરૂપને ઓળખે છે અને જ્ઞાનથીજ પોતે મોક્ષ મેળવવાનો અધિકારી થાય છે. જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયાઓ કરે, જ્ઞાન વિના ગમે તેટલાં તપ તપે, અને જ્ઞાન વિના ગમે તેટલાં દાન આપે, પરંતુ તેનો જોઇએ તેવો અને જોઇએ તેટલો લાભ મળી શકતો નથી. માટે જ્ઞાન એ સર્વોત્તમ અને સર્વ મનુષ્યોએ અવશ્ય પ્રાપ્ત કરવા લાયક છે. મનુષ્યમાં સ્ત્રી અને પુરૂષ બન્ને આવી જાય છે, તો પુરૂષે જ્ઞાન મેળવવું અને સ્ત્રીએ ન મેળવવું એમ હોવાનું કંઈ પણ કારણ દૃષ્ટિગત થતું નથી; પરંતુ ઉપરની સર્વ વ્યાખ્યાથી એમ જણાય છે કે જ્ઞાન મેળવવાનો જેટલો હક્ક પુરૂષોનો છે, તેટલોજ સ્ત્રીઓનો છે, કારણ કે આકાર, સ્વભાવ, લાગણી અને સમજણમાં બેન્ને સરખાં છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું અને ગૃહવ્યવહાર ચલાવવો તે પણ બન્નેને સરખી રીતે છે. કર્મજન્ય સુખદુઃખ ભોગવવામાં બન્નેની એકજ રીત છે, અને શુભ અશુભ સર્વ ક્રિયાઓ પણ બન્ને સમાન રીતેજ કરે છે, અને તેનાં ફળ તથા મોક્ષનો અધિકાર પણ બંને સમાન રીતેજ ભોગવે છે. માટે જ્ઞાન પ્રાપ્ત કરી આત્મ-સાધન કરવાનો જેવો હક્ક પુરૂષોનો છે તેવોજ સ્ત્રીઓનો છે.

## ( ૭ ) કન્યાશિક્ષણ.

વિદ્યા ભણવાથી કેળવણી મળે છે અને કેળવણીથી જ્ઞાન-બળ પ્રાપ્ત થાય છે. કોઇ પણ વિષય કે તેની વ્યાખ્યાઓ મોઢે કરવી, તે સાધારણ જ્ઞાન કહેવાય અને તે વિષયનો ઉંડો બોધ મેળવવો અને તે પ્રમાણે વર્તન સુધારવું તેનું નામ ખરી કેળ-વણી છે. કેળવણી એટલે ભણ્યા પછી જ્ઞાનનો ઉપયોગ કરી હૃદય અને મગજને કેળવવું તે છે. માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે

સ્ત્રીઓને ભણાવવી એ કર્ત્તવ્ય છે. અને જે માબાપો પોતાની પુત્રીઓને કેળવણી આપતા નથી તેઓ પોતાના કર્ત્તવ્યમાં પાછા પડે છે. બાલિકાઓને ભણાવવી એટલે તેમને છોકરાઓની પેઠે ભણાવવી એમ નહિ, પણ તેઓને વાંચન, લેખન અને ગૃહ-ઉપયોગી તથા વ્યવહારોપયોગી સર્વ જ્ઞાન આપવું. તે સાથે નીતિનાં સર્વ તત્ત્વો તેને શીખવવાં, અને પછી ધર્મજ્ઞાન ઉપર લક્ષ અપાવવું. એ સિવાય બાળકોને નિશાળમાં જે શીખવવામાં આવે છે, તે બાળકીઓને શીખવવાની જરૂર નથી. બાળકોની અને બાળકીઓની શિક્ષણપદ્ધતિ કેટલાક પ્રકારે જુદીજ છે, કારણ કે તેમને કાંઇ છોકરાઓની પેઠે ભણીને નોકરી કરવા અથવા વ્યાપાર કરવા જવું નથી. તેઓને તો સંસારવ્યવહારમાં–ગૃહકાર્યમાં જે કુશળતા જોઇએ, તે કુશળતા પ્રાપ્ત કરે તેટલું વ્યવહારઉપયોગી જ્ઞાન આપવું જોઈએ. અને આત્મસાધન કરવાને તથા સર્વ ધર્મ-ક્રિયાની ઊંડી સમજણ મેળવવાને માટે જેટલું બની શકે તેટલું સાથે ધર્મજ્ઞાન પણ આપવું જોઇએ, જેથી તેઓ પોતાનો ગૃહસ્થા-શ્રમ સુખે ચલાવે અને પતિ અને વડિલોનો વિનય સાચવી, સારી રીતે ધર્મ–સાધન કરી ઉત્તરોત્તર સદ્ગતિ પ્રાપ્ત કરે.

શાસ્ત્રકારની પણ આ બાબતમાં સંમતિ જણાય છે. મોક્ષ-પ્રાપ્તિને માટે શાસ્ત્રકારે ધર્મ એજ ઉત્કૃષ્ટ સાધન કહેલું છે. ધર્મના બે માર્ગ છે, ગૃહસ્થધર્મ અને સાધુધર્મ. સાધુધર્મ–ચારિત્રમાર્ગ તે ઉત્તમ છે, પરંતુ જન્મ પામનાર માણસ પ્રથમ ગૃહસ્થપણામાંજ જન્મ પામે છે. ચારિત્રધર્મથી થોડે કાળે અને ગૃહસ્થધર્મથી પરંપરાએ ઘણા કાળે પણ તે બન્ને માર્ગથી ઇચ્છિતસિદ્ધિ શાસ્ત્ર-કારે કહી છે. પૂર્વે આદિ તીર્થંકર શ્રીમાન્ ઋષભદેવસ્વામીએ પ્રથમ વ્યવહારમાર્ગ શીખવ્યો હતો, અને ગૃહસ્થધર્મની પ્રરૂ-પણા કરી હતી.

## ( ૮ ) ગૃહવ્યવહારનાં બે સમાન ચક્રની સફળતા.

ગૃહસ્થાશ્રમ સ્ત્રી પુરૂષ બંનેથીજ ચાલે છે. જો તેઓ બંનેએ જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય તો ગૃહસ્થધર્મથી ઇચ્છિત ફળની જે ઘણા કાળે પણ સિદ્ધિ કહી છે, તે ન થતાં ઉલટો કર્મબંધ થઇ સંસારની વૃદ્ધિ થાય છે. આથી પણ બંનેને જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા સિદ્ધ થાય છે. વળી ભગવાન ઋષભદેવ સ્વામીએ પોતાના પુત્ર ભરતને પુરૂષની બહોંતેર કળા શીખવી હતી, તેમજ સુંદરીને સ્ત્રીની ચોસઠ કળા શીખવી હતી. એ ચોસઠ કળામાં ચિત્રકળા, નૃત્યકળા, ઔચિત્યકળા, ધર્મનીતિ, ભોજ્યવિધિ, વાણિજ્યવિધિ, વાદિત્ર, મંત્ર તથા તંત્ર, જ્ઞાનવિજ્ઞાન, ધર્મવિચાર, કાવ્યશકિત, વ્યાકરણ, કથાકથન, અંકવિચાર, લોકવ્યવહાર વગેરે કળાઓ છે. એ સર્વ કળા ભણ્યા વિના અને કેળવણી લીધા વિના પ્રાપ્ત થતી નથી. વળી બ્રાહ્મીને અઢાર લીપી શીખવી હતી અને તેથી સર્વે લીપી બ્રાહ્મીલીપીના નામથીજ ઓળખાય છે. શ્રીમાન્ ભગવતીસૂત્રમાં પ્રથમ નમસ્કાર બ્રાહ્મીલીપીનેજ કર્યો છે. આ સર્વ ઉપરથી શાસ્ત્રકારની સ્ત્રીઓને જ્ઞાન આપવાની બાબતમાં સમ્મતિ છે, એમ સિદ્ધ થાય છે. આચાર દિનકર માંહેના વિવાહપ્રકરણમાં જે બાળક અને બાળકી કુળ, આચાર, શીલ, રૂપ, વય, વિદ્યા, ધન, વેષ, ભાષા, અને પ્રતિષ્ઠામાં સમાન હોય તેની સાથે વિવાહ કરવો, એમ કહ્યું છે. અને જો તે પ્રમાણે ન કરવામાં આવે તો અવહેલના (લઘુતા), કુટુંબકલેશ અને નાના પ્રકારનાં કલંકની નિષ્પત્તિ થાય છે. આજે વિદ્યા વગેરે ગુણની સમાનતા વિના વિવાહ થાય છે, જેથી તેમાં કહ્યા પ્રમાણે સ્થળે સ્થળે અવહેલના અને કુટુંબકલેશાદિ પ્રત્યક્ષ દેખાય છે. તેથી એ કથન સત્ય છે, એમ સિદ્ધ થાય છે.

રાજિમતિ, સીતા, દ્રૌપદી, દમયંતી, કલાવતી, સુભદ્રા, શ્રીમતી, મદનસુંદરી, સુરસુંદરી, ચંદનબાળા, મૃગાવતી વગેરે પૂર્વે થઇ ગયેલી શીલવતી અને પરમ સાધ્વી સ્ત્રીઓનાં ચરિત્ર જોઇએ છીએ તો પ્રત્યક્ષ રીતે જણાય છે કે જે ગુણોથી તેઓ જગતમાં સુકીર્ત્તિ મેળવી ગયેલ છે, અને જે ગુણોથી તેઓ સદ્‌ગતિગામી થયેલ છે, તે સર્વ ગુણો જ્ઞાનગુણથી જ પ્રાપ્ત થયા હતા.

અખંડ શીલવતી સતી રાજિમતિનો નેમનાથ ભગવાન સાથે વિવાહ થયો. લગ્ન નક્કી કર્યાં. નેમનાથ સ્વામી વરઘોડે ચઢી પરણવા ચાલ્યા પરંતુ ત્યાં પશુઓનો પોકાર સાભળી તોરણથી રથ પાછો ફેરવી સંયમ લેવા ઉત્સુક થયા ! પોતાને પતિએ છોડી દીધાથી રાજિમતીએ અત્યંત વિલાપ કરવા માંડયો, ત્યારે સખીઓએ અને કુટુંબીજનોએ તેણીને સમજાવવા માંડી અને અન્ય પતિ સાથે લગ્ન સંબંધથી જોડાવા કહ્યું; પણ તેણીએ તેઓનાં વચન અંગીકાર ન કરતાં "જેની સાથે એક વખત સંબંધ જોડાયો, તેજ મારા પતિ અને હવે જે એનો માર્ગ તેજ મારો માર્ગ"–એમ કહી પ્રભુને કેવળજ્ઞાન* ઉત્પન્ન થયે છતે રાજિમતિએ સંયમ અંગીકાર કર્યું.

## (૯) જ્ઞાનની સાર્થકતા.

ચારિત્ર ગ્રહણ કર્યા પછી ગિરનાર ઉપર ફરતાં એક વખત એકાંત ગુફામાં રાજિમતિનું આવવું થતાં રહનેમિ તેણીને એકાંત સ્થળમાં જોઇ વિષયાકુળ થયા, પરંતુ એવે અણીને સમયે પણ પોતે લેશમાત્ર ન ડગતાં ઉલટા રહનેમિને સારા રીતે સમજાવી સંયમને વિષે સ્થિર કર્યા, એ સર્વે જ્ઞાન ગુણનાં જ ફળ હતાં.

* પુનર્લગ્નની હિમાયત કરનારા આ સંબંધે ધારશે તો ઠીક વિચાર બાંધી શકશે.

જે સમયે રામચંદ્રજીને વનવાસ જવાનું ઠર્યું તે સમયે તેમણે સીતાજીને તેમના પિતાને ઘેર અથવા સાસરાને ઘેર રહેવા ઘણી રીતે સમજાવ્યાં, પરંતુ ત્યાં રહેવાથી જે સુખ મળે તે કરતાં પણ જંગલી પશુઓથી વસતા અને સુખદાયક પદાર્થના અભાવવાળા અરણ્યમાં પતિની સાથે રહેવાથી અને નિરંતર પતિસેવા કરવાથી પોતે વધારે સુખ માન્યું. વનમાંથી દુષ્ટબુદ્ધિ રાવણ કપટ કરી લંકામાં ઉપાડી ગયો, ત્યાં તેણે અનેક પ્રકારની લાલચ તથા ધમકી આપ્યા છતાં તેની સામે દૃષ્ટિ સરખી પણ કરી નહિ, અને સંપૂર્ણ રીતે શિયળવ્રત જાળવી રાખ્યું. વનમાંથી પતિ સાથે અયોધ્યામાં પાછા આવ્યા પછી કોઈ દુર્જનના વચનથી પતિએ તેણીનો ત્યાગ કર્યો. તે સમય પણ ધૈર્યતાથી આનંદમાંજ ગુજાર્યો, અને પતિ ઉપર લેશમાત્ર અપ્રીતિ ન આણી, એ સર્વ જ્ઞાન અને તેથી પ્રાપ્ત થયેલા ઉત્તમ ગુણનો જ પ્રતાપ હતો.

સતી દમયંતીમાં જ્ઞાનનો સદ્ભાવ ન હોત, તો જે સમયે નળરાજા દ્યુતક્રીડામાં રાજ્યઋદ્ધિ સર્વ હારી ગયા, અને વનવાસ લેવાનો સમય આવ્યો ત્યારે તે પતિની સાથે વનમાં જવાને આનંદિત થાત ? કદિ ન થાત; કારણ કે અજ્ઞાની સ્ત્રીઓ તો પતિને એવી રીતે વિપત્તિ પ્રાપ્ત થયે તેની ઉપર નિઃસ્નેહી થાય છે. વળી વનમાં ફરતાં ફરતાં જ્યારે નળરાજા તેણીને એક વિકટ અરણ્યમાં સૂતી મૂકીને ચાલ્યા ગયા, ત્યારે પણ પોતે સંકટનો સર્વ વખત ધૈર્યતાથી ઉત્તમ ભાવનામાં ગુજાર્યો, કેટલેક સ્થળે શાસનની ઉન્નતિ કરી કેટલાક માણસોને ધર્મ પમાડયો, અને શિયળવ્રત સારી રીતે જાળવી રાખ્યું, એ સર્વ કાર્ય જ્ઞાન વિના જરા પણ બની શકત નહી.

સતી કલાવતી લેશમાત્ર કલંકિત ન છતાં શંખરાજાએ તેણીને ખોટા વહેમથી વનમાં મોકલાવી દીધી. તે ગર્ભવતી હતી, તે

વિષે જરા પણ વિચાર ન કરતાં તેણીના હાથ ચાંડાલો પાસે કપાવી નાખ્યા ! તેવે સમયે પણ લેશમાત્ર પતિનો દોષ ન કાઢતાં પોતાનાં કર્મનો જ દોષ કાઢયો. એ જો તેનામાં જ્ઞાનનો સદ્‌ભાવ ન હોત નો કદિ ન બનત. ગુણનો બદલો તો ગુણમાંથી જ મળે છે, પણ તેની અજ્ઞાની મનુષ્યોને ખબર પડતી નથી. તેથી તેઓ કાર્યાકાર્યનો વિચાર કર્યા વિના, તથા ભવિતવ્યતાની અનુકૂળતા પ્રતિકૂળતા જાણ્યા વિના, અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ કર્યા કરે છે. સતી કલાવતીએ તો ભવિતવ્યતાને અનુકૂળ થઇ શુભ ભાવના ભાવ્યા કરી તો પુત્ર જળવાયો, હાથ જેવા હતા તેવા થયા, અને પતિનો મેળાપ પણ થયો.

## ( ૧૦ ) જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ.

સતી સુભદ્રાને માથે સાસુ અને નણંદે ધર્મદ્વેષથી કલંક ચઢાવ્યું તો પણ તેણીએ તેની ઉપર બીલકુલ દ્વેષ આણ્યો નહિ, પરંતુ પોતાની સાથે તેઓએ સાધુજીને પણ કલંકિત કર્યા અને તેથી ધર્મની હીનતા થતી જાણી, ત્યારે શાસનદેવીનું સ્મરણ કરી તેની સહાયતાથી પોતાનું સતીપણું સકળ નગર લોક સમક્ષ પ્રગટ કરી બતાવ્યું, ધર્મદ્વેષી સાસુનણંદને પશ્ચાત્તાપ કરવાનો વખત આવ્યો, અને શાસનની શોભા વધી. એ સર્વ જ્ઞાનગુણ વિના બની શકત ? ન બનત. જો અજ્ઞાનતા હોત તો સામાસામી વઢવાનો–તોફાન મચાવવાનો વખત આવત, અને એક બીજાના છતા અછતા દોષ કાઢી કર્મબંધ કર્યા કરત.

શ્રીમતીએ જો જ્ઞાનાભ્યાસ કર્યો હતો, તો જ તેણીને નવકારમંત્રના પ્રભાવથી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી, જેને યોગે ધર્મદ્વેષી પતિએ મારી નાખવા માટે કરેલા પ્રયત્નોના વિઘ્નમાંથી પણ બચી પોતે શાસનની શોભા વધારી.

સુરસુંદરીનાં અમરકુમાર સાથે લગ્ન થયાં, પતિને દેશાટન કરવાનું ઠર્યું, ત્યારે તે પતિવ્રતા સાથે ગઇ. રસ્તે પાણી લેવા માટે એક બેટમાં ઉતર્યા. તે વખતે બાળકઅવસ્થામાં નિશાળમાં થયેલી બોલાચાલી યાદ લાવી પતિએ કઠણ હૃદયવાળા થઇને તેણીને તે નિર્જન સ્થાનમાં છોડી દીધી અને વહાણ હંકાર્યું. એવે વખતે સુંદરીને બદલે કોઇ જ્ઞાન રહિત સ્ત્રી હોત તો તેની શી ગતિ થાત ? તે વાંચનારે જ વિચારી લેવું. સુરસુંદરીએ તો જ્ઞાન મેળવ્યું હતું, શાસ્ત્રઅભ્યાસ કર્યો હતો, દેવ ગુરૂ ધર્મને વિષે દૃઢ હતી, અને નવકારમંત્રનો પ્રભાવ જાણ્યો હતો, તેથી તેને યોગે વનના રાક્ષસને વશ કરી પોતાનો પ્રાણ બચાવ્યો. વિષયાકુળ વ્યાપારીથી શિયળનું રક્ષણ કરી સમુદ્રપાર પામી. બેનાતટના રાજાને સંતોષ પમાડયો. પતિને મેળવ્યો, અને તેને પોતે કરેલા અયોગ્ય કાર્યને માટે શરમાવાનો વખત આવ્યો તથા પ્રાંતે ધર્મધ્યાન કરી પોતે તથા પતિ શુભ ગતિ ગામી થયાં. એ સર્વ કેળવણી–જ્ઞાન સંપાદન કરવાનો પ્રતાપ જાણવો.

ચંદનબાળા જો કે રાજપુત્રી હતી, તોપણ રાજ્ય પર આવી પડેલા સંકટથી પોતાને પિતાનું નગર છોડી અન્ય સ્થળે દાસી તરિકે વેચાવાનો વખત આવ્યો; ત્યાં પણ શેઠાણી દુષ્ટા હોવાથી તેણીએ બે ત્રણ દિવસના ઉપવાસ કરાવી પગમાં બેડી નાખી અને સ્ત્રીને લાયક ભૂષણનો ત્યાગ કરાવ્યો. એવા દુ:ખના સમયમાં ફક્ત અડદના બાકળા લઇને ખાવા બેઠેલી ત્યારે ભગવંત મહાવીરસ્વામીનો જોગ થયો. પોતાના અભિગ્રહમાંની એકાદ બાબત ઓછી હોવાથી ભગવંત પાછા વળ્યા. એવે સમયે તેણીએ રોતાં રોતાં પણ ભગવંતને પાછા બોલાવી બાકળા વહોરવાનો આગ્રહ કર્યો. ભગવંત અભિગ્રહ પૂર્ણ થયો જાણી પાછા ફર્યા,

બાકળા વહોર્યાં અને તેણીનાં મનોવાંચ્છિત પૂર્ણ થયાં. જો ચંદનબાળા જ્ઞાનવતી ન હોત તો એવી અવસ્થામાં ભગવંતને વહોરાવવાનો આગ્રહ કયાંથી કરત? અને તેનાં મનોવાંચ્છિત કયાંથી ફળત?

## (૧૧) જ્ઞાનનો પ્રભાવ.

સાધ્વી મૃગાવતી અજાણતાં જ પ્રભુના સમવસરણમાં વધારે વખત રહ્યાં હતાં. ઉપાશ્રયે આવ્યા પછી ગુરૂણીજીએ મોડા આવવાને માટે ઠપકો આપ્યો. તે સમયે તેઓએ પોતે સારી રીતે જ્ઞાન સંપાદન કરી વિનયગુણ મેળવ્યો હતો, તેથી શિખામણ દેનાર ગુરૂણીજી ઉપર ગુસ્સે ન થતાં પોતાની ભૂલને માટે પશ્ચાત્તાપ કરવા માંડયો અને તેમ કરતાં કેવળજ્ઞાન પ્રગટ થયું.

મયણાસુંદરીનું ચરિત્ર જ્ઞાનની જ પુષ્ટિ કરે છે. તેણીએ સકળ શાસ્ત્રનો અભ્યાસ કરી મેળવવા લાયક જ્ઞાન મેળવ્યું હતું, જેથી પિતાની અયોગ્ય તકરાર સામે વિનય પૂર્વક બાથ ભીડી. તેમ કરતાં પિતાએ રોગી શરીરવાળા શ્રીપાલ કુંવર વેરે તેને પરણાવી. તેણીએ તેથી પણ આનંદ માન્યો. તેવા રોગી પતિનો અસહ્ય રોગ પોતાના જ્ઞાનથી મટાડવાનો વખત આણ્યો, પિતાનું કુળ અજવાળ્યું, પતિનું કુળ પ્રસિદ્ધ કર્યું, અને પોતે મેળવેલા જ્ઞાનની બલિહારી કહેવરાવી. વળી જે દિવસે શ્રીપાળ દેશાટન કરી પોતાને ગામ પધાર્યા અને બહાર મુકામ કરી રાત્રે એકલા ઘેર જોવા આવ્યા તે સમયે મયણાસુંદરી સાસુને, તે દિવસે પૂજામાં ઉત્પન્ન થયેલા ભાવને લીધે પ્રાપ્ત થયેલા અપૂર્વ આનંદથી ઇષ્ટ જનનો યોગ આજેજ થવો જોઈએ, એવી વાત કરે છે. તે વાત સાંભળી શ્રીપાલ કુંવર અત્યંત ખુશી થયા, અને તરતજ ઘરમાં દાખલ થઇ સ્ત્રીનું વચન સત્ય કરી બતાવ્યું. જો મયણાસુંદરી

જ્ઞાનવતી ન હોત તો પૂજામાં તેને આવો ઉલ્લાસ પણ ક્યાંથી થાત? જ્ઞાનનાં ફળ તો અપૂર્વ છે.

દ્રોપદીએ સંપૂર્ણ રીતે જ્ઞાન સંપાદન કર્યું હતું, તો વિવાહ સમયે પણ પ્રભુની પૂજા કરવાના ભાવ ઉત્પન્ન થયા હતા; જે કાર્યથી સિદ્ધાંતમાં પણ તેના ગુણ ગવાયા. વળી વનમાં પતિની સાથે ફરી આનંદ માન્યો. દુર્યોધનની સભામાં પણ વસ્ત્રો ખેંચાતાં, દેવના પ્રભાવે નવાં વસ્ત્ર મેળવી શિયળવ્રતની સિદ્ધિ કરી બતાવી. એ સર્વે જ્ઞાનનો પ્રતાપ જાણવો. બીજી સ્ત્રીઓ એક પતિની પણ સેવા સંપૂર્ણપણે બજાવી શકતી નથી, પણ દ્રૌપદીએ તો પાંચ પતિની સેવા સંપૂર્ણ રીતે બજાવી છે.

આવાં સર્વ ચરિત્રો ઉપરથી સિદ્ધ થાય છે કે, જે જે સ્ત્રીઓ સતી રૂપે ગણાઈ છે, જે જે સ્ત્રીઓએ સત્કાર્યો કરી પોતાનાં નામ અમર કર્યાં છે, અને જે જે સ્ત્રીઓ ધર્મને વિષે દૃઢ રહી સદ્ગતિગામી થયેલ છે, તે સર્વે જ્ઞાનવંતી હતી, અને જ્ઞાનગુણને લીધેજ તેનામાં બીજા સર્વ ગુણો આવી રહ્યા હતા. ગૃહસ્થાશ્રમ પણ જ્ઞાનવાળી સ્ત્રીથી જ સારી રીતે ચાલે છે. એક વિદ્વાન ગ્રંથકારે લખ્યું છે કે:—સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે, તે જુઓ. છોકરાં ઉછેરવાં, કુટુંબના વડિલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘરધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સંભાળ રાખવી, ઘરમાં આવતાં જતાં માણસ આગળ ઘરનું નાક રાખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું, અને પતિ પ્રમુખ પૂજ્ય જનોનું દિલ પ્રસન્ન રહે તેમ ડહાપણથી ચાલવું. આટલું તો એક સામાન્ય સ્ત્રી કરે છે; અને તે સાથે લોકના બોલ સહન કરવા, ઘરમાં જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઇ જવી, પોતાના દુ:ખને ગણવું નહિં; મન અને પેટ બે મોટાં રાખવાં, એ બધું પણ સ્ત્રીને કરવું પડે

છે, અને તેટલું જો તે કરે તોજ તેને લાયક સ્ત્રી કહેવી. ગૃહસ્થાશ્રમમાં રહેનારી સ્ત્રીઓને માથે ઘરસંસાર સુખે ચલાવવામાં ઉપર કહી તેટલી ફરજો છે, અને એ સર્વે જો કેળવણી લીધી હોય તોજ ખરી રીતે બજાવી શકાય છે. કેળવણી લીધા વિનાની સ્ત્રીથી તેવી રીતે પોતાની ફરજો બજાવી શકાતી જ નથી અને તેથી તેનો ઘરસંસાર વગોવાય છે. જે દંપતીમાં જોઈએ તેવો પ્રેમ હોતો નથી, તેને ઘણી જાતનાં દુઃખ ઉત્પન્ન થાય છે. યુરોપના એક પ્રસિદ્ધ પુરૂષ નેપોલિયન બૉનાપાર્ટે તો દેશની સારી સ્થિતિ થવામાં પણ સ્ત્રી કેળવણી જ મુખ્ય ગણેલી છે. તે વિષે કહેવાય છે કે—

"કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન."

આ પ્રમાણે નેપોલિયને પોતાના ફ્રાન્સ દેશને ઉત્તમ બોધ આપેલો છે.

## (૧૨) વિદ્યાપ્રાપ્તિનું ફળ.

વિચાર કરતાં એ સર્વ વાત સત્યજ જણાય છે. આવી રીતે સ્ત્રી કેળવણી એ ઉત્તમ છે, તેની અવશ્ય જરૂર છે. આ ભવ સંબંધી સુખ પામવામાં અને પર ભવે સદ્ગતિ પામવા માટે સંસારમાં રહીને ધર્મસાધન કરવામાં પણ એજ મુખ્ય સાધન છે. પૂર્વે એ રીતિ હતી, શાસ્ત્રકાર એમાં સંમત છે, અને હાલના વિદ્વાનો પણ એથી ઘણા પ્રકારના ફાયદા માને છે.

હવે સંસાર ચલાવવામાં તથા સંસારીને ધર્મસાધન કરવામાં કેળવણી પામેલી સ્ત્રીથી કેટલી તરેહના ફાયદા છે, અને કેળવણી પામ્યા સિવાયની સ્ત્રીથી કેટલી તરેહના ગેરફાયદા છે, તે તપાસીએ.

સ્ત્રીઓની પહેલી અવસ્થા તે પુત્રીરૂપ અવસ્થા છે. તે અવસ્થામાં તેને કેળવણી લેવાની–વિદ્યા ભણવાની ખરેખરી જરૂરિયાત છે, કારણ કે બાલ્યાવસ્થા વીત્યા પછી જે અવસ્થા પ્રાપ્ત થવાની છે, તે અવસ્થા સુખરૂપ ગુજરે, તેવાં સાધનો વિદ્યા ભણ્યા વિના પ્રાપ્ત થતાં નથી. વિદ્યા બુદ્ધિને ખીલવે છે, અને તેથી જ બાળકીઓ સમજુ અને વિચારવાન થાય છે. ડહાપણ, સદ્‌ગુણ, વિવેક, વિચાર, ખરૂં–ખોટું સમજવાની બુદ્ધિ એ સર્વે વિદ્યાથીજ પ્રાપ્ત થાય છે. કલેશ–કંકાસને નાશ કરનાર, હેત–પ્રીતિને વધારનાર અને સર્વની સાથે યોગ્ય રીતે વર્ત્તવાનું શીખવનાર વિદ્યા જ છે. વિદ્યાથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. છોકરીઓને વિદ્યા ભણાવવી તે કાંઈ નોકરી કરાવવા માટે અથવા ગુજરાન ચલાવવાને વ્યાપાર કરાવવા માટે નથી, પરંતુ તેઓને ઉંચા પ્રકારની સમજશક્તિ પ્રાપ્ત કરાવવા માટે છે, જેથી તેઓ ઘરકામની આવડત, રસોઇ કરવાની રીત, ભરત–શીવણ, ખર્ચ–ખૂટણ ચલાવવાની કુશળતા, પત્ની તરિકેની પોતાની ફરજ, નમ્રતા, સભ્યતા, નીતિ, જ્ઞાન વગેરે સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે, અને સાથે દેવદર્શન, પ્રભુસ્તુતિ, પ્રતિક્રમણ વગેરે નિત્ય ધર્મકૃત્યો પણ સારી રીતે કરી શકે છે. અદબથી બેસવું, મર્યાદાથી બોલવું, થોડું ને ધીમે બોલવું, ખડખડ ન હસતાં સકારણે મંદ હાસ્ય કરવું, સૌની ઉપર દયાભાવ બતાવવો, માતાને ઘરકામમાં મદદ કરવી, વગેરે બાબતો ભણેલી બાળકીઓ સારી રીતે કરી શકે છે અને તેથી તેઓ સાસરીઆમાં પ્રશંસાપાત્ર થાય છે.

પણ વિદ્યા ભણ્યા વિનાની, વિદ્યા ઉપર પ્રીતિ વિનાની, અથવા વિદ્યા ભણવા નહિ જનારી બાળકીઓ ઉઘાડે શરીરે શેરીઓમાં–ધૂળમાં ઢીંગલાઢીંગલીની રમતો રમે છે, પાંચ સાત છોડીઓ ટોળે મળી કૂદે છે, નકામા ચાળાચેષ્ટા કરે છે, કૂટે

છે, બેઅદબી રાસડાઓ ગાય છે, નઠારાં ગીતો ગાતાં શીખે છે, અને એવી નાદાનીભરેલી રમતોમાં સઘળો વખત ગુજારે છે. કેટલુંએક ઘર કામ શીખે છે, તે પણ રીતસર ન હોવાથી તેમનાં કરેલાં કામો યોગ્ય હોતાં નથી. તેમનામાં સદ્‌ગુણોની ખામી હોય છે, જેથી સાસરામાં ભાર-બોજ પડતો નથી અને લઘુતાને પામે છે.

## (૧૩) અભણતાનું અનિષ્ટ પરિણામ.

ખરેખરી રીતે જોતાં ભણ્યા વિનાની દીકરીઓનો વખત નકામો જાય છે, અને જે રીતે હાલમાં તેઓ રમે છે, અને પોતાની બાલ્યાવસ્થા ગુજારે છે, તે રીતથી તેઓનાં મન ઉપર ઉલટી ખરાબ અસર થાય છે. ઘરનાં અને પારકાં માણસો સાથે વઢતાં, વાંધાવચકા પાડતાં અને નકામાં બેસી રહેતાં શીખે છે, અને એ સઘળા દુર્ગુણો મોટી ઉંમરે દુ:ખ રૂપ થઇ પડે છે. ઘેર કોઇ પરોણા અથવા પરાયા માણસ આવે તો તેની સાથે કેવી સભ્યતાથી વર્ત્તવું, અથવા કેવી નમ્ર રીતે બોલવું, તે સંબંધી અભણ છોડીઓને બીલકુલ ખબર પડતી નથી. તેથી કાં તો અજાણ્યા માણસ પાસે બોલ્યા ચાલ્યા વગર મુંગી બેસી રહે છે, અથવા તેઓના દેખતાં તોફાન, કજિયા-કંકાસ કરી ઘરનું પોગળ ખોલે છે. બાળપણામાં એવી જીંદગી ગુજારતાં કેટલીક કુટેવો પડી જાય છે. આગળ જતાં તે કુટેવો વધીને વ્યવહારમાં નિંદા થાય તેવાં કાર્યો કરાવે છે. મોટી ઉમરે નિર્લજ ફટાણાં ગાવામાં કેટલીક સ્ત્રીઓની બહુ ઉત્સુકતા દેખાય છે, તે આવી કુટેવોનાં ફળ સમજવાં. માટે પુત્રીરૂપ અવસ્થામાં જો વિદ્યા ભણાવવામાં વખત ગાળે તોજ તેની તે અવસ્થા લાયક રીતે પસાર કરી ગણાય. લખતાં-વાંચતાં શીખવું,

એનું નામ ભણ્યું અથવા કેળવણી લીધી ન ગણાય, પરંતુ નિશાળની રીતે લખવા વાંચવાનું જ્ઞાન મેળવી, જે ખરૂં ભણતર ભણવું જોઇએ તે એ કે વ્યવહારકુશળ અને નીતિવાન થવું જોઈએ. તે પ્રાપ્ત થાય તોજ કેળવણી લીધી કહેવાય. તેમ થાય તોજ રીતભાત સુધરે, મનઃશક્તિ વધે, સુઘડતા આવે, આવડત વધે અને સઘળાં કામો સહેલાઇથી કરવાની ટેવ પડે. ધર્મજ્ઞાન પણ એજ રસ્તે પ્રાપ્ત થાય છે. વિદ્યામાં પ્રવેશ કર્યા વિના ધર્મજ્ઞાનની કાંઈ સમજણ પડતી નથી, અને તેથી દહેરે, ઉપાશ્રયે કદાચ જાય, તોપણ ત્યાં કેવી રીતે વિનય સાચવવો, કેવી રીતે વંદન કરવું, કેવી રીતે સ્તુતિ કરવી, કેવી રીતે ક્રિયા કરવી, તે કાંઇ બરાબર આવડતું નથી. ઘેર મુનિ મહારાજ વહોરવા આવ્યા હોય તો તેમને કેવી રીતે વહોરાવવું ? તેમનો કેવી રીતે વિનય સાચવવો ? અથવા મુનિ મહારાજોને આહાર આપવાથી શો લાભ થાય છે ? તેની અભણ બાળિકાઓને કાંઈ ખબર હોતી નથી. વિદ્યા પ્રાપ્ત કરી હોય, તેને એ સર્વ વાતો સુગમ છે. વળી લાયક ઉમર થયે સાસરે જવાનું થાય છે, તો ત્યાં જઈ પોતાને શું કરવાનું છે ? પિયર અને સાસરામાં તથા દીકરી અને વહૂપણામાં કેટલો ફેર છે ? માબાપ અને સાસુ સસરામાં કેટલું અંતર છે ? સ્વામી પ્રત્યેનો પોતાનો શો ધર્મ છે ? એ સર્વ બાબતોની કેળવણી લીધા વિના જરા પણ ખરી સમજણ આવતી નથી.

## (૧૪) ખરી કેળવણીની જરૂર.

વડિલ અને પિતાની આજ્ઞા નહિ માનનારી કેટલીક સ્ત્રીઓ જોવામાં આવે છે, તે સર્વ પુત્રીરૂપ અવસ્થામાં કેળવણી ન લીધાનાં તથા ખોટી રમત ગમતમાં વખત ગુજાર્યાનાં ફળ છે. કોઈ કહેશે કે છોડીઓ બાળપણથી ભણવામાંજ વખત કાઢે તો

દળવું, વીણવું, ઝાટકવું, ઘર સાફસુફ રાખવું, રસોઈ કરવી એ વગેરે કામો કયારે શીખે ? તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે–ભણવામાં સઘળો વખત જતો નથી, અને તેથી બાકીના વખતમાં સર્વ કામ ખુશીથી શીખી શકાય છે, એટલુંજ નહિ પણ ભણેલી પુત્રીઓ તેવાં કામો સહેલાઈથી થોડા વખતમાં શીખી શકે છે, અને કરી પણ શકે છે. કારણ કે અભણ અને રઝળનારી છોડીઓ બેદરકારીથી કામ કરે છે, અને ભણેલી ઉપયોગ અને ખંત રાખી કરે છે. માટે કેળવણી લીધા વિના-વિદ્યા ભણ્યા વિના પુત્રીરૂપ અવસ્થામાં જે કર્ત્તવ્ય ખરૂં ભણવાનું, સમજવાનું કે શીખવાનું છે, તેમાંથી કંઈ પણ બનતું નથી; જેથી પાછલી અવસ્થામાં ઘર-સંસાર ચલાવવો તેમાં તથા ધર્મધ્યાન તથા આત્મસાધન કરવામાં પૂરેપૂરી ખામી આવે છે. તેથી પુત્રીરૂપ અવસ્થામાં વિદ્યા ભણવાન અને જુદા જુદા પ્રકારની કેળવણી લેવાની મુખ્ય ફરજ છે, અને તે ફરજ બજાવ્યાથીજ બાળાઓનો સંસાર સુખ રૂપ થશે, તેઓને આત્મસાધન સારી રીતે થશે અને તેઓ પર ભવે સદ્‌ગતિ પામશે.

ગૃહિણીરૂપ અથવા સ્ત્રીરૂપ અવસ્થા, એ સ્ત્રીઓની બીજી અવસ્થા સમજવી. સાસરે આવ્યા પછીથી તે પુત્રવતી થતાં સુધીના સમયનો એ અવસ્થામાં સમાવેશ થાય છે. એ અવસ્થાની શરૂઆતમાં સ્ત્રીઓને એક ઘર છોડી બીજે ઘેર જવાનું હોય છે, એટલે પિતાનું ઘર છોડી સાસરે જવાનું થાય છે. આ વખતે કેટલીક યુવતીઓ તોફાન કરે છે, અને મહા મહેનતે સાસરે જાય છે. એ સર્વ અવિદ્યાનાં ફળ સમજવાં. કારણ કે કેળવણી લીધી હોય તો સમજવામાં આવ્યુંજ હોય કે બાળાને લગ્ન થયા પછી પિતાનું ઘર છોડી, સાસરાને ઘેર જવું, અને તેને પોતાનું ઘર

સમજવું, એ તેની મુખ્ય ફરજ છે. અભણ સ્ત્રી આ ફરજ સમજતી નથી, અને તેથીજ તે સાસરે જતાં આડાઇ કરે છે. સાસરે ગયા પછી ત્યાં તેને નવાંજ માણસો સાથે પ્રસંગ પડે છે, અને નવાં માણસોમાં પોતાના પતિને કેવી રીતે માન આપવું, સાસુ–સસરાની કેવી રીતે મર્યાદા જાળવવી, દિયર, જેઠ તેની સ્ત્રીઓ અને નણંદ વગેરે બીજા કુટુંબીઓ સાથે કેવી રીતે મિલનસાર થવું, આ બાબતની સંપૂર્ણ માહિતી મેળવવી જોઇએ, અને તે કેળવણીથીજ સંપૂર્ણ મળી શકે. કેટલીક સ્ત્રીઓ તો પતીને શી રીતે માન આપવું ? તે જાણતીજ નથી. પતિમાં કાંઇ દોષ હોય, કાંઇ ખામી હોય તો તેથી તેની ઉપર જોઇએ તેવી પ્રીતિ રાખતી નથી, પરંતુ આવે વખતે તેણે સમજવું જોઇએ કે, પતિવ્રતાપણું એજ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે. જેની સાથે લગ્નસંબંધ થયો હોય, તે પતિની સાથે નિર્મળ પ્રીતિ રાખી, તેની ઇચ્છા પ્રમાણે વર્તવું, એ તેની ફરજ છે.

## (૧૫) ભણેલ અભણની સરખામણી.

લગ્ન થયા પછી વર ગમે તેવો હોય તો પણ મયણાસુંદરીની પેઠે તેની ઉપરથી પ્રીતિ ખસેડવી જોઈએજ નહિ. નીતિ વિરૂદ્ધ ચાલવાથી ઘરસંસાર બગડે છે, પાપ બંધાય છે, ભવાડા થાય છે, અને બીજાં ઘણાં નુકશાન ભોગવવાં પડે છે. સત્યવડેજ પ્રીતિ ટકે છે, અને જ્યાં સુધી પ્રીતિની ગાંઠ હોય ત્યાં સુધીજ સંસાર સુખે ચાલે છે. તે ત્રૂટયા પછી તો કલેશ, કંકાસ, વૈરભાવ, ચીઢિયાપણું, ક્રોધ વગેરે પ્રવેશ કરે છે, અને તેથી ઘણાં પાપના ભોક્તા થવું પડે છે. પતિપ્રેમમાં ખામી પડવાથી જે સંસાર નિર્મળ ગૃહસ્થાશ્રમ પાળી પુણ્ય ઉપાર્જન કરવા માટે છે, તે પાપમય થાય છે. કુસંપ તો ઘરમાં રાજ્ય કરે છે, અને તેથી જગતમાં

આંગળીચીંધણાં થાય છે એટલુંજ નહિ, પરંતુ ઉગતો ઘરસંસાર મૂળમાંથીજ કોહોવાવા માંડે છે. કદાપિ ધણી અણસમજુ કે દોષવાળો હોય તો તેના ઉપર કંટાળો ન આણતાં તેને સુધારવા પ્રયત્ન કરવો અને બનતી રીતે ધર્મસાધન કરવું જેથી સ્વયમેવ કલ્યાણ થાય. વળી એમ વિચારવું કે, માણસ માત્ર સંપૂર્ણ રૂપગુણવાળા નથી, તો ટુંકા જીવતરને માટે પોતાની ફરજ ચૂકી શરીર, મન બગાડવાં અને ધર્મનું ઉલ્લંઘન કરવું એ શા માટે? એવું હોય ત્યારે નીતિના, વિદ્યાના અને જ્ઞાનના દિલાસાવડે માર્ગ વિરૂધ્ધ થનારા મનને અંકુશમાં રાખવું કારણ કે નીતિ અથવા ધર્મ વિરૂધ્ધ વર્ત્તવાથી લોકમાં ફિટકાર મળે છે, અને પર ભવે નીચ ગતિ પ્રાપ્ત થાય છે. પતિમાં કાંઇ ખામી જણાય ત્યારે આવા વિચાર કરી તેની ઉપર દૃઢ પ્રીતિવાળા થવું, એ કુલીન સ્ત્રીઓની ફરજ છે; પરંતુ અભણ સ્ત્રીઓ આવો સ્ત્રીધર્મ સમજતી નથી, અને તેથી એવો કોઇ પ્રસંગ આવે છે, ત્યારે તેઓનો ઘરસંસાર પ્રથમથીજ બગડે છે, એટલુંજ નાહ પણ તે સ્ત્રી મનુષ્યભવમાં જે ફરજ બજાવવાને-જે ધર્માચરણ પાળી સુગતિગામી થવાને અવતરી હતી, તે પ્રમાણે ન થતાં તેનો આખો જન્મારો પાપકારી કાર્યોમાં અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં પૂરો થાય છે. જો સ્વભાવથીજ કોઈ ડાહી હોય, અથવા ભલા માબાપને ઘેર ઉછરેલી હોય તો પોતાનો સંસાર ડહાપણથી ચલાવવા મથે છે, પરંતુ એનાથી કેળવણીથી થતા લાભ મેળવી શકાતા નથી. જુદા જુદા સ્વભાવ, જુદી જુદી ગતિ અને નીતિજ્ઞાનનાં તથા ધર્મજ્ઞાનનાં પુસ્તકોથી માણસની સ્થિતિ, સ્વભાવમાં ફેર પડે છે, પણ અભણ સ્ત્રીને કોનો સંગ કરવો, તેની ખબર પડતી નથી. શું વાંચવું, તેની ખબર હોતી નથી અને થોડો ઘણો વખત ગાડરિયા પ્રવાહની પેઠે ઉપાશ્રય વગેરેમાં જાય છે તો તેથી પણ મળવો જોઇતો લાભ મળી શકતો નથી.

સાસરે રહેતાં શીખ્યા પછી પતિ સિવાય સાસરાના ઘરનાં બીજાં માણસો સાથે પ્રસંગ પડે છે. આમાં પણ કેટલીએક અભણ, નિંદાખોર સાસુ નણંદો હોય છે, તો તે આવનારી વહૂઓને મ્હેણાં મારી તેની ઉપર હુકમ ચલાવી તેમને ઘણી રીતે કનેડે છે. અભણ વહૂ આ સઘળું સહન કરી શકતી નથી અને તે પોતાની સહીપણીઓ, પાડોસણો આગળ જઈ ઘરનું દુઃખ રડે છે, અને તેઓ પણ અભણ હોવાથી સાચો માર્ગ ન બતાવતાં ઉલટી શીખામણ આપી સાસુ નણંદ સાથે વઢવાનું શીખવે છે. આમ તેનું ઘર ચગડોળે ચડે છે અને નિરંતર કલેશ–કંકાસ કરી પાપ ઉપાર્જન કરે છે. ભણેલી એ બધું સહન કરી સામા માણસોને ધીમે ધીમે સુધારી પોતાના ઘરને અમૂલ્ય સુખરૂપ બનાવે છે, અને પાપથી બચે છે.

## (૧૬) ભણેલ–અભણની સરખામણી.

સૂવાનો વખત એજ સ્ત્રીઓને વરની સાથે વાતચીત કરવાનો અથવા સુખ ભોગવવાનો વખત હોય છે. આપણા રિવાજ પ્રમાણે એ સિવાય બીજે વખતે સ્ત્રી પુરૂષથી વાતચીત થઈ શકતી નથી, અને તેથી દંપતિનાં સુખનો એટલો એજ વખત ગણાય છે. પણ એમાંએ સુખ ક્યાંથી ? અભણ સ્ત્રી એ વખતે આખા દિવસના કંકાસનો ઈતિહાસ, મનના દુષ્ટ ઉભરા વરની આગળ કાઢવા માંડે છે, અને પરિશ્રમથી કંટાળેલા પતિને વિશ્રામને બદલે વધારે કંટાળો આપે છે. અને

वरं पर्वतदुर्गेषु, भ्रांतं वनचरैः सह;
न मूर्खजनसंपर्कः, सुरेंद्रभवनेष्वपि ।

એ શ્લોકનું ભાન કરાવે છે. પતિ જો કાંઈ સહનશીલતા-

વાળો હોય છે, તો એ સઘળું સાંભળ્યું ન સાંભળ્યું કરી તેની ઉપર વિસ્મૃતિનો પડદો નાખે છે, અને તેમ ન હોય તો વળી ત્યાં નવો જ રંગ નીકળે છે. ભણેલ દંપતી હોય ત્યાં આવું કાંઈ પણ બનતું નથી. તેઓ આવી વાત જ્યાં થઈ હોય ત્યાં જ દાટી દે છે. આ સમયે તો તેને સંભારતાં જ નથી અને પ્રેમ ચર્ચા, જ્ઞાનચર્ચા, કે ધર્મચર્ચાનો વિનોદ કરે છે, એટલું જ નહિ પણ વગરકહ્યે એકબીજાનું એવું ખરૂં દુઃખ જાણવામાં આવ્યું હોય છે, તો તે વિષે ધીરજ આપી શાંતિનું પોષણ કરવામાં આવે છે.

વર્ષ થતાં જાય છે તેમ યુવાન સ્ત્રી, સસરાના પાડોશની, સગાંવહાલાંની અથવા બીજી ઓળખાણવાળી સ્ત્રીઓના પ્રસંગમાં આવવાની છૂટ મેળવતી જાય છે. તેમાં અભણ સ્ત્રીઓ કોઈના ઘરની, કોઈના નવા સાસરે રહેવાની, કોઈની ખોટી નિંદા–પ્રશંશાની, કોઇના દુરાચારની, કોઇના ઘરેણાંની, કોઈના સુખની, કોઈને ગર્ભ રહ્યાની એવી એવી વાતો કરે છે, અને તેનું પરિણામ એ આવે છે કે, એમાંથી ઘણી સ્ત્રીઓ બગડે છે. પોતાના પતિ પ્રત્યેની પોતાની ફરજનું ઉલ્લંઘન કરે છે, અને પોતાનો ધર્મ તદ્દન ચૂકી જાય છે. ભણેલી સ્ત્રી સારી સંગતિ શોધે છે, વ્યાખ્યાન, રાસ વગેરે કાંઈ ધર્મપુસ્તકો વંચાતાં હોય તો ત્યાં સાંભળવા જાય છે; તેવો પ્રસંગ ન હોય તો પોતે સારાં સારાં પુસ્તકો વાંચે છે અને પોતાને લાભ થાય તેવી સ્ત્રીઓની સાથે બેસે છે, એટલુંજ નહિ પણ પોતામાં પ્રૌઢ જ્ઞાન હોય તો પોતાની સંગતમાં આવતી અભણ સ્ત્રીઓને ઉલટી સુધારે છે.

કામકાજ કરવામાં સાસુ વગેરે બે વચન કહે તો તે સાંભળવાં, સહન કરવાં, અને તેમાંથી ગુણ ગ્રહણ કરવો. " વહુએ ઘરનો ભાર ઉઠાવી લીધો " એવું નવી આવનારી સ્ત્રીએ જલદી

કહેવરાવવું જોઇએ; કારણ કે ઘરકામમાં વિશેષ ધ્યાન આપવું એ તેની ફરજ છે. જેમ પુરૂષ બહારનાં કામકાજ કરે છે, તેમ સ્ત્રીએ ઘરનાં કામકાજમાં ચપળતા તથા હુશિયારી બતાવી યશ મેળવવો અને પતિની આવક પ્રમાણે ખર્ચ ચલાવવો, એ તેની ફરજ છે. ઘરની વસ્તુઓની ગોઠવણ, દેખરેખ, સ્વચ્છતા એ સર્વ એવી રીતે થવું જોઇએ કે, પરાયાં માણસો ઘર જોઈ પ્રશંસા કરે. યુવતી સ્ત્રીઓ અભણ હોવાને લીધે પોતાની આ ફરજ સમજતી નથી, તેથી ઘરકામમાં જે કાળજી રાખવી જોઇએ તે રખાતી નથી અને નકામી કુથલી કરવામાં વખત કાઢે છે અને પછી તો એવી ટેવજ પડી જાય છે.

## (૧૭) ભણેલ–અભણની સરખામણી.

એવી ટેવ પડયા પછી તો ઘરકામ ભારે થઈ પડે છે, અને ઘરને ઘોલકું બનાવી દે છે. ભણેલી અને અભણ, ચપળ અને આળસુ, ડાહી અને મૂર્ખ સ્ત્રીઓના આવા નમુના સ્થળે સ્થળે જોવામાં આવે છે. આપણી કોમમાં સ્ત્રીકેળવણીનો અભાવ વિશેષ હોવાથી ઘણાં દૃષ્ટાંત ઉત્તમ ગૃહને બદલે કલેશમય ગૃહનાં છે. આ તો સિદ્ધાંત છે કે અભણ સ્ત્રીઓથી ધર્મવ્યવહાર બરાબર જળવાતો જ નથી, અને તેથી પોતાનો પરમ ધર્મ પાળવામાં સંપૂર્ણ ખામી આવે છે; કારણ કે પાણી કેમ ગળવું? ભોજન દોષ રહિતપણે કેવી રીતે નિષ્પન્ન કરવું ? અનાજ, કઠોળ કેવી રીતે સંઘરવા? અથાણાં વગેરેને કેવી રીતે જાળવવાં? ચંદરવા કયાં કયાં બાંધવા? વગેરે હકિકત અભણ સ્ત્રી જાણતી નથી, તેથી વારંવાર અભણ સ્ત્રીથી હિંસા વગેરેનાં કાર્યો થઇ જાય છે અને શ્રાવકધર્મનું પણ ઉલ્લંઘન થાય છે. શ્રાવકધર્મ શો રીતે જળવાય ? એ ભણ્યા વગર ખબર પણ કયાંથી

પડે ? અહા, અભણ સ્ત્રીથી આ કેવો મોટો દોષ થાય છે ? કારણ કે તે એકલી દોષિલી થાય છે એમ નહિ, પણ ઘરનાં માણસો પણ તેની અજ્ઞાનક્રિયાથી દોષવાળી વસ્તુના ભોક્તા થાય છે અને અનર્થદંડે દંડાય છે. સ્ત્રીઓને વળી લુગડાં ઘરેણાંનો ઘણો કોડ હોય છે. તેઓને નવાં નવાં લુગડાં ઘરેણાં પહેરવાની વારંવાર ઈચ્છા થાય છે. જો પોતે વિદ્વાન અથવા ગુણવાન હોય તો સમજે કે સ્ત્રીઓને શિયળગુણ વગેરે પરમ આભૂષણ છે; પરંતુ વિદ્યાની ખામી હોવાને લીધે તેવી સ્ત્રીઓ આડોશીપાડોશીનાં અથવા જ્ઞાતિની સ્ત્રીઓનાં એવાં લુગડાંઘરેણાં જોઈ, પોતાને પણ તેવાં કરાવી આપવાની પતિ પાસે જીદ કરે છે. જીદ કરે છે એટલુંજ નહિ પણ પતિની સ્થિતિનો કાંઇ પણ વિચાર કર્યા વગર કંકાસ કરી તેવી વસ્તુઓ મેળવે ત્યારેજ શાંત રહે છે, અને પતિને પોતાના બેવકુફીભરેલા વિચારથી પરાણે કરજના બોજામાં ઉતારે છે. જે સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં સુખરૂપ થઈ પડવી જોઇએ, તે અભણ હોવાથી ઉલટી આમ દુઃખરૂપ થઈ પડે છે. આથી ગૃહવ્યવહાર વધારે ખારો થતો જાય છે.

યુવાન સ્ત્રીઓ લગ્નાદિ પ્રસંગે ગીત ગાવામાં મોટો લ્હાવો સમજે છે. આમાં પણ સમજુ ને અણસમજુ સ્ત્રીઓ ડાહ્યા માણસને જુદા જુદા અનુભવ કરાવી વિદ્યા અવિદ્યાનાં ફળ પ્રત્યક્ષ બતાવી આપે છે. જે સમયે હર્ષનાં અને માંગલિક ગીત ગાવાં જોઇએ, તેજ સમયે અભણ સ્ત્રીઓ નિર્લજ ફટાણાં–કનિષ્ટતા બતાવનારાં ગીત ગાય છે, અને મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ બંધ ઉપાર્જન કરે છે. પોતાને ઉત્તમ કહેવરાવનારા નિર્લજ પુરૂષો આ સાંભળી રહે છે. આ કેવી શોકજનક વાત છે ? આ સર્વ અજ્ઞાનતાનાં જ ફળ છે. જૈનોમાં પુરૂષવર્ગમાં પણ જ્ઞાનની ખામી છે તેથીજ આવા નિંદ્ય રિવાજ ટકી રહ્યા છે, નહિ તો પુરૂષની

નજર આગળ બનતા આવા અઘટિત બનાવો કેમ ટકી રહે ? ભણેલી સ્ત્રી કોઈ ઠેકાણે કોઈ વખત નજરે પડી હશે તો વાંચનાર! તેં તેનો અનુભવ જોયો હશે. એમાં વધારે વિવેચનની જરૂર નથી. આશ્ચર્ય માત્ર એટલુંજ છે કે, વિદ્યા–અવિદ્યાનાં આવાં પ્રત્યક્ષ ફળ દેખાયા છતાં પણ બાળકીઓને ઉંચાં પ્રકારનું નીતિજ્ઞાન–ધર્મને પણ પુષ્ટિ આપે તેવું જ્ઞાન આપવાની બાબતમાં જૈન માબાપોનાં હૃદય કોણ જાણે કેમ ખુલતાં નથી ?

## (૧૮) ધર્મપત્નીની પવિત્ર ફરજ.

સાસરે રહ્યાને બે ત્રણ વર્ષ થયાં અને સંતતિ ન થઈ, તો તુરત અભણ યુવતી મુંઝાવા માંડે છે. જાણે પુત્ર–પુત્રી થવાથી જ મનુષ્યભવની સફળતા હોય, જાણે તેથી જ સઘળા પ્રકારનું સુખ મળવાનું હોય, જાણે થોડા વખતમાં ગર્ભ ન રહ્યો, તો વાંઝણી જ રહી ગઈ, એમ ધારી તે સ્ત્રી ઝુરવાજ માંડે છે. જોશી અને હાથ જોનારાને શોધે છે. ગોરજી અને ભુવાઓ પાસે દોરાધાગા કરાવે છે. અજ્ઞાન સુયાણીઓ પાસે આંટાફેરા ખાય છે. ધુતારા બ્રાહ્મણોના કહેવાથી ગ્રહજાપ કરાવે છે. એવાં એવાં અયોગ્ય કાર્યો અને વહેમી વ્રતો કરી પતિના પૈસા અને પોતાનો ધર્મ ગુમાવે છે. ભણેલી સ્ત્રી 'સર્વ વાત કર્મને વશ છે' એમ જાણી ઘણા વખત સુધી સંતોષ રાખે છે, અને વખતે સંતોષ ત્રૂટવા જેવો વખત આવે છે, તોપણ ધર્મક્રિયા કરી તેથી જ ફળપ્રાપ્તિની આશા રાખે છે. ભણેલ અને અભણના આમ પરસ્પર વિલક્ષણ પુણ્ય–પાપમય માર્ગો છે.

ઘરકામથી ફારેગ થયા પછી બની શકે તો પતિના જે કામમાં ઘેર રહી મદદ થતી હોય, તે કામમાં મદદ કરવી, એ સ્ત્રીની ફરજ છે. એ સિવાય સ્વામીનાં સર્વ વચન પાળવાં,

સ્વામી પહેલા ઊઠવું, તેની સેવા કરવી, તેનાં પૂજ્ય માતા-પિતાને પોતાનાં માતાપિતા સમાન ગણવાં, તેના મિત્રને પોતાના ભાઇ સમાન ગણવા, તેના શત્રુને શત્રુ સમાન જાણવા, તેની સાથે ધર્મયુક્ત વર્ત્તવું, એ વગેરે સ્ત્રી-કર્ત્તવ્યધર્મ અભણ સ્ત્રીઓ ક્યાંથી સમજે ? કહ્યું છે કે,—

कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा;
धर्मे सहाय्या क्षमया धरित्री, षड्गुणयुक्ता त्विह धर्मपत्नी.

વિચાર કરવામાં પ્રધાનની પેઠે ઉત્તમ સલાહ આપે, કામ કરતી વખતે દાસીની પેઠે કામ કરે, ભોજનને વિષે માતાના જેવો અપ્રતિમ સ્નેહ રાખે, શયનસ્થાનમાં રંભા જેવી સૌંદર્યતા બતાવે, ધર્મકાર્ય કરવાને વિષે સહાય કરે, અને પૃથ્વીની પેઠે સર્વ સુખ દુઃખ સહન કરે, એ છ ગુણ ધરનારી સ્ત્રી ધર્મપત્ની કહેવાય. કેળવણી વિનાની સ્ત્રીમાં આમાંનો એક પણ ગુણ ક્યાંથી હોય ? આ મનુષ્યજન્મ ફરી ફરી પ્રાપ્ત થતો નથી, તેથી દરેક માણસે મહા મહેનતે પ્રાપ્ત થયેલા મનુષ્યજન્મમાં બની શકે તેટલાં ધર્મકાર્યો કરી સંસારનો પાર પમાય તેવા ઉપાય યોજવા, એજ મનુષ્યભવ પામ્યાની સાર્થકતા છે. આવા ઉપાયમાં મુખ્ય ઉપાય તો ખરેખરા વૈરાગ્યથી સંસાર છોડી ચારિત્ર ગ્રહણ કરવું તે છે. પણ તે જેનાથી નથી બની શકતું તેને માટે જિનેશ્વર ભગવંતે બાર વ્રત રૂપ ગૃહસ્થધર્મ બતાવ્યો છે. ચારિત્ર-માર્ગે વહેલી સિદ્ધિ થાય છે, તેમ ગૃહસ્થ-ધર્મવડે પણ મોડી સિદ્ધિ થાય છે, પણ બન્ને મોક્ષસાધનના ઉપાય છે. આમાંના બીજા પ્રકારમાં-એટલે ગૃહસ્થમાર્ગમાં આપણે છીએ. એ માર્ગમાં સારી રીતે ચાલવા માટે સ્ત્રીને સહાયભૂત ગણેલી છે, અને એવી રીતે સહાયભૂત થનારી સ્ત્રીજ ધર્મપત્ની કહેવાય છે. એ ધર્મપત્નીમાં

ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણેના ગુણ અવશ્ય જોઇએ, પરંતુ એ સર્વ ગુણ તો જ્ઞાન (કેળવણી)ના આશ્રિત છે અને એવી ખરી કેળવણી વિના એવા ગુણોની પ્રાપ્તિ થતી જ નથી. અને જ્યારે એ ગુણો હોતા નથી ત્યારે જે કારણને માટે અને વ્યાવહારિક સુખને સારૂ સ્ત્રીની સંગતિ કરવામાં આવે છે, તે કારણ ન બનતાં પશુ જેવો સંસાર થાય છે અને ધર્મપત્નીતે કર્મપત્નીનો અર્થ સારે છે. આ ઉપરથી સ્ત્રી કેળવણીની કેટલી બધી અનિવાર્ય આવશ્યકતા છે,તે તેથી નીપજતાં સુંદર પરિણામનો શાન્તિથી વિચાર કરી જોતાં સહેજે સમજી શકાય છે. સ્ત્રી કેળવણી વડે વ્યવહારકુશળતા મેળવી સુશીલ બહેનોએ સમકિતમૂળ શ્રાવકધર્મની પ્રાપ્તિ માટે ઉત્તમ એકવીશ ગુણો મેળવી લેવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.

## (૧૯) શ્રાવકના ૨૧ ગુણ.

### ચોપાઇ.

સદ્ગુરૂ કહે નિસુણો ભવિ લોક, ધર્મ વિના ભવ હોયે ફોક;
ગુણ વિણ ધર્મ કીધો પણ તથા, આંક વિના મીંડાં હોય યથા. ૧
ધર્મરત્ન ને તેહજ યોગ, જેહને અંગે ગુણ આભોગ;
શ્રાવકના ગુણ તે એકવીશ, સૂત્રે ભાખ્યા શ્રી જગદીશ. ૨
પહેલે ગુણે છલ-છળિયો ન હોય, બીજે ઇંદ્રિયપટુતા જોય;
ત્રીજે સૌમ્યસ્વભાવી જાણ, ચોથે લોકપ્રિય શુભ વાણ. ૩
ચિત્તસંક્લેશ તજે પાંચમે, છટ્ઠે અપજશથી વિરમે;
પરને વંચક નહિ સાતમે, દાક્ષિણવંત હોયે આઠમે. ૪
લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારી દશમે લહ્યો;
એકાદશમે હોયે મધ્યસ્થ, દ્વાદશમે ગુણરાગી પ્રશસ્ત. ૫
ધર્મકથા-વલ્લભ તેરમે, શુભ પરિવાર સહિત ચોદમે;
ઉત્તર કાલે નિજ હિતકાર, કરે કાજ પન્નરમે વિચાર. ૬

પોડશમે ગુણ દોષ વિશેષ, જાણે નિજ પર સમોવડ લેખ;
સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સત્તરમે સેવે તે સિદ્ધ. ૭
અડદશમે ગુણવંત મહંત, તેહનો વિનય કરે મન ખંત;
ન વિસારે કીધો ઉપકાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર. ૮
ગીતારથ સાથે પર અર્થ, વીશમા ગુણનો ધારો અર્થ;
ધર્મ—કાર્ય કરવો હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ. ૯
એ માંહેલા ઓગણીશ વિરહિતિ, શ્રાવક-ધર્મની નહિ પ્રતિપત્તિ;
ચોથા ચોદશમા ગુણ વિના, અંગીકર્યો પણ હારે જના. ૧૦
તે માટે ગુણ અંગે ધરો, જેમ શ્રાવકપણું સૂધું વરો;
પંડિત શાન્તિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગદીશ. ૧૧

## (૨૦) શ્રાવકના ૨૧ ગુણોનો આદર્શ.

દુર્ગતિમાં પડનાર પ્રાણીઓને (પડતાં) ધરી રાખે, અને શુભ ગતિમાં પહોંચાડે તે ધર્મ. આ ધર્મ વગર માનવભવ નકામો જાય છે, તો આવા ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરવા માટે યોગ્યતા પ્રથમ હોવી જોઈએ. તે યોગ્યતા એકવીશ ગુણો મેળવવાથી પ્રાપ્ત થાય છે. ધર્મની ઈચ્છા કર્યા પહેલાં આ એકવીશ ગુણો બરાબર પ્રાપ્ત કરવા જોઈએ. જેમ એકડા વગરનાં ગમે તેટલાં મીંડાં હોય તો તેની કિંમત કાંઈ પણ નથી, તેમ અમુક ગુણો પ્રાપ્ત કર્યા વગર ધર્મ પમાતો નથી.

આ અનાદિઅનંત સંસારસમુદ્રમાં ભ્રમણ કરનાર જીવોને પ્રથમ તો મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ કુળજાતિ, સુરૂપ, આયુષ્ય અને સાંગોપાંગ પંચેંદ્રિય આદિ સર્વ સામગ્રી મળવી દુર્લભ છે; તે સાથે સર્વ અનર્થનો હરનાર સદ્ધર્મ—

જિનધર્મ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે. જેમ પુણ્યહીન જીવને ચિંતામણિ-રત્ન પ્રાપ્ત થવું મુશ્કેલ છે, તેમ પાત્રતા વગર જીવને સર્વજ્ઞભાષિત સદ્ધર્મ મળવો દુર્લભ છે. તેથી જે ઉત્તમ સામગ્રી આ મનુષ્યભવમાં મળેલી છે, તેનો સંપૂર્ણ લાભ લેવા વિવેકબુદ્ધિ વાપરી ભવ્ય જીવોએ પોતાનામાં ધર્મની યોગ્યતા ઉત્પન્ન કરવાની જરૂર છે. જો પ્રથમથી યોગ્યતા ઉત્પન્ન નહિ કરાય તો ધર્મની પ્રાપ્તિ થઈ શકશે નહિ. જેમ કસ વગરની અયોગ્ય ભૂમીમાં બીજ વાવવાથી તે નિષ્ફળ જાય છે, અને પાયો મજબુત કર્યા વિના કોઈ મહેલ બનાવવા ધારે તો તે મહેલ બરાબર ટકી શકે તેવો મજબુત થઇ શકતો નથી, તેમ યોગ્યતા વિના જીવને સદ્ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી.

જેમ ચિંતામણિરત્ન ભાગ્યહીન જીવને મળવું મુશ્કેલ છે તેમ અક્ષુદ્રતા, ગંભીરતા આદિ ઉત્તમ ૨૧ ગુણ રહિત જીવને પણ ધર્મ મહારત્ન સાંપડવું ઘણુંજ મુશ્કેલ છે. ઉક્ત એકવીશ ગુણ-યુક્ત જીવને જિનમતમાં ધર્મરત્નને યોગ્ય કહેલો છે, માટે જેનામાં એ ગુણો ન હોય યા ઓછા પ્રમાણમાં હોય તેમણે તે મેળવી લેવા જરૂર પ્રથમ પ્રયત્ન કરવો ઘટે છે. તે સદ્ગુણોનાં નામ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ અક્ષુદ્ર. | ૮ સુદાક્ષિણ્ય. | ૧૫ દીર્ઘદર્શી. |
| ૨ રૂપનિધિ. | ૯ લજ્જાળુ. | ૧૬ વિશેષજ્ઞ. |
| ૩ સૌમ્ય. | ૧૦ દયાળુ. | ૧૭ વૃદ્ધાનુગામી. |
| ૪ જનપ્રિય. | ૧૧ સમદૃષ્ટિ-મધ્યસ્થ. | ૧૮ વિનયવંત. |
| ૫ અક્રૂર. | ૧૨ ગુણાનુરાગી. | ૧૯ કૃતજ્ઞ. |
| ૬ પાપભીરૂ. | ૧૩ સતકથ. | ૨૦ પરહિતકારી. |
| ૭ અશઠ. | ૧૪ સુપક્ષી. | ૨૧ લબ્ધલક્ષ. |

આ એકવીશ ગુણોની ટુંકી વ્યાખ્યા આ પછીના ૨૧ માં વર્ણનમાં આપેલી છે, તેમજ તેનું વિશેષ વર્ણન શ્રાવકકલ્પતરૂ વગેરેમાં આપેલું છે. વિશેષઅર્થીએ તેમાંથી જોઈ લેવું.

---

## (૨૧) શ્રાવકના ૨૧ ગુણોનું ટુંકું વર્ણન.

૧ અક્ષુદ્ર—ગંભીર ( ઉછાંછળી પ્રકૃતિ વગરનો ), સૂક્ષ્મ બુદ્ધિવાળો, છળ-કપટ વગરનો, મ્હોટા મનવાળો; આવા ગુણોવાળો આત્મા સ્વ-પરને ઉપકાર કરી શકે છે.

૨ રૂપનિધિ—પ્રશસ્ત રૂપવાળો, સંપૂર્ણ અંગોપાંગવાળો, ઇંદ્રિયોથી સુંદર દેખાતો, મજબુત બાંધાનો; આવા ગુણવાળો આત્મા તપ, સંયમાદિ અનુષ્ઠાન સુખે કરી શકે છે.

૩ સૌમ્ય—સ્વભાવેજ પાપ દોષરહિત, શીતળ સ્વભાવવાળો; આવા ગુણવાળો આત્મા સ્વ-પરને શાંતિ આપે છે અને પ્રાયઃ પાપથી ભરેલાં કાર્યોમાં પ્રવર્ત્તતો નથી.

૪ જનપ્રિય-હંમેશાં સદાચારને સેવનાર આત્મા. આવા ગુણવાળો આત્મા દાન, શિયળ, તપ, વિનયયુક્ત અને આ લોક પરલોક વિરૂદ્ધ કાર્યથી વિમુખ હોઈ લોકોને પ્રિય થઇ પડે છે.

૫ અક્રૂર—ઘાતકી કૃત્યોથી ડરી પાછો હઠનાર, નિષ્ઠુરતા-વડે જેનું મન મલિન નથી થયું એવો, કિલષ્ટ પરિણામ વિનાનો, ક્રૂર નહિ એવો, પ્રસન્ન ચિત્તયુક્ત શાંત આત્મા; આવા ગુણ-વાળો સ્વ-પરને શાંતિનો અનુભવ કરાવે છે.

૬ પાપભીરૂ-પાપ લાગવાના ભયથી ડરનારો, પાપરહિત કાર્ય-માંજ પ્રવૃત્તિ રાખનારો, ઉભયલોક વિરૂદ્ધ દુષ્કૃત્યોથી દૂર રહેનાર, પાપ અને અપયશના કલંકથી ડરનારો; આવા ગુણવાળો વિચાર-પૂર્વક વર્ત્તનાર હોવાથી બીજાને દૃષ્ટાંતરૂપ બને છે.

૭ અશઠ—છળ પ્રપંચથી બીજાને નહિ ઠગનાર, લુચ્ચાઈ વગરનો, કંજુસાઈ વગરનો, ઉદાર મનનો; આવા ગુણવાળો વિશ્વાસપાત્ર અને પ્રશંસાયુક્ત બને છે. તે પરનું કલ્યાણ કરી શકે છે.

૮ સુદાક્ષિણ્ય—ઉચિત પ્રાર્થનાનો ભંગ નહિ કરનારો, સમયઉચિત વર્તીને સામાનું મન પ્રસન્ન કરનારો, પોતાનું કાર્ય પડયું મૂકીને પણ બીજાના હિતકાર્યમાં પ્રવૃત્તિ રાખનારો; આવા ગુણવાળો પરને ધર્મમાર્ગે દોરી શકે છે, અને તેનાં વચનો પ્રમાણભૂત હોવાથી સર્વ કોઈ માન્ય રાખે છે.

૯ લજ્જાળું—લજ્જા–મર્યાદાશીળ; આવા ગુણવાળો નાનામાં નાના અકાર્યથી પણ દૂર રહી સદાચાર આચરે છે, અને સ્વીકારેલ વાતમાં દૃઢ રહેનારો હોય છે, તેથી તેની છાપ બીજાઓના હૃદય ઉપર પડે છે.

૧૦ દયાળુ—સર્વ પ્રાણી ઉપર અનુકંપા રાખનાર, કરૂણાવંત; આવા ગુણથી આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

૧૧ સમદૃષ્ટિ—મધ્યસ્થ–સમભાવી–રાગ દ્વેષરહિત નિષ્પક્ષપાતપણે વસ્તુતત્ત્વને યથાર્થ રીતે ઓળખી મધ્યસ્થતાથી દોષોને દૂર કરનાર; આવા ગુણવાળો આત્મા સદ્ધર્મ વિવેકબુદ્ધિથી વિચારી શકે છે, અને દોષોને તજી શકે છે.

૧૨ ગુણાનુરાગી—સદ્ગુણોનો પક્ષી; આવા ગુણવાળો ગુણી જનોનું બહુમાન કરે છે, નિર્ગુણી જનોની ઉપેક્ષા કરે છે, સદ્ગુણોનો સંગ્રહ કરવામાં પ્રવૃત્ત રહે છે, તેમજ પ્રાપ્ત ગુણોને મલિન થવા દેતો નથી.

૧૩ સતકથ—સત્યનું કથન કરનારો; શુભ કથા કે ધર્મકથાજ કરવી જેને પ્રિય છે તેવો, અશુભ કથાના પ્રસંગથી મન કલુષિત થાય છે અને વિવેક તથા ધર્મ નાશ પામે છે. ધર્મ

તો વિવેકપ્રધાનજ છે માટે ધર્મના પ્રેમીએ અશુભ કે અસત્ય કથાના પ્રસંગથી દૂર રહી સતકૃત્ય થવું જોઈએ.

૧૩ સુપક્ષી—સાનુકૂળ અને ધર્મશીલ પરિવાર સહિત, સદાચાર યુક્ત; આવો ગુણયુક્ત આત્મા નિર્વિઘ્ને ધર્મ પામી શકે છે.

૧૫ દીર્ઘદર્શી—ઉંડા વિચારવાળો, દીર્ઘ દૃષ્ટિથી વિચારનાર; આવો પુરૂષ પ્રથમથીજ ઉંડા વિચાર કરી પરિણામે લાભદાયક, ઘણા જનોને પ્રિય અને પ્રશંસાપાત્ર હોય, એવાં શુભ કાર્યોજ કરે છે.

૧૬ વિશેષજ્ઞ—પક્ષપાત રહિતપણે જ્ઞાનદૃષ્ટિથી ગુણદોષ, હિતઅહિત, કાર્યઅકાર્ય, ઉચિતઅનુચિત, ભક્ષ્યઅભક્ષ્ય, પેય-અપેય, ગમ્યઅગમ્ય વગેરે વિશેષ વાતનો જાણકાર; આવા ગુણવાળો આત્મા ઉત્તમ કાર્યમાંજ પ્રવર્ત્તે છે.

૧૭ વૃદ્ધાનુગામી—પરિપકવ અનુભવવાળા વૃદ્ધ પુરૂષોને અનુસરીને ચાલનાર; આવા ગુણવાળો સદાચાર તથા જ્ઞાનાદિથી જે વૃદ્ધ હોય છે, અને પાકી બુદ્ધિના પ્રભાવે જે પાપાચારમાં કદી નથીજ પ્રવર્ત્તતા, એવા પુરૂષોની પાછળ ચાલનાર હોવાથી પાપાચારમાં પ્રવર્ત્તતો નથી, કારણ કે સોબત પ્રમાણે ગુણ આવે છે. આવા ગુણવાળો ઉચ્છૃંખલપણે કે ઇચ્છા મુજબ વર્ત્તતો નથી.

૧૮ વિનયવંત—ગુણાધિકનું ઉચિત ગૌરવ સાચવનાર. વિનય-એ સમ્યગ્ જ્ઞાન, દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે, તેથી તે પ્રશંસનીય છે. વિનય-ગુણવંત મહંતનો વિનય કરે છે, તેથી પોતે ગુણવંત અને મહંત બને છે.

૧૯ કૃતજ્ઞ--ધર્મગુરૂ વગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણી તેમના ઉપકાર ભૂલતો નથી, તેમનું બહુમાન કરે છે, તેથી તેનામાં ગુણોની વૃદ્ધિ થાય છે, તેના અભિમાન જેવા દુર્ગુણો દૂર થાય છે અને તેનામાં સરળતા વધે છે.

૨૦ પરહિતકારી—સ્વતઃ સ્વાર્થવિના પરોપકાર કરવામાં તત્પર તથા દાક્ષિણ્યતાવાળો પુરૂષ તો જ્યારે તેને કોઈ પ્રેરણા અથવા પ્રાર્થના કરે ત્યારેજ પરોપકાર કરે છે, પણ આ પરહિતકારી પુરૂષ તો પોતાના આત્માની પ્રેરણાથી સ્વકર્ત્તવ્ય સમજીને કોઇની કંઈ પણ માગણીની અપેક્ષા રાખ્યા વિનાજ પરોપકાર કર્યા કરે છે. એવા ઉત્તમ સ્વભાવવાળો ભવ્ય આત્મા ગણાય છે, આવો ગુણ ભવ્ય જીવોમાંજ હોય છે. તેનું એ ભૂષણ છે ને તેથી તે બીજાઓને ઉપકારક થઇ શકે છે.

૨૧ લબ્ધલક્ષ-કોઈ પણ કાર્યને સુખે સાધી શકે એવો, કાર્યદક્ષ અથવા લક્ષ એટલે શીખવા લાયક સર્વ અનુષ્ઠાન જેને પ્રાપ્ત થયાં છે તેવો; આવો આત્મા ધર્મનો મર્મ સુખે સમજી શકે છે અને ધર્મરત્નને સુખે પામી શકે છે, તથા સર્વ ઉત્તમ કળાઓમાં પારગામી થઈ શકે છે.



# ૨ સ્ત્રીઓનાં કર્ત્તવ્યો.

## ૧ શાણી ગુણવંતી માતાનું કાર્ય.

બાળકો તથા બાળિકાઓની સુધારણાનો મુખ્ય આધાર ખાસ કરીને માતા ઉપર રહેલો છે. તેઓનો પહેલો શિક્ષક માતા છે, એમ કહેવામાં જરા પણ ખોટું નથી. પિતા કરતાં માતાનાજ સહવાસમાં ન્હાનાં બાળકો ઘણો વખત રહે છે, તેથી જો માતાનાં વિચાર, વાણી અને વર્ત્તન ઉચ્ચ પ્રકારનાં હોય તો તેનો સુંદર વારસો બાળકોને મળે છે. આથી દરેક માતાએ પોતાની જાતને માટે, પોતાનાં બાળકોને માટે અને પોતાના કુટુંબને માટે અવશ્ય સારા વિચાર, સારી વાણી અને સારા વર્તનવાળા થવુંજ જોઇએ. આ બાબત જે માતા બેદરકાર રહે છે, તે સંતતિને અહિતરૂપ થઇ પડે છે. દ્રવ્ય કરતાં ગુણનો વારસો ઘણોજ ઉત્તમ છે. તેનાથી દ્રવ્ય તો સહેજે મળી રહે છે.

જે સ્ત્રીઓ સુશિક્ષિત હોય છે તેઓ પોતાનો વખત સારી રીતે ઉત્તમ કાર્યોમાં વીતાવે છે, બાળકોને ઉત્તમ ગુણવાન બનાવી શકે છે, અને પોતાનો આ લોક અને પરલોક પણ સુધારી શકે છે. જેમ કુશળ કુંભાર ધારે તે પ્રમાણે કાચી માટીનાં વાસણો બનાવી શકે છે, તેવીજ રીતે માતા પોતાનાં બાળકોને કોમળ હૃદય ઉપર ઉત્તમ શિક્ષણ દ્વારા એવી સુંદર છાપ પાડી શકે છે, કે જેથી ભવિષ્યમાં તેઓ પરોપકારી, વિદ્વાન, શુરવીર, વિવેકી, વિનયવંત અને સદ્દગુણી બની શકે છે. નાનાં બાળકોને જે શિક્ષણ ઘણા ગુરૂઓથી નથી મળી શકતું, તે માત્ર માતાજ પોતાના સંસ્કારી શબ્દોમાં ઘેર બેઠા સહેજે આપી શકે છે. જેવી શિક્ષા

શાણી માતા આપી શકે છે, તેવી શિક્ષા પ્રાય: પિતાથી પણ આપી શકાતી નથી, કેમકે બાળકોનો ઘણો વખત પોતાની માતા પાસેજ જાય છે, અને બાલ્યાવસ્થામાં જે વાત તેના હૃદયમાં ચોંટી જાય છે, તે જીંદગી પર્યંત ભૂલાતી નથી. સુબુદ્ધિશાળી માતા નાનપણથીજ પોતાનાં બાળકોને સુશિક્ષણ આપે છે, ત્યારે મૂર્ખ માતા તેમને મૂર્ખ રાખી ગાળો દેતાં શીખવે છે, જેથી મોટા થયા પછી તે બાળકો પોતાની માતાનેજ તેવીજ ગાળો આપવા લાગે છે. પણ સુજ્ઞ માતા બાળકોને ગુણવંત બનાવી શકે છે, જેથી જગત ગુણવંતી માતાને આભારી છે. ખરી કેળવણીના પ્રતાપથીજ માતા ગુણવંતી બની શકે છે.

## (૨) જયણા પાળવી.

સ્ત્રીઓએ સવારમાં સૌથી વ્હેલાં ઉઠી પ્રતિક્રમણાદિ આવશ્યક કર્મ કરી લેવું. પછી જયણાથી પાણિયારૂં પૂંજી પાણી ગળી લેવુ, જેથી બીજાઓ ઉઠે તે ગળેલુંજ પાણી વાપરે તેનો લાભ પોતાને મળે. પાણિયારૂં તથા વાસણો પૂંજણીવતી પૂંજવાં અને તેનો કચરો સૂપડીમાં લેવો તથા તેને એક બાજુ કચરાય નહિ તેવે સ્થળે મૂકવો, જેથી કુંથુઆ આદિ ત્રસ જીવોનો વિનાશ ન થતાં તેનું રક્ષણ થાય. પાણી પ્રથમ બીજા ઠામમાં ઠલવી નાખવું. બાદ તેમાં ગળેલું પાણી નાખી હલાવી તેને પણ તે ઠામમાં ઠલવવું. પછી ગળેલા પાણીથી ગોળાને અંદરથી તથા બહારથી ઘસીને ધોઈ જાડા ગળણાવતી ધીમે ધીમે પાણી ગળવું. ગળાઈ રહે કે તરતજ ગળણાને ડાબા હાથ ઉપર પાથરી, તે ઉપર ગળેલું પાણી રેડી સંખારો પહોળા વાસણમાં ઉતારવો અને જે સ્થાનનું તે પાણી હોય ત્યાં સાચવીને નાખવો. સ્થાનફેર થાય તો પાણીના બધા જીવો મરી જાય. પાણીનાં ગળણાં સ્વચ્છ રાખવાં. બાદ ઘરમાં બધેથી કચરો કાઢવો, તેમાં સુંવાળી સાવરણી વાપરવી અને પોચે હાથે વાળવું. ચૂલો પૂંજતી વખતે પાળ

ઉપરથી પૂંજણીવતી સૂપડીમાં કચરો લેવો. જો તે ચૂલામાં પડે તો તેમાં જીવજંતુ હોય તેનો વિનાશ થાય. લાકડાં ખંખેરી પૂંજીને વાપરવાં. છાણાંને ભાંગી ચારણામાં નાખી નીચે ત્રાંસ વગેરે રાખી ચાળવાં અને કચરો એક બાજુ સંભાળથી યત્નાપૂર્વક નાખવો. ચોમાસાની ઋતુમાં પણ બહુજ સંભાળ રાખવી નહિતર રોજ હજારો જીવોનો વિનાશ થાય, જેથી આપણે પાપથી ભારે થઇએ, અને કદી સુખી ન થઇએ. સ્ત્રીઓનો આ જયણા પાળવાનો વગરપૈસાનો ધર્મ છે.

ઘરમાં ખાળ ન હોય એ ઘણુંજ સારૂં કહેવાય. પાણિયારા નીચે કુંડી હોય તેને હંમેશાં ઢાંકેલી રાખવી, નહિતર તેમાં માખીઓ અને મકોડા ઘણા પડી મરી જાય માટે તેને નિત્ય વખતસર ધોઇ સાફ કરવી.

એઠવાડનું પાણી ઘણો વખત રાખી મેલવું નહિ. ટંકે ટંકે નજીકમાં ઢોરને તરતજ પાઇ દેવું, જેથી તેમાં સમ્મૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન ન થાય, અને ઢોર સંતોષાય તેથી પુન્ય થાય.

શેરડી, કેરી, કેળાં વગેરે ખાઇને છોતરાં રસ્તા ઉપર નાખીએ તો કીડીઓનો બીજાઓના પગતળે કચરાવાથી સંહાર થઇ જાય, અને ગુંદાના ઠળિયા રાખભરેલાં વાસણમાં ન કાઢયા હોય તો માખીઓનો સંહાર થઈ જાય, માટે આવી બાબતમાં બહુજ સંભાળ રાખવી.

## ૩ ચોકખાઇ.

રસોઈ કરતી વખતે દિશાએ ગયેલાં વસ્ત્રો કદી ન પહેરવાં, ચોકખાંજ પહેરવાં. દિશાએ જવાનાં વસ્ત્રો અને લોટો ખાસ જુદાંજ રાખવા. રસોઇમાં માથાના વાળ ન ખરે તેની કાળજી રાખવી. રસોઇનું પાણી અબોટ ચોકખા વાસણમાંથી વાપરવું.

રોટલી કાળા-મસોતા જેવા ગાભાથી દાબવી નહિ. તેને માટે વસ્ત્રના કકડા સ્વચ્છ વાપરવા. રસોઈ એંઠે હાથે ચાખવી નહિ. ચાખીને તે દાણા પાછા અંદર ન નાખવા. જે રસોઈ આપણે જમવી છે અને જમાડવી છે, તેમાં આવી પવિત્રતા રાખવી તે સુઘડ સ્ત્રીનું કામ છે. એમ ન વર્તે તો લોકો તેને ગોબરી અથવા ફૂવડ કહે છે, અને ધાન્ય ધૂળ જેવું થાય છે. જેના ઉપર આપણો અને આપણા આશ્રિત જનોના આરોગ્યનો આધાર છે, તે રસોઈ ઘણી સ્વચ્છ ઉત્તમ, તેમાં એક ચિત્ત રાખીને, સ્થિરતાથી કરવી જોઇએ. એઠું કે બીજી કોઈ મેલી વસ્તુઓ કોઇના આંગણામાં નાખી તેના ઘરની હવા બગાડવી નહિ. આપણને ખરાબ હવા ન ગમે, કારણ કે આપણું આરોગ્ય બગડે, તેમ બીજાને પણ થાય, એ વાત કદી ભૂલવી નહિ. વળી આપણે બીજાનું આગણું બગાડીએ તો બીજા આપણું બગાડે. રસોઇ માટે કોઇને ઘેર દેવતા લેવા ન જવું. આવો રિવાજ રાખીએ તો બીજા આપણે ત્યાં લેવા આવે અને દેવતા આપવાની આપણને અનુકૂળતા ન હોય ત્યારે પાડોશમાં ખાલી કલેશનું કારણ ઉભું થાય, તે ઠીક નહિ. માટે આવો નિયમ આપણે પહેલેથીજ સાચવી રાખવો સારો છે.

સ્ત્રી ઘરનું રક્ષણ કરનાર છે. સ્ત્રીના આધારેજ ઘર છે અથવા સ્ત્રી એજ ઘર છે, તેથી ઘરને સુંદર સ્વચ્છ દેવમંદિર જેવું ચોકખું રાખવું, તે સ્ત્રીની ખાસ ફરજ છે. ઘરમાં બધી વસ્તુઓ યથાસ્થાને ગોઠવાયેલી હોય તો તેને શોધતાં ફાંફાં મારવાં ન પડે અને ઘર જોઇને બીજા માણસ ખુશ થઈ જાય તથા તે સ્ત્રીનાં વખાણ કરે. ઘરનું રાચરચિલું, વાસણકુસણ, બારીબારણાં, ખુણાખાંચરા, આંગણું અને આસપાસના ભાગ રજ કે કચરા વગરનાં સ્વચ્છ અને પ્રકાશિત રાખવામાં સ્ત્રીની ખરી કુશળતા રહેલી છે. આવા ઘરમાં લક્ષ્મીદેવી વાસ કરી રહે એ સ્વાભાવિક છે.

## (૪) સ્ત્રી ઋતુ ધર્મ.

કેટલીક અણસમજુ સ્ત્રીઓ પોતાનો ઋતુધર્મ બરાબર ચોવીશ પહોર પાળતી નથી, અને પોતાના શ્રાવકધર્મને લજાવે છે તથા નિંદાવે છે. કેટલીક તો તેના દિવસો વિચિત્ર રીતે ગણે છે. આજે રાત્રે ઋતુધર્મ પ્રાપ્ત થયો હોય તો પરમ દિવસ સવારે ત્રણ દિવસ થએલા ગણી ન્હાઈ નાખે છે. આવી સ્ત્રીઓની અજ્ઞાનતા માટે શું લખવું ? આવી સ્ત્રીઓએ શરમાવું જોઇએ અને પોતાના આવા મલિન આચારથી કુટુંબને મલિન કરવું ન જોઇએ. જૈન સ્ત્રીઓને આવી રીતે મલિન રહેવું ઘટેજ કેમ ? જે દિવસે જે ટાઇમે રજસ્વલાપણું પ્રાપ્ત થયું હોય ત્યાંથી ચોવીશ પહોર ગણીએ તો ચોથે દિવસે તે ટાઇમે ન્હાવું જોઇએ, તે પહેલાં ન્હવાયજ નહિ. વળી તે દિવસોમાં દળવાનું, કાંસાનાં વાસણ માંજવાનું, નવાં લુગડાં શીવવાનું, કાગળ લખવાનું, છાપા કે ચોપડી વાંચવાનું અને મુસાફરી કરવાનું બંધજ કરવું જોઇએ. તેનાથી અનાજને અડાયજ નહિ. તેનાં જમેલાં વાસણમાં બીજાથી જમાયજ નહિ. તેનાં શીવેલાં કપડાં ધોયા સિવાય પહેરી દહેરે જતાં આશાતના થાય. કાગળ લખે કે છાપાં અથવા ચોપડીઓ વાંચે તો તેથી જ્ઞાનની આશાતના થાય, માટે ડાહી સ્ત્રીઓએ પોતામાં આવી ખામી હોય તે તરતજ સુધારી લેવી, જેથી તેની સારી છાપ પોતાની દીકરીઓ અને બીજા બૈરાંઓ ઉપર પડે, અને તે પણ ચોકખાઈ રાખતાં શીખે. જે સ્ત્રીઓ પોતે ગંદી તથા મેલી રહે છે, ઘરને ગંદુ રાખે છે અથવા પોતાના આચારથી મલિન કરે છે, તેના ઘરમાં દરિદ્રતા આવે છે, ત્યાંથી લક્ષ્મીદેવી રીસાઇને ચાલ્યાં જાય છે, અને કુટુંબ ભૂખલેળું થઇ જાય છે. જૈન ધર્મનાં આચારોમાં દ્રવ્ય અને ભાવથી વિશુદ્ધિ–પવિત્રતા રાખવા ઉપર ખાસ ભાર મૂક-

વામાં આવ્યો છે, તેમાં મલિનતાને સ્થાન કે અવકાશજ નથી, તે વાત લક્ષમાં રાખી મલિનતાને પેસવા દેવી નહિ અને ચોકખાઇ જાળવી રાખવી.

## ૫ ગૃહપ્રધાનતા.

સ્ત્રી જેમ ઘરની રક્ષિકા છે તેમ કુટુંબીઓની પણ રક્ષિકા છે. ઘરમાં વૃદ્ધ રોગી વગેરે અશક્ત મનુષ્ય હોય તેમનો પોતાની સેવા ચાકરી અર્થે મુખ્યત્વે કરીને સ્ત્રીઓ ઉપર મોટો આધાર છે. આવાં કામો નોકરો પાસેથી લઈ શકાય, પણ સ્ત્રીઓમાં જે પ્રેમ અને ચીવટ રહેલાં હોય છે તે નોકરોમાં ભાગ્યેજ હોય, તેથી આવાં સારસંભાળનાં કામો નોકરો કરતાં સ્ત્રીઓ ઘણાં સારાં કરી શકે છે. પુરૂષ ઘરનો રાજા છે અને સ્ત્રી ઘરનો પ્રધાન છે, એટલે ઘરનું રાજ્ય સ્ત્રીના હાથમાં છે. રાજાને રાજ્યની ચિંતા કે માહિતી થોડી હોય છે, પણ પ્રધાન રાજ્યનાં દરેક કામકાજ સાવધાનતા રાખી કરે છે. જેમ તે રાજાને સારી સલાહ આપે છે, આશ્રિત પ્રજાનું પાલનપોષણ કરે છે, અને એમ કરીને રાજાનો જશ વધારે છે, તેમ સ્ત્રી પણ ઘરનો વહિવટ સારી રીતે ચલાવે છે, પુરૂષને સારી સલાહ આપે છે, આશ્રિત જનોની સારસંભાળ રાખે છે અને એમ કરી પતિનો જશ વધારે છે. સાથે સાથે દેવદર્શન અને પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પણ ચૂકતી નથી. તેણે દરેક કામના વખત એવી રીતે ગોઠવી મૂકેલા હોય છે કે સૌ સૌને વખતે વ્યવહારનાં અને પરમાર્થનાં બધાં કામ થયાંજ કરે છે. કોઇ પણ કામથી કોઈ બીજા કામને (બાધા) હરકત પહોંચતી નથી.

ઘરમાં મંદવાડ કે સૂવાવડ જેવા પ્રસંગો વખતે સ્ત્રીઓએ બહુ સંભાળ રાખી ધ્યાન આપવું જોઇએ. તેવે વખતે બીજા

કામ કદાચ મોડાં વ્હેલાં થાય પણ કુટુંબી જનોની આવી માંદગી વખતે, તેઓની સારવાર, દવાઉપચાર, ખોરાક, પથારી-બિછાનાંની સુઘડતા વગેરે બાબતમાં વખતસર પૂરતી માવજત કરવી જોઇએ.

પાડોશીની સ્ત્રી સૂવાવડના પ્રસંગે કષ્ટાતી હોય તે વખતે તત્કાળ તેની મદદે દોડી જવું, એ દયાળુ સ્ત્રીની ફરજ છે. તે વખતે ધર્મકરણીમાં ખામી પહોંચવાનો વિચાર કરી વિલંબ કરવામાં આવે તો વખતે બે જીવોના પ્રાણની હાનિ થાય, તે આપણી દયાળુતાને શોભે નહિ. અને તેને આપણી સવેળાની સહાય મળે તો તેના જીવને શાંતિ ઉપજે, તેનાં ભયચિંતા દૂર થાય, તેથી આપણને પુન્ય બંધાય. સમજુ સ્ત્રીઓ તો આવે વખતે બહુ ડહાપણ અને દીર્ઘદૃષ્ટિ વાપરીને જ વર્ત્તે.

ગૃહસ્થધર્મ પાળનારી સ્ત્રીઓની ફરજ છે કે તેઓએ વ્યવહાર અને પરમાર્થ બન્ને સાચવવા જોઇએ. કેળવણી મળી હોય તે આથી શોભી ઉઠે છે, અને દુનિયામાં ઉજ્જવળ યશ ગવાય છે. પરંતુ જો ફરજમાં ખામી આવે તો ઘરમાં વખતોવખત કલેશ થાય છે, તેથી ઘરમાં સ્ત્રીઓનાં મનને સુખ રહેતું નથી, અને તેઓમાં કોધકંકાસ વધે છે અથવા હૃદયનો બળાપો દાખલ થાય છે. પણ જો સ્ત્રી ઘરના ઉચિત વ્યવહારમાં ખામી ન આવવા દે, અને ધર્મકરણી પણ નિયમસર કર્યા કરે તો પરિણામે તે ઘરમાં દેવી તરીકે પૂજાય અને કુટુંબી જનોમાંથી ધર્મવિમુખતા ઘટતી જાય તથા ધર્મસન્મુખતા વધતી જાય. માટે સ્ત્રીએ પોતાનું ગૃહરાજ્ય બરાબર ચલાવી પોતાનું પદ દીપાવવું જોઇએ. તે માટે બેદરકાર રહેવું ન જોઇએ.

શાણી ધર્મપત્ની પોતાને પ્રાપ્ત થએલા સુશિક્ષણના પ્રભાવે પતિને સલાહ આપે અને વિચાર કરવામાં પ્રધાનની પેઠે વર્ત્તે. કામ કરવામાં દાસીની પેઠે કામ કરે, ભોજન કરાવવામાં માતાની જેવો અપ્રતિમ સ્નેહ રાખે, શયનસ્થાનમાં અપ્સરા જેવી સુંદરતા બતાવે, ધર્મકાર્યમાં અનુકૂળ રહી સહાય કરે અને સુખ દુઃખને સહન કરવામાં પૃથ્વીના જેવી ગંભીર, સ્થિર અને શાન્ત હોય. આવી સ્ત્રી ઘરનું પ્રધાનપણું પોતાની લાયકાતને લીધે બરાબર કેળવી શકે છે.

## ૬ પાણીઆરાની સ્વચ્છતા.

પાણિયારૂં કૂવાના અવેડા જેવું ગંદું, ગોબરૂં ન થાય તેની ખાસ સંભાળ રાખવી. ગોળામાં પાણી પીધેલાં પાત્ર ફરીથી બોળાય તો ઘણા માણસોનાં મુખની લાળ કે બાળકોનાં નાકનાં લીંટ અંદર દાખલ થાય. આવું પાણી પીવાથી બુદ્ધિ બગડે અને ખસ, ક્ષય, કૉલેરા વગેરે ચેપી રોગ લાગુ પડે. આવા પાણીથી બનાવેલી રસોઈ ઉત્તમ શ્રાવકને જમાડીએ કે મુનિરાજને વહોરાવીએ તો તેમનું પણ આરોગ્ય બગડે, અને તેમની ધર્મકરણીમાં ખામી પહોંચે તેના નિમિત્તરૂપ આપણે થઇએ. એવી અપવિત્ર રસોઇનું નૈવેદ્ય પ્રભુને ધરીએ તે પણ અયુક્ત ગણાય, તેથી જોઇએ તેવો લાભ ન મળે. તે નૈવેદ્ય તો અત્યંત પવિત્ર હોવું જોઇએ. રસોઈ માટે તો રસોડામાં પાણીનું વાસણ જૂદું જ ભરી રાખ્યું હોય તેમાંથી વાપરવું. પાણીઆરા ઉપર મ્હોટાં અક્ષરે લખી રાખવું કે 'ગોળામાં કોઈએ એઠું કે પાણીપીધેલું વાસણ બોળવું નહિ.' એક જૂદો સળિયાવાળો ડોયો રાખવો, તેના વતી જૂદા વાસણમાં પાણી કાઢી પીવું અને તેને કપડાવતી સાફ કરીને મૂકવું. આપણે પોતે

તેનો અમલ કરવો અને ઘરનાં ન્હાનાં મ્હોટાં દરેક પાસે અમલ કરાવવો, નહિતર તેમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય તેનો વિનાશ થાય. એક વાસણમાં ભેળા બેસીને જમવાથી બુદ્ધિ બગડે છે અને ચેપી રોગ લાગુ પડે છે, તથા એઠવાડમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે, માટે એકલા જૂદા જમવા બેસવું અને બચ્ચાંઓ પણ એકલાં જૂદાં જમવા બેસે તેવી ટેવ પડાવવી. પાણીનો ભરેલો આખો લોટો મોઢે નહિ માંડતાં પ્યાલામાં લઈ પાણી પીવું, એ વધારે સારૂં ગણાય.

## ૭ વિનય ગુણ.

સવારમાં ઉઠીને સાસુ તથા નણંદ વગેરે વડિલ જનોને પગે (પડવાની) લાગવાની ટેવ જરૂર રાખવી, અને તેઓની દરેક આજ્ઞા ખંતથી અને આનંદથી પાળવી, તેથી તેઓનો આપણા ઉપર પ્રેમ વધે છે. તેઓ ગુસ્સે થયા હોય કે આપણે ગુસ્સે થયા હોઇએ પણ મોટાને પગે લાગવાથી બંનેનો ગુસ્સો દૂર થાય છે. પગે લાગવું અને ગુસ્સો ટકી રહેવો, એ બંને વાનાં સાથે હોઈ શકે નહિ. પગે લાગવાથી આપણામાં નમ્રતા આવે છે, અને વડિલો પ્રત્યે આપણો પૂજ્યભાવ વધતો જાય છે. વળી આપણને પગે લાગતાં જોઇ આપણાં બચ્ચાંઓ પણ આપણું અનુકરણ કરતાં શીખે છે, અને તેઓમાં પણ સારા ગુણો આવે છે. દીકરીઓને પણ આવી ટેવ પાડવાથી તેઓ સાસરે સુખી થાય છે. વિનય-ગુણમાં અજબ વશીકરણ રહ્યું છે. શાસ્ત્રકારો પણ વિનયને મ્હોટામાં મ્હોટો ગુણ કહે છે માટે આ નિયમને નિરંતર પાળવો, કદી છોડવો નહિ. ભણતરની સાર્થકતા પણ વિનય-ગુણના પાલનમાંજ રહેલી છે.

## ૮ વ્યવહાર લાયકાત.

બાળકોને આપણી સાથે દહેરે, ઉપાશ્રયે લઈ જવાં તથા

તેઓને દેવગુરૂને પગે લાગતાં તથા દર્શન કરતાં શીખવવું, તેથી તેઓ શ્રદ્ધાળુ થાય અને તેઓમાં સારા સંસ્કાર બેસે. તેઓનાં શરીર તથા કપડાં સ્વચ્છ રાખવાં. તેઓ બહાર જેવાં તેવાં, મેલાં અને નાગાંઉઘાડાં ન રખડે તેની ખાસ સંભાળ રાખવી. તેમાં આપણી શોભા છે, નહિતર આપણી કિંમત થઈ જાય છે. તેઓ આખો દિવસ જે તે વારેવારે ખાખા કરે તેવી ટેવ ન પાડવી, નહિતર તેમને અજીર્ણ થવાથી માંદાં રહ્યા કરશે. ન્હાનાં બાળકોને વારંવાર અનિયમિત સ્તનપાન ન કરાવવું. તેઓ દર વખતે ભૂખથીજ રડે છે એમ ન માનવું, રડવાનાં બીજાં કારણો પણ હોઇ શકે, તે શોધવાં અને તેના ઉપાય કરવા. સાત આઠ વર્ષનાં બાળકોને નિશાળે કે જૈનશાળાએ નિયમસર ભણવા મોકલવાં. ન જાય તો તેના ઉપર સખ્તાઇ કરવી. એ બાબતમાં ઢીલા ન થવું, પણ મારકૂટ કરવી નહીં. પ્રેમથી કે લાલચથી સમજાવીને મોકલવાં.

ઘરનો ખર્ચ કરકસરથી ચલાવવો. આવક કેટલી છે, તેનો વિચાર કરી તે પ્રમાણેજ વસ્તુની માગણી કરવી. કપડાં સાદાં, ચોકખાં અને અલંકાર સૌભાગ્ય તથા ખપ જેટલાંજ પહેરવાં, જેથી ધણીને બોજા રૂપ થઈ ન પડાય. શીવવા ભરવા જેવા નિર્દોષ અને સ્ત્રીઓને ઉચિત હોય એવા ઉદ્યમ વડે પતિની આવકમાં વધારો કરવો, જેથી તેમને તેટલી રાહત મળે અને તેમનું આપણા તરફ માન અને પ્રેમ વધે. આવકમાં મદદ ન કરીએ અને શ્રીમંતોનાં જેવાં કપડાંઘરેણાંની માગણી કરીએ, તેને માટે તેમને પજવવાનું ચાલુ રાખીએ તો પતિની ફિકર–ચિંતા વધે, તેમને તેને માટે કરજ કરવું પડે, તેથી તેમનાં આહાર, નિદ્રા અને શરીરશક્તિ ઘટતાં જાય અને પરિણામે તેમના ધંધારોજગારને તથા દેહને હાનિ પહોંચે અને ઘરવ્યવહાર નભાવવો દુ:ખરૂપ થઈ પડે. માટે પતિના

સુખમાંજ આપણું સુખ છે, એમ માની દરેક બાબતમાં તેમની અનુળકૂતાએ રહેવું. પતિ છે તો સર્વ છે, નથી તો કાંઇ નથી, તે વિચારવું. તેઓ બહારથી થાકયાપાકયા ઘેર આવે, તે વખતે હસતે ચ્હેરે મીઠાં વચનથી તેમનો સત્કાર કરવો, સ્નાન ભોજન વગેરેથી તેમની બરદાશ કરી પ્રસન્નતા મેળવવી, અને આપણે કાંઈ કહેવું હોય તો અવકાશ જોઇ સમતાથી કહેવું. આવે કે તરતજ આપણી ફરિયાદોથી તેમને કદી કંટાળો આપવો નહિ. ખરી વાત એ છે કે આપણે ઘરખર્ચ તથા શરીરશોભા આપણા ઘરની સ્થિતિ પ્રમાણેજ કરવાં. ઘરે કપડાં મર્યાદાવાળાં અને ટકાઉ જાડાં પહેરવાં, જેથી ખર્ચ ઓછું થાય, લોકો નિંદા ન કરે અને આપણી કુલીનતા વધે. ઝીણાં અને ફૅશનવાળાં વસ્ત્ર પહેરવાથી આપણે લગભગ નવસ્ત્રા જેવા દેખાઇએ, પર પુરૂષો આપણા તરફ ખોટી ચેષ્ટા કરે, તેમને મોહ થવામાં આપણે નિમિત્તરૂપ થઈએ વગેરે ઘણા દોષો રહે છે. વળી કુંચીઓનો ઝુડો કેડે લટકાવી ખોટો ડોળ ન કરવો. તેથી તો લોકો આપણી મશ્કરી કરે. ઘરમાં પાંચ પેટીને તાળાં હોય અને કેડે પચ્ચીશ કૂંચીઓ લટકતી હોય, તેનો અર્થ શો સમજવો ? એવો ખોટો ડોળ ન કરતાં સાદાઇ રાખવામાંજ ખરી શોભા છે. પર પુરૂષોને હાથે સ્ત્રીઓ બંગડી પહેરે, એ ખરાબ કહેવાય. કાચની બંગડીનો ઉપયોગજ બંધ કરવો જોઇએ. તેમાં કાંઈ સૌભાગ્ય રહેલું નથી. તેવી બંગડીને તૂટી ફૂટી જતાં વાર લાગતી નથી. એ ખોટી ફૅશનથી દૂર રહેવામાંજ શાણી સ્ત્રીઓની શોભા છે.

## ૯ વાણી પ્રયોગ.

અહીં સુધી તો સ્ત્રીઓનાં વર્ત્તનની વાત થઇ. હવે તેઓની વાણી તથા વિચારની વાત કરીએ. વાણી કર્કશ કે કઠોર ન હોવી

જોઇએ, મીઠી–મધુર હોવી જોઇએ. વાતવાતમાં અપશબ્દો ન વાપરવા. ઘણી સ્ત્રીઓ પોતાની દીકરીઓને રાંડ, વાંઝણી, વાલા-મૂઈ એવા શબ્દોથી, અને દીકરાઓને મૂઆ, પીટયા, રોયા, નખો-દિયા વગેરે શબ્દોથી અને વહૂઓને નભાઇ, નપીરી, નખોદણી, ઈત્યાદી ખરાબ શબ્દોથી ગાળો ભાંડે છે, તે બહુજ ખોટું કરે છે. આપણને કોઈ તેવી ગાળો દે તો કેવું દુઃખ થાય? તેવુંજ દુઃખ તેને પણ કેમ ન થાય? તે વિચારવું જોઇએ. એના પરિણામે વહૂઓ સામું બોલતાં શીખે, આપણી મર્યાદા ન પાળે, આજ્ઞામાં ન રહે, તેમાં નવાઇ પામવા જેવું નથી. એથી ઉલટું તેમના પ્રત્યે દીકરી જેવું વર્ત્તન રાખી તેમના ઉપર હેત રાખીએ, તેમના ઉપર દયા રાખીએ તો તેના બદલામાં આપણે ઘણાજ સુખી થઈએ અને ઘરમાં સંપ, સ્નેહ અને આંખમાં અમી વધતાં જાય.

બાળકોને ટોક ટોક કરવાથી તેઓ આપણો ડર છોડી દે છે અને સુધરવાને બદલે બગડતાં જાય છે, આપણી આમન્યા રાખતાં અટકે છે. તેમની ભૂલ માટે મીઠાં વચનથી સમજણ આપવી અને મારકૂટ કરવી પડે તો બહુજ ઓછી, કોઈ વખતેજ, અણ-છૂટકે કરવી. વખતોવખત ટોકવાથી, ગાળો દેવાથી તથા મારકૂટ કર-વાથી તેમનાં હૃદયો નબળાં પડી જાય છે અને મ્હોટાં થાય ત્યારે હિંમતવગરનાં અને જેવા તેવાથી ડરી જનારાં થાય છે, બીકણ બની જાય છે, પછી તે કોઈ રીતે હિંમતવાન બની શકતાં નથી. નાનપણથીજ બાળકો હિંમતવાન, બળવાન, અને હુશિયાર બને, તેવી તાલીમ આપવી જોઈએ. તેમને વખતોવખત સારા ઉત્સાહક વચનોવાળી શિખામણો આપવી.

બાળકોનાં નામ પણ મૂળથીજ જૈન ધર્મને છાજે એવાં શુભ-સૂચક પાડવા લક્ષ રાખવું જોઈએ. જેવાં કે જિનચંદ, પ્રેમચંદ,

ધર્મચંદ, વિનયચંદ વગેરે તથા ભદ્રા, સુભદ્રા, સીતા, સવિતા, કમળાવતી, પદ્માવતી, સુંદરી, દેવકુંવરી, ચંદનકુંવરી વગેરે સારાં સારાં નામ રાખવાં જોઈએ. ઘરમાં કોઈને તોછડે નામે બોલાવવાની ટેવજ ન રાખવી. તેથી તો તેમનાં સુંદર નામને આપણે જાતે બગાડી નાખીએ છીએ; પછી બીજાઓ તેવી રીતે બોલાવે તેમાં શી નવાઈ ? હેમચંદ અને શિવલાલ જેવાં નામને આપણે હેમલો અને શિવલો કહીને અને હીરી અને મોતી જેવાં નામને આપણે હીરકી અને મોતડી કહી કદી બગાડવાં નહિ.નામની સાથે ભાઈ અને બહેન શબ્દ વધારીએ તો તેથી તેમનું અને પરિણામે આપણું માન વધે છે.

ઘરને આંગણે ભિખારી આવીને ઉભો હોય તેનો તિરસ્કાર કદી કરવો નહી. થોડામાંથી પણ થોડું આપીને અગર મોડું આવવાનું કહીને પણ તેને સંતોષ આપવો. તિરસ્કાર કરવાથી તેના દુઃખમાં વધારો થાય છે. વળી હંમેશાં સૌની સરખી સ્થિતિ રહેતી નથી, માટે સારી સ્થિતિમાં ગરીબોને કે આશ્રિતોને દાન આપી લહાવો લેવો ઘટે છે.

## ૧૦ નિંદા–દોષ.

પારકા દોષો જોવાની તથા પારકી નિંદા કરવાની કદી ટેવ રાખવી નહિ. આપણે પણ દોષથી ભરેલા છીએ તો આપણા દોષો દૂર કર્યા સિવાય આપણને કોઈને માટે યથેચ્છ બોલવાનો હક કેમ હોઇ શકે ? ઘણી નિંદા કરવાથી ઉલટા આપણામાં તે તે જાતના દુર્ગુણો આવે છે, પરભવે ચોકખી જીભ મળતી નથી અને નરકે જવું પડે છે. તેમાં પણ સામાયિક લઈને બહેનો પારકી નિંદા કરે, ગામગપાટા હાંકે કે વિકથા કરે, તેમની અજ્ઞાનતા માટે તો કહેવુંજ શું ? ઘરની ઉઠી વનમાં ગઈ તો વનમાં

લાગી આગ, એ કહેવતપ્રમાણે શાંતિ મેળવવા અને પાપ છોડવા ઉપાશ્રયે જઇ સામાયિક લઇએ અને ત્યાં પણ તેજ ધંધો કરીએ તો તેનું ફળ કર્મબંધન સિવાય બીજું કાંઈ ન મળે અને સામાયિકનું પચ્ચકખાણ પણ કેટલેક અંશે ખંડિત થાય. ઉપાશ્રયે તેવી સ્થિતિ હોય તો ઘેર સામાયિક કરવું સારૂં ગણાય. મતલબ કે નવરાશનો વખત સામાયિક લઈ સારાં સારાં પુસ્તકો વાંચવામાં અને અભ્યાસ કરવામાં અથવા નિર્દોષ ઉદ્યમો કરવામાં ગાળવો પણ પરાઈ નિંદા કરવી નહિ. કહ્યું છે કે:—

દોહરો.

નિંદા પરની જે કરે, કૂડાં દેવે આળ,
મર્મ પ્રકાશે પરતણાં, તેથી ભલો ચંડાળ.

## ૧૧ કુરિવાજો.

લગ્ન વખતે ફટાણાં ગાવાં, અપબ્દો બોલવા, એ જૈન સ્ત્રીઓનાં મોઢામાં નજ શોભે. મંગળિક ગીતો ગાવાથી વરકન્યાના સુખમાં વધારો થાય છે અને તેઓ જીવનપર્યંત એક બીજા પ્રત્યે અનુકૂળ રહી પોતાનો દંપતીધર્મ સાધે છે. લગ્ન વખતે ગવાતાં ગીતોનો એજ હેતુ હોઈ શકે. તેમાં હૃદયની આશિષનીજ મુખ્યતા હોવી જોઇએ. વડિલોની હાજરી હોય, બહારના ગૃહસ્થોની હાજરી હોય, તેવે વખતે ફટાણાં ગાતાં આપણને શરમ કેમ ન લાગે ? માટે આપણે ફટાણા ગાવાં નહિ અને ગવાતાં હોય તેમાં ભાગ લેવો નહિ, ત્યાં હાજરી આપવી નહિ. ત્યાં જઇએ તો આપણી દીકરીઓ અને બીજા બૈરાંઓ ઉપર સારા સંસ્કાર બેસે, એવાં નીતિનાં સુંદર ગીતો ગાવાં જોઇએ.

મરનાર પાછળ અતિ રૂદન કરવું, છાતી કૂટવી, શોક લંબાવ્યા કરવો, એ ધર્મી સ્ત્રીઓ માટે ઉચિત નથી. મરનાર તેથી પાછું આવતું નથી અને આપણને તેથી શરીર અને મનમાં દુઃખ વધ્યા કરે છે. તેવે વખતે આપણો એની સાથે એટલો જ સંબંધ હશે, નહિતર ચાલ્યા કેમ જાય ? એમ વિચારી ધર્મ-સાધનમાં વિશેષ ચિત્ત જોડવું. અતિ રૂદન તથા કૂટનપીટનથી કેટલીક વખત વિધવા સ્ત્રીઓ ખૂણામાંજ મરણને શરણ થાય છે. શોકને લંબાવવાથી અને રોજ સવારે મ્હોં વાળવાથી કેટલીક વખત એક શોકમાં નવા નવા શોક ભળતા જાય છે અને એ રીતે શોકવાળી સ્થિતિનો અંત આવતો નથી. ઘણે સ્થળે બજાર વચ્ચે ખુલ્લું કૂટવા પીટવામાં આવે છે, તે તો મુદ્દલ ઉચિત નથી. મરનારની પાછળ સ્વાભાવિક શોક થતાં રૂદન થાય, એ બનવા યોગ્ય છે. બાકી પાછળથી સંસારની રૂઢી જાળવવા માટે જે જે કરવામાં આવે તેમાં મ્હોટે ભાગે બળાત્કાર અને ખોટી રૂઢી કે કૃત્રિમતા સિવાય બીજું કશું જોવામાં આવતું નથી, માટે કુલીન સ્ત્રીઓએ આવા કુરિવાજો અટકાવવા તથા ઘટાડવા જોઇએ.

હલકી સ્ત્રીઓની સોબત કદી કરવી નહિ. ઊંચ જાતિની સ્ત્રીઓ પણ દુર્ગુણી હોય તો હલકીજ ગણાય છે. તેવી સ્ત્રીઓની સોબતથી આપણામાં દુર્ગુણો પ્રવેશ કરે છે અને સદ્‌ગુણો નાશ પામે છે. સૌને સદ્‌ગુણી થવું જ ગમે, દુર્ગુણી થવું કોઇને નજ ગમે, માટે સોબત સારા માણસનીજ કરવી.

પેટ હલકું ન રાખવું, ગંભીર થવું. કોઇએ કાંઇ વાત આપણને કહી હોય અગર કોઇની વાત સાંભળી હોય તો તે પેટમાં રાખી ગળી જવી. ઘણી વખત સાંભળેલી વાત ખોટી પણ હોય છે, અને આપણે તે વાત બહાર પાડી દીધી હોય તો તેથી

બીજાને બહુ દુ:ખ થાય છે, તેમજ તે વાત ખોટી છે, એમ નક્કી થયેથી આપણી નિંદા થાય છે, અને આપણો વિશ્વાસ ઉઠી જાય છે.

## ૧૨ સહનશીલતા.

શાણી સ્ત્રીઓએ સહનશીલ થવાનો મહાન્ ગુણ કેળવવો જોઈએ. સહનશીલતા એટલે ખમી ખાવું અગર સામો જવાબ ન દેતાં સાંભળી રહેવું. એ સ્ત્રીઓનું ખરેખરૂં ભૂષણ છે. તેથી ઘરમાં કલેશકુસંપ અટકે છે અને સ્નેહસુસંપ વધે છે. વાતવાતમાં ચ્હીડાઈ જઈએ, કોઈ જરા આપણા હિત માટે બે શબ્દો કહે ત્યાં ઉશ્કેરાઈ જઈએ તેથી પરિણામે આપણને બહુ હાનિ થાય છે. આપણો સ્વભાવ ચ્હીડીયો થઇ જાય છે, ક્રોધ આપણને છોડતો નથી અને શાંતિનું ખરૂં સુખ આપણને મળતું નથી. આથી શરીર ઉપર પણ ખરાબ અસર થાય છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ ઉપર દુ:ખના પ્રસંગો વધારે આવે છે. તેવે વખતે સહનશીલતાનો ગુણ કેળવ્યો હોય તો તે ઘણો ઉપયોગી થઇ પડે છે, દુ:ખની અસર થતી નથી અને શાંતિપૂર્વક આનંદથી સહન થાય છે. પણ કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ મેણાંટોણાંથી કાયર થઈને અગર ઘરદુ:ખનો ઉપાય ન સૂઝવાથી મુંઝાઈને નાનાં બાળકોને રઝળતાં મૂકી કૂવે પડીને કે ઝેર ખાઇને આપઘાત કરે છે, એ તેમની ઓછી બુદ્ધિ તથા અજ્ઞાનતાનું પરિણામ છે. તેથી તો તેમના બંને ભવ બગડે છે. શાણી અને કેળવાએલી સ્ત્રી આપત્તિ કાળે પણ મુંઝાતી નથી પણ ઉપાય શોધી આફત અને આફતને નીવારી શકે છે તથા કાળક્રોધને સમાવી સહનશીલતાથી શાંતિના સુખને પામી શકે છે.

## ૧૩ પ્રેમ–ભાવ.

સ્ત્રીઓમાં પ્રેમરૂપી એવો આકર્ષક ગુણ છે કે તેના સદુપયોગથી તે ધારે તો આખા કુટુંબને વશ કરી શકે. પણ તેનો ઉપયોગ તેઓ મ્હોટે ભાગે પતિ તરફજ કરે છે. ખરી રીતે સ્ત્રીઓએ પ્રેમનો ઉપયોગ કુટુંબના દરેક માણસ, સગાં-વ્હાલાં, દાસદાસી, ભિક્ષુક, પશુવર્ગ અને અન્ય કોઇ પણ ગુણી જનને ચ્હાવામાં કરવો જોઇએ. ગુણીના ગુણ જોઈ હર્ષિત થઈ બને તેટલી તેની સેવા કરવા દોડી જવું જોઇએ, અને આ મનુષ્યદેહથી જેટલું બીજાનું ભલું થાય તેટલું કરી તેને સફળ કરી લેવો જોઇએ. સેવા કરવામાં કે અન્યનું ભલું કરવામાં ઊંચ નીચ ગમે તે જાત હોય તેનો કે ન્હાના મ્હોટાનો ભેદ ન ગણવો જોઇએ. પોતાના સહવાસી સર્વને કુટુંબી માની તેની પ્રેમથી સેવા કરવી જોઇએ. બીજાને દુ:ખી જોઈ આપણું હૃદય ખરે-ખરૂં દ્રવવું–પીગળવું જોઇએ. દરેક બ્હેનો ધારે તો આવો પરો-પકાર અનેક રીતે કરી શકે. સન્નારીઓની આ ઊંચામાં ઊંચી ફરજ છે.

પ્રેમભાવ એ અલૌકિક સદ્ગુણ છે. પ્રેમભાવથી મનુષ્ય દરેક પ્રાણીનાં મન હરણ કરી શકે છે. રાજા મહારાજાનો પ્રેમભાવ પોતાની પ્રજા પ્રત્યે હોય તો તેઓ પોતાનું રાજયતંત્ર નિર્ભયતાથી સુખે ચલાવી શકે છે. શિક્ષાગુરૂનો પ્રેમભાવ પોતાના વિદ્યાર્થીઓ ઉપર હોય તો તેની સુંદર અસર એટલી બધી થાય છે કે વિદ્યાર્થીઓ પોતાના ગુરૂને માનપૂર્વક ચાહે છે, તેમના મુખ-માંથી નીકળતા બોલ ઝીલે છે, અને તેમની શાળાનું કાર્યપરિણામ ઘણું ઉત્તમ આવે છે, બીજી સર્વ શાળાઓ કરતાં તેમની શાળા ઉત્તમ પંક્તીમાં મૂકાય છે. તેમના ઉત્તમ સદ્ગુણોને લીધે તેની માન-પ્રતિષ્ઠામાં ઘણો વધારો થાય છે, અને સકળ પ્રજાજનનો તે પ્રેમ-

ભાવ મેળવી શકે છે. સારો વેપારી પ્રેમભાવ અને મીઠી વા-ણીથી ગ્રાહકનાં મન મેળવી શકે છે, અને પોતાના ધંધાવેપા-રમાં ફતેહમંદ નીવડી શકે છે.

તેજ પ્રમાણે સારી લાયકાતવાળાં બૈરાંઓમાં પ્રેમભાવ, મીઠી વાણી અને વિનય એ સદ્‌ગુણો કુદરતી રીતે આવી વસેલા હોય છે. સદ્‌ગુણી સ્ત્રીનાં દરેક કાર્યોમાં તેના ઉત્તમ ગુણોની ભા-વના ઝળકી ઉઠે છે. એક સદ્‌ગુણ બીજા સદ્‌ગુણને વધારે છે. સત્ય બોલવું એ સદ્‌ગુણ એવો શ્રેષ્ઠ છે કે તેના લીધે બીજા સદ્‌ગુણો એક પછી એક આવતાં જાય છે, અને માણસની ઉજ્જવલ કીર્ત્તિમાં વધારો થતો જાય છે. સાસરામાં પગ મૂકતાં જ શરૂ-આતથી જે સ્ત્રીની સારી પ્રશંસા થઈ અને જેના સદ્‌ગુણોની સારી છાપ પડી, તે આખી જીંદગી પર્યંત વધતી લાયકાતને લીધે સુખી જીવન ગાળે છે, કુટુંબી વર્ગમાં તે દૃષ્ટાંત રૂપ થઈ પડે છે, અને સ્વજ્ઞાતિમાં, પાડોશીઓમાં અને ગામમાં સર્વત્ર તેનાં ઉત્તમ કાર્યો અને રહેણીકરણીના ગુણો જાહેરમાં આવવાથી તે માન-પ્રતિષ્ઠા પામી શકે છે.

એ ઉત્તમ સદ્‌ગુણો પોતાનાં બાળકોને ઉછેરવામાં તેને ઘણા ઉપયોગી થઈ પડે છે. માતાના સદ્‌ગુણોની છાપ બાળકો ઉપર વહેલી જામે છે. પુત્ર કે પુત્રી દરેક બાળક માતાના વર્ત્ત-નનો વારસો સહેલાઇથી મેળવી શકે છે, અને બાળક મોટું થતાં માતાના અને પિતાના ગુણો પોતાની રહેણીકરણીમાં ઉતારી શકે છે. સદ્‌ગુણોની બાળપણામાં પડેલી સુંદર છાપ જીંદગી પર્યંત ટકી શકે છે. પોતાનાં બાળક ઉપરનો માતાનો કુદરતી પ્રેમ કેવળ અલૌકિક છે. તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે.

# ૩ દીકરી પ્રત્યે માતાનો સદ્બોધ.

## ૧ પ્રસ્તાવ કુટુંબ સ્થિતિ.

આપણા પ્રાંતના એક શહેરમાં સોભાગ્યચંદ નામે શ્રાવક રહેતો હતો. તે ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધાવંત હતો, અને યથાશક્તિ ધર્મક્રિયા કરવામાં તથા મુનિમહારાજાઓની સેવાભક્તિ કરવામાં હંમેશાં પ્રવૃત્ત રહેતો હતો. તેની સ્થિતિ સામાન્ય હોવાથી તે એક નાની સરખી દુકાનમાં વેપારની પરચુરણ ચીજો રાખી પ્રામાણિકપણે નેસ્તીનો સામાન્ય ધંધો કરી પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવતો હતો. તેના ઘરમાં શ્રાવકધર્મને વિષે શ્રદ્ધાવંત પ્રેમકુંવર નામે સ્ત્રી હતી. તે બાઈ વ્યવહારકુશળ, શાણી, વિવેકી અને વિનયવંત હતી. તેને કમળાવતી નામે એક દીકરી અને કાંતિલાલ તથા મણિલાલ નામે બે દીકરા એ પ્રમાણે ત્રણ ફરજંદ ( છોરૂ ) હતાં. કમળાવતીને બારમું વરસ ચાલતું હતું. કાંતિલાલ ચાર વરસનો અને નાનો મણિલાલ બે વરસની ઉમ્મરનો હતો. એ પ્રમાણે બંને ભાઇઓની બાળવય ચાલુ હતી.

## ૨ શિક્ષણ (અભ્યાસ).

કમળાવતીને તેની માતા નાનપણથીજ સારી સારી વાર્તાઓ અને શીખામણોથી સદ્બોધ આપી ઘરકેળવણી આપ્યા કરતી હતી. તેની છ વરસની ઉમ્મર થતાં ગુજરાતી લખવા વાંચવાના તથા બીજા વ્યાવહારીક શિક્ષણને માટે ગામની કન્યાશાળામાં અભ્યાસ કરવા મૂકી હતી. આઠ વરસની ઉમ્મર થતાં તેણે જૈનશાળામાં ધાર્મિક જ્ઞાન લેવાનું શરૂ કર્યું હતું અને અગિયાર બાર વરસની વય થતાં બંને શાળાઓમાં અભ્યાસ કરી સારૂં

જ્ઞાન મેળવ્યું હતું; તેમજ ઘર તરફથી માતપિતાના ઉત્તમ સંસ્કારો તથા શાળામાંથી મળતા બોધને લીધે તેનામાં ઉત્તમ સદ્ગુણોનો પ્રવેશ થયો હતો.

કમળાવતીમાં એક મુખ્ય ગુણ એ હતો કે તે વખતને મુદ્દલ નકામો જવા દેતી નહીં. શાળામાંથી ઘેર આવે કે તરતજ પાછી ઘરકામમાં લાગી જતી હતી અથવા તો પોતાના બે નાના ભાઇઓને રમાડવામાં અને માતાને સહાય કરવા જેવાં કામો શું શું કરવાનાં છે, તે તેમને પૂછીને તે કરવામાં આનંદ માનતી હતી. જરા પણ નવરા બેસી રહેવું તેને ગમતું નહિ. જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે પોતાનો અભ્યાસ પાકો કરવામાં તે વખત ગાળતી હતી.

વળી ઘરકામથી પરવારી બપોરના વખતે પ્રેમકુંવર–ગામમાંથી આવેલું શીવણનું, ગુંથણનું કે કસબી ભરતનું કામ કરવા બેસતી હતી, અને કમળાવતીને રજાને લીધે શાળામાં જવાનું ન હોય તો તે વખતે માતાની પાસે બેસી નાનપણથીજ તે દરેક કામ કાળજીથી શીખતી હતી. પ્રેમકુંવર પણ ખંત રાખી તેને આવાં ઉદ્યોગનાં કામ શીખવતી હતી, જેથી ત્રણચાર વરસમાં તો ઉદ્યોગહુન્નરનું તમામ કામ તે શીખી ગઈ. થોડા વખતનો પણ ચીવટ રાખી ઉપયોગ કરવો, એ ગુણને લીધે તે સર્વ કામમાં કુશળ બની હતી.

## ૩ કમળાવતીની લાયકાત.

શોભાગ્યચંદ શેઠ જ્યાં રહેતા હતા, તે મહેલ્લામાં કુટુંબી ભાઇઓના પચ્ચીશ ઘરનો જથ્થો હતો. કમળાવતીનો શાંત અને હસમુખો સ્વભાવ, તેની બુદ્ધિ, વિનય, વિવેક, કાર્ય-

કુશળતા, આનંદિત સુંદર મુખકાન્તિ તથા મધુરી વાણીને લીધે મહેલ્લાના નાના મોટા સર્વ કુટુંબી જનો તેને બહેન કહીનેજ બોલાવતા હતા, અને સઘળી વહુઆરૂઓ તો બા કહીનેજ બોલાવતી હતી. આખા મહેલ્લાના સ્વજન વર્ગ ઉપર તેની અસરકારક છાયા પડી ગઈ હતી. ગામની જ્ઞાતિમાં પણ તેની સારી પ્રશંસા થઇ રહી હતી. મહેલ્લાના કુટુંબી જનોમાં મહેમાન-પરોણા આવેલ હોય ત્યારે અગર જરૂરના પ્રસંગે રસોઈનાં કાર્યમાં મદદ કરવાને ઘણીખરીવાર આમંત્રણો આવતાં, અને પોતાની માતાની રજા લઈ હોંસથી કમળાવતી બોલાવનારને ત્યાં જતી હતી. મહેલ્લામાંથી ઘણીખરી તેના જેવડી બહેનપણીઓ શીવણકામ, ગુંથણકામ, રેશમનું ભરતકામ તથા કસબી જરીનું ભરતકામ શીખવાને માટે બપોરના નવરાશની વખતે અવારનવાર આવતી, તેમને તે ઉમંગથી શીખવતી હતી. અને મહેલ્લાના ચોકમાં ચાંદની રાત્રિને વિષે કુટુંબી વર્ગનાં બૈરાંઓ ગીતો ગાવાને ભેગાં થતાં, ત્યારે તેમાં પણ તે અગ્રેસર તરિકે સારો ભાગ લેતી અને સુંદર ગીતો ગવરાવી સૌને આનંદ આપતી હતી.

## ૪ પિતાની માંદગી.

કમળાવતીની બાર વરસની ઉમ્મર પૂરી થવા આવી ત્યાં સુધીમાં તેનું વેવિશાળ ( સગપણ ) કરેલું ન હતું. તેના પિતાશ્રી સોભાગ્યચંદ શેઠ કોઈ લાયક સુરતીઆ વેરે તેનું સગપણ કરવાની તજવીજમાં હતા, પણ દૈવવશાત્ તેમને અર્ધાંગવાયુનું દરદ લાગુ થયું. દિવસે દિવસે શરીર વધારે બગડવા માંડયું, જમણી બાજુ તરફનું અર્ધું અંગ તદ્દન ઝલાઈ ગયું, અને પોતે પથારીવશ થઇ પડયા. હવે તેમનાથી કશું કામકાજ

થઈ શકે તેવું રહ્યું નહિ. હવે તેમને પોતાની પરચુરણ વેપારની દુકાન હતી તે તદ્દન બંધ કરવી પડી. તેમની તરફની હવે બીલકુલ કમાણી રહી નહિ અને માંદગીને લીધે વૈદ્ય અને દવા વગેરેનો ખર્ચ વધ્યો, કારણ કે ઘરખર્ચના નીભાવનું સાધન બંધ પડયું હતું. શોભાગ્યચંદ શેઠની ઉંમર તો ૩૭ વરસની થઈ હતી, પણ માંદગી વધુ લંબાવાને લીધે શરીર અટકી પડવાથી તેઓ પરવશ થઇ ગયા. ઘરના ખર્ચનો બોજો અને વ્યવહાર નીભાવવાનું કામ પ્રેમકુંવરને માથે આવી પડયું. પ્રેમકુંવર શીવણ, ગુંથણ તથા ભરતનું કામ કરીને બાર મહિને આશરે એક સો રૂપિઆ જેટલી કમાણી કરીને પોતાના સ્વામીને ઘરખર્ચમાં મદદ કર્યા કરતી હતી, પણ હવે તો તમામ ખર્ચનો બોજો પોતાને માથે આવી પડયો.

પ્રેમકુંવર પોતે રેશમ તથા કસબ ભરવાનું કામ સારૂં જાણતી હતી, અને તે કામ બે વરસથી કમળાવતીને પણ શીખવતી હતી. શાહેરમાં જરીની ટોપીઓ, કપડાં, કમખાં, પોલકાં અને સાડીઓ વગેરે ભરવાનો ધંધો સારો ચાલતો હતો; તે તે કામમાં પેદાશ પણ સારી હતી, તેથી માદીકરી બંને-એ તે કામમાંથી રોજી પેદા કરવાનું ધાર્યું, અને છ બાર મહિનામાં તો એ કામની સારી આવડતને લીધે વીસથી પચીસ રૂપીઆ જેટલું બંને મળીને દર મહિને કમાતા થઇ ગયા. આ પ્રમાણે જાત ઉપર ધંધો લેવાથી ઘરખર્ચની ઉપાધિ પ્રેમકુંવરને ઓછી જણાવા લાગી.

## ૫ દીકરીનાં કંકુકન્યાએ લગ્ન.

પોતાના સ્વામીની માંદગીને અઢી ત્રણ વરસ થયાં. દીકરીની ઉમ્મર પંદર વરસની થવા આવી, જેથી તેનું વેવિશાળ કરી

તેનાં લગ્ન કરવાની ફરજ પ્રેમકુંવરને માથે આવી પડી. પોતાના કુળની શોભા કેમ વધારવી, તે પ્રેમકુંવર સારી રીતે જાણતી હતી. શહેરમાં પોતાની જ્ઞાતિમાં પોતાનું ઘર કન્યાવિક્રય નહિ કરનારમાં ગણાતું હતું, અને તેના સારા સંસ્કાર પ્રેમકુંવરના હૃદય પર પડેલાં હતાં; જેથી પોતાના ગામના હરિચંદ શેઠના ગુણવાન પુત્ર જયચંદની સાથે પોતાના પતિની સલાહથી તેણે કમળાવતીનું કંકુકન્યાએ વેવિશાળ કર્યું.જયચંદની ઉમ્મર એકવીશ વરસની હતી. તે સારી કેળવણી પામ્યો હતો અને જૈન ધર્મનો પૂરો રાગી અને શ્રદ્ધાવાન હતો.એક સારા વેપારીના ભાગમાં તેને સૂતર અને કાપડની દુકાન કરી હતી, અને દરવરસે આઠસોથી એક હજાર રૂપિયા જેટલી પોતાના ભાગમાં તેને પેદાશ હતી. વેવિશાળ થયા પછી છ મહિનામાં લગ્ન કરવાનો વખત આવ્યો. લગ્ન નક્કી થયા તે વખતે કમળાવતીના સસરા હરિચંદ શેઠે વેવાઇને ઘેર આવી ખાનગીમાં વાત કરી કે 'લગ્ન વખતે તમારી અને અમારી શોભા વધે તેવો વિવાહ થવાને માટે વિવાહની તમામ સામગ્રી હું મોકલાવી આપીશ, તેની કશી ફિકર રાખશો નહીં.' આ વાત સાંભળતાં સોભાગ્યચંદ તથા પ્રેમકુંવર બંને ઝંખવાણાં પડી ગયાં, અને તરત જ હરિચંદ શેઠને કહી દીધું કે 'તમારે આવી વાત મોઢામાંથી કદિ બહાર કાઢવી નહિ, અમારે એવી ખોટી શોભા લેવી નથી, અમે અમારી શક્તિ અનુસાર બે દિવસમાં વિવાહનું કામ ઉકેલીશું પણ કુળને ખાંપણ લાગવા દેવા અમારો વિચાર નથી.' પછી પોતાની શક્તિ અનુસાર ઘરનો ખર્ચ કરી કમળાવતીનાં લગ્ન જયચંદની સાથે રૂડી રીતે કર્યાં. પોતાની આવી કઠણાઇવાળી સ્થિતિ હોવા છતાં વેવાઈના ઘરનો ચોખાનો એક દાણો પણ ઘરમાં પડવા ન

દીધો, તેથી શોભાગ્યચંદ શેઠની તથા પ્રેમકુંવરની ગામમાં તથા જ્ઞાતિમાં સારી કીર્ત્તિ ફેલાણી અને સૌ તેની વાહવાહ બોલવા લાગ્યા.

## ૬ માતપિતાનો પુત્રી પ્રત્યે સંતોષ.

પ્રેમકુંવર—બ્હેન કમળાવતી ! છેલ્લા પાંચ વરસમાં મારાથી બની શક્યું તે પ્રમાણે ઘર સંબંધી વ્યવસ્થા રાખવાનું તથા રસોડા સંબંધી રસોઈ પાણી વગેરેનું દરેક કાર્ય જયણા પૂર્વક કેવી રીતે કરવું, તે મેં તને કાળજી રાખી શીખવ્યું છે; વળી ઘર સંબંધીનું બીજું છુટક કાર્ય–દળવું, ભરડવું, અનાજ વગેરે સોવું, ઝાટકવું, ખાંડવું અને સાફસુફ રાખવું વગેરે ઘર સંબંધી દરેક વ્યવહારૂ પરચુરણ કાર્યો તું સારી રીતે જાણે છે અને કરી શકે છે. આપણા ઘરનાં દરેક કાર્યોમાં તું પૂર્ણ માહિતગાર થયેલી છો, એટલુંજ નહિ પણ તું તારે મોસાળ તારા મામાને ત્યાં છ મહિના હમણાં જ રહી આવી છો, જેથી તેમના ઘરના વહિવટનો પણ તને સારો અનુભવ થયો છે. તહેવાર આદિ પ્રસંગોએ જમણને માટે જૂદી જૂદી જાતનાં પકવાનો તથા ઊંચા પ્રકારની રસોઇ અને પરગામથી આવેલા મેમાન–પરોણાઓ માટે તથા શુભ ટાણે અવસરે જૂદી જૂદી પ્રકારની સામગ્રીઓ અગાઉથી ઘરમાં પોતાની ગુંજાશ પ્રમાણે કેવી રીતે તૈયાર રાખવી, એ સર્વ કાર્ય તારા મોસાળમાં રહીને અને આપણા મહેલ્લાના ગૃહસ્થ પાડોશીઓના ઘરની રીતભાત જોઇને તથા આપણા ઘરની રીતભાત પ્રમાણે શીખીને તું માહિતગાર થયેલી છો, જેથી તું તારા સાસરીઆના ઘરનો કાર્યભાર તારી પોતાની વિવેકબુદ્ધિથી કુસળતાભરીરીતે ઉપાડી લઈ તારી સાસુ અને નણંદોને તથા ઘરનાં તમામ માણસોને પૂરેપૂરો સંતોષ આપી શકીશ, એવી મને ખાત્રી છે. જેથી

તારી કાર્યકુશળતા અને સદ્બુદ્ધિ માટે તારા પિતાશ્રીને તથા મને ઘણો આનંદ થાય છે.

પણ એક વાતની મને હવે નવી ચિંતા ઉત્પન્ન થઈ છે. તને પરણ્યાને હવે નવમો માસ બેસવાનો જેથી દેશાચાલ પ્રમાણે તારા સાસરીઆ તરફથી આણું વાળવા આવશે. આવતી દીવાળીના પ્રસંગ ઉપર ધનતેરશના દિવસે આણું વળાવી તને તારા સાસરે મોકલવાની છે. એ આણા સંબંધી મારે કેવી રીતે તજવીજ રાખવી, તે કાર્યનો વિચાર મને એક મહિનાથી થયા કરે છે. દીકરીનો હક માવતર ઉપર છે, એ હું સારી રીતે જાણું છું પણ મારે આપણા ઘરની સ્થિતિનો અને બજારમાં આપણી આબરૂ સચવાઇ રહે તેનો ખ્યાલ રાખવાની પણ પ્રથમ જરૂર છે. તારા પિતાશ્રીની માંદગીને લીધે તેઓ ત્રણ ચાર વર્ષ થયાં ખાટલાવશ છે, હવે તો તેમનું અંગ મુદ્દલ હરી ફરી શકતું નથી,તેમજ તારા બે ભાઇઓ નાનાં બાળક જેવા છે, એ ત્રણેની સારવારમાં તું મને સારી મદદગાર હતી. તું હવે સાસરે જવાની હોવાથી તારા તરફથી જે ટેકો મળતો હતો, તે પણ હવે બંધ થઇ જવાનો છે. હવેથી ઘરનું સઘળું કામકાજ મારે એકલાંજ કરવું પડશે, અને તારા પિતાશ્રીની માંદગીની સઘળી સારવાર પણ મારે પોતાનેજ કરવાની રહેશે. તેમનું શરીર સાજું અને સારૂં હોય ત્યારની વાત જૂદી છે, પણ અત્યારે માંદગીના વખતમાં તો તેમના આત્માને જરા પણ દુઃખ ન થાય, એવી રીતે સંભાળીને મારે વર્ત્તવાનું છે. જેથી શીવણનું, ભરતનું કે કસબી કામ કરી પાંચ પૈસા ઘરખર્ચના માટે પેદા કરવાનું કામ હાલમાં ચાલુ છે, તે પણ હવે બરાબર ચાલી શકશે નહિ. તેમજ તારા લગ્નપ્રસંગની ખરાજાતના દેવામાંથી પણ હું પૂરેપૂરી મુક્ત થઈ શકી નથી, એ વાત તો તું જાણે

છે. આવી સ્થિતિમાં તારા આણાનું કામ હવે મારે થોડા વખતમાંજ ઉકેલવું પડશે, તેની મને ચિંતા થયા કરે છે.

કમળાવતી—આ ! તમારે મારા આણા માટે બહુ ચિંતા કરવી નહિ. આપણા ઘરની સર્વ બાબત મારાથી કાંઈ અજાણી નથી. આણામાં બીજા શેઠીઆઓની દીકરીઓની પેઠે કરીઆવર ન થાય, અને થોડો થાય કે મુદ્દલ ન થાય, તેથી મને દુઃખ લાગવાનું નથી અગર ઓછું લગાડવાનું મારે કંઈ કારણ નથી, હું કાંઈ અણસમજુ નથી. તમે આજ સુધીમાં મારે માટે ઘણું ઘણું સહન કર્યું છે, એ તમારો ઉપકાર હું કદીપણ ભૂલું તેમ નથી. અને તમારા ઉપકારનો બદલો પુત્રી તરિકે હું વાળી શકું તેમ પણ નથી. તમે મને એ વખતે સારી આશિષ આપો એટલે મને સર્વ મળ્યું, એમ હું માની લઇશ. વળી મારા બે ભાઇઓ નાના છે, તેને ઉછેરી મોટા કરો, અને ભણાવી ગણાવી હુશિઆર કરો એટલે મારી સર્વ આશાઓ સફળ થશે. મારા પિતાશ્રી તથા તમે બંને ધર્મ ઉપર શ્રદ્ધાવંત છો, અને નીતિમય સદાચરણથી તમે ગૃહવ્યવહાર ચલાવી રહ્યા છો, અને ખરા સંકટને સમયે પણ સદ્બુદ્ધિ સાચવી રહ્યા છો, જેથી અવશ્ય આપણા કુટુંબનું કલ્યાણજ થશે, અને મારા પિતાશ્રીને પણ હવે આરામ આવી જશે તથા સર્વ પ્રકારે સંકટનો સમય મટી સુખનો સમય જરૂર પ્રાપ્ત થશે, એ પ્રમાણે મારૂં હૃદયબળ મને સૂચવી રહ્યું છે, તે તમો બંનેને મારા અંતઃકરણના ખરા ભાવથી હું નિવેદન કરૂં છું.

વાહ ! પુત્રીના મુખેથી આવા સુંદર શબ્દો સાંભળી માતા તથા પિતાને આનંદનો પાર રહ્યો નહિ. શાણી દીકરીએ સાસરે જતાં પહેલાં અગાઉથી પોતાની ફરજ બજાવી લીધી, અને આપણી ચિંતાનો બોજો ઓછો કરવા પ્રયત્ન કર્યો, તે જાણી ડાહી પુત્રી પ્રત્યે બંનેનો સદ્ભાવ વધ્યો અને બન્ને સંતોષ પામ્યા.

# માતાનો સદ્બોધ.

## ૧ સામાન્ય હિતશિક્ષા.

૧ કરિયાવર વિષે પ્રેમકુંવર કહે છે. બ્હેન કમળાવતી! તું ડાહી અને સમજણી પુત્રી છો એટલે માવતરની સ્થિતિ અને સંયોગો પ્રમાણે થોડા કરિયાવરથી તારા મનને સંતોષ રહી શકશે, જેથી તને દુઃખ લાગે તેમ નથી એ વાત ખરી, પણ આપણી જ્ઞાતિમાં ગૃહસ્થ માણસોએ કરિયાવર આપવાનો રિવાજ ઘણોજ વધારી દીધો છે. વળી કન્યાવિક્રય કરનાર માણસો પણ બહોળા હાથે દીકરીઓના દામ લેતા હોવાથી તેઓને પણ કરિયાવર કરતાં અડચણ આવતી નથી, પણ સામાન્ય સ્થિતિના માણસોને આવા વધી ગએલા રિવાજને લીધે ઘણું વેઠવું પડે છે. ગૃહસ્થ માણસો તો સોનાના દાગીનાઓ આણામાં કરાવી આપે છે. વળી પલંગ, પટારા અને તાંબા, પીતળ કે જર્મનનાં વાસણો વગેરે અનેક ચીજો દીકરીને કરિયાવરમાં આપતાં આપણે જોઇએ છીએ, તેના પ્રમાણમાં અમે તો તેવું કાંઇ કરી શકીએ તેમ નથી. માત્ર બે પાંચ જોડ લુગડાં આપી અમારે સંતોષ માનવાનો છે. પણ તે કરિયાવર કરતાં વધારે કિંમતી કરિયાવર તરીકે મારે તને ઉત્તમ સદ્બોધ આપવાનો છે, તે તું બરાબર અંગીકાર કરીશ અને તે પ્રમાણે વર્ત્તીશ એટલે તેથી તું તારા સાસરીઆના કુટુંબમાં સારી રીતે માનપ્રતિષ્ઠા મેળવી શકીશ અને સર્વ પ્રકારે સુખી થવા પામીશ, તે જોઇ અમને વધારે હર્ષ અને સંતોષ થશે.

૨ કપડાં વિષે—હાલના જમાના પ્રમાણે તારામાં કોઇ પણ પ્રકારની આછકલાઇ નથી. કેટલાંક બૈરાંઓ તો બહુ ઝીણાં અને

આછાં વસ્ત્રો પહેરે છે, એ કાંઇ ઠીક નથી. એથી તો શરીર અરધાં નવસ્ત્રાં જેવાં દેખાય છે અને તેમાં પોતાની અને પોતાના ઘરની લાજમર્યાદા જળવાતી નથી. સામાન્ય રીતે સારાં લુગડાંલત્તાથી નભાવી લેવું, એમાંજ આપણી શોભા છે. ખપજોગાં લુગડાં લેવરાવવાં અને બે વર્ષ ચાલે તેટલી ભરતી રાખવી એ ઠીક છે, પણ વધારે પડતો ખર્ચ કરાવી પેટીપટારા ભરી મૂકવા, એ સારૂં ગણાય નહિ. તારામાં આછકલાઇનો દુર્ગુણ નથી તેથી મારે તને એ બાબત વધારે કહેવાનું નથી.

૩ ઘરેણાંગાંઠા વગેરે આપણને જે સાંપડેલાં હોય તે સંભાળીને વાપરવાં અને જરૂર ન હોય ત્યારે અગર કામકાજની ભીડ વખતે સાચવીને મૂકી રાખવાં. વારંવાર તૂટી ન જાય તેની સંભાળ રાખવી. હાલમાં તો દર વર્ષે નવી નવી ફૅશનો વધતી જાય છે અને નવા નવા ઘાટ થતા જાય છે, જેથી બીજાઓના દાગીના જોઇને તેવા કરાવવાના મોહમાં કે લાલચમાં ફસાવું નહિ અને ઘરનાં વડિલોની ઇચ્છા વિના પતિ પાસે તેવા કરાવી આપવાની માગણી પણ કરવી નહિ.

૪ ઘણાંખરાં ઘરોમાં આપણે જોઇએ છીએ કે પહેરવા ઓઢવા અને વાપરવાની ચીજો લાવી આપવાના કે કરાવી આપવાની પંચાતનાજ કજીઆ ચાલ્યા કરતા હોય છે. દીકરીઓને અને વહુ-વારૂઓને પહેરવા ઓઢવાના કોડ નવી ફૅશનો વધી પડવાને લીધે કોઇ રીતે પૂરા પડતા નથી, તેથી તેઓ ઘરના માણસોને નકામા હેરાન કર્યા કરે છે અને નિરાંત વળવા દેતા નથી.તેમાં વળી વિવાહ-આદિ સારા પ્રસંગે કે વાર તહેવાર જેવા ઉત્તમ દિવસોએ તો ઘરનાં બૈરાંઓ તરફથી ઠેર ઠેર ઝગડા થતા નજરે પડે છે. આપણે તો એવી પંચાતો અને કજીઆકંકાસથી સદાય દૂરજ રહેવું.

એવા ઉત્તમ દિવસોએ તો પોતાનાં સાસુ, સસરા કે વડિલો આપણને પહેરવાનું જે કાઢી આપે અગર કહે તે પ્રમાણેજ કરવું. એમાંજ પૂર્ણ સંતોષ રાખવો, જેથી આપણી લાયકાત અને સન્માન વધે.

## ૨ ઘરનાં કામકાજ સંબંધી.

૫ જયણા વિષે—બેટા કમળાવતી ! આપણે શ્રાવક છીએ અને જીવોની દયા પાળવી, એ આપણી મુખ્ય ફરજ છે. જેથી સવારે ઉઠીએ ત્યારથી તે રાત્રે નવ દશ વાગે નિરાંતે સૂઇ જઇએ ત્યાં સુધીમાં ઘરનાં દરેક કાર્યો જયણાપૂર્વક થતાં તું આપણે ઘરે જુએ છે, તે પ્રમાણેજ તારા ઘરે પણ તારે સંભાળથી જયણા પાળવાની ખંત રાખવી. તને જયણા પાળવાની ટેવ પડેલી છે, તેમાં આળસ કરી જયણાની ઉપેક્ષા કદી કરવી નહિ. એ આપણો અણમૂલો ધર્મ છે. દરેક કાર્યમાં જયણાની સંભાળ રાખવાથી જીવજંતુઓ મરતાં બચે છે અને આપણાં શરીર નીરોગી રહે છે. એ પ્રમાણે કરવાથી શું શું લાભ થાય છે અને સંભાળ નહિ રાખવાથી કેવા કેવા અનર્થો ( હાનિ ) થાય છે, તે હું તને મારા અનુભવ પ્રમાણે હવે પછી સમજાવીશ, તે તું બરાબર ધ્યાનમાં રાખજે.

૬ ધાર્મિક વૃત્તિ સાચવવી અને ગુણવંત બનવું, એ આપણી પહેલી ફરજ છે. પાછલી ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે પથારીમાંથી જાગી ઉઠવું અને પોતાના અવકાશ પ્રમાણે સામાયિક, પ્રતિક્રમણ, પરમાત્માનું સ્મરણ આદિ જે કાંઇ બની શકે તે કરી લેવું. બાળબચ્ચાંઓની બનતી સંભાળ લેવી. પોતાના પતિ અને સાસુ, સસરા વગેરે વડિલવર્ગ નિદ્રામાંથી જાગ્યા હોય તેમને પગે

લાગવું. એ પ્રમાણે વડિલો પ્રત્યેનો વિનયભાવ સાચવીને પછી દેવદર્શન કરી ગૃહકાર્યમાં જોડાવું.

૭ આરોગ્ય—શરીરે સાજા નરવા રહેવા માટે કસરતની બહુ જરૂર છે. પુરૂષોને કસરત કરવાનાં અને હરવા ફરવાનાં જૂદાં જૂદાં સાધનો અને પ્રસંગો ઘણા હોય છે અને શરીરશક્તિ વધારવાને તેમને ઘણે પ્રકારે તકો સ્વાભાવિક મળી રહે છે, પણ સ્ત્રીઓને માટે તો દળવું, ખાંડવું, નદી, કુવા કે તળાવેથી પાણીનાં બેડાં ભરી-લાવવાં, છાશ તાણવી, ઘરનાં કપડાં ધોવાં, એ વગેરે ઘરનાં દરેક કાર્યોમાં ઘણી સારી રીતે કસરતશાળાનુંજ તત્વ રહેલું છે. સુખી ઘરનાં ઘણાંખરાં બૈરાં દળતાં ખાંડતાં કે પાણી ભરતાં નથી, જેથા તેમનાં શરીરને કસરત નહિ મળવાથી તેમનાં શરીરના બાંધા ઘણા નબળા રહે છે અને તેથી તેઓ અનેક પ્રકારના રોગમાં સપડાય છે. જેને ઘરમાં કામકાજ કરવાનું હોતું નથી, એવી કેટલીક સ્ત્રીઓનાં શરીર લોહી વગરનાં, નિસ્તેજ અને પીળાં પડી ગયેલાં હોય છે, તેઓમાં તાકાત હોતી નથી અને દરરોજ વૈદ્ય–દાકતરને ત્યાં તેઓને દવાની શીશીઓ ચાલતી રાખવી પડે છે. માટે શરીરનું આરોગ્ય સાચવવા સારૂ ઘરનાં દરેક મહેનતવાળાં કાર્યો જાતે જ કરવાની ટેવ રાખવી બહુ જરૂરની છે.

૮ ઘઉં, બાજરી વગેરે જે કાંઇ દળવાનું હોય તે આગલે દિવસે સોઇ, ઝાટકી બરાબર સાફ કરી રાંખવું જોઇએ. એ પ્રમાણે ન કરીએ તો ધનેડાં આદિ અનેક જીવજંતુઓ ઘંટીમાં પીલાઇ જાય અને આપણને દોષ લાગે. દળવા બેસતી વખતે ઘંટીનું ઉપલું પડ ઊંચું કરી તેનો ગાળો હોય તે કાઢી નાખવો અને થાળું વગેરે સંભાળથી સાફ કર્યા પછીજ દળવાનું શરૂ કરવું જોઇએ.

આટલી તજવીજ ન રાખીએ તો ઘંટીના ગાળાના દાણામાં રહેલા જીવો તથા પાછળથી ભરાઇ ગયેલા જીવજંતુઓ ઘંટીમાં દળાઇ જવાથી મરી જાય અને આપણા પેટમાં તે લોટ જવાથી અનેક રોગો ઉત્પન્ન થાય, તેનું દુઃખ આપણે ભોગવવું પડે. પાછલી રાત્રે અંધારાને વિષે દળવું પડે ત્યારે દીવો કરી ઘંટી તળે કોઇ જીવ ભરાઇ રહેલ હોય તેની તપાસ કર્યા પછીજ દળવા બેસવું, કારણ કે ઘંટી નીચેથી સર્પ કરડવાથી ઘણાના જીવ ગયેલા સાંભળ્યા છે! આ પ્રમાણે દળવાનું કાર્ય શરૂ કરતાં પહેલાં પૂરતી સંભાળ રાખવી ઘટે છે. વળી દળવાનું કાર્ય કરવામાં આપણે તિથિઓ પાળવાની હોય છે તેથી બે ત્રણ દિવસ ચાલી શકે તેટલો લોટ વહાણું વાતાં પહેલાં દળી લેવો જોઇએ, જેથી ઘરનાં બીજાં દરેક કામોને વેળાસર પહોંચી શકાય.

## ૩ પહેલા પહોરનું ગૃહકાર્ય.

૯ સર્વેની પથારીઓ કે ખાટલા વગેરે ઉપાડી લેવા, ઘરમાંથી કચરો કાઢવો, પાણી ગળવું અને નવું તાજું પાણી ભરી લાવવું તથા ઘરનાં વાપરવાનાં વાસણો માંજવાં, એ પ્રથમ કરી લેવાં જેવાં અગત્યનાં કામો છે, તે આપણી અનુકૂળતા પ્રમાણે એક પછી એક જયણાની કાળજી રાખી કરી લેવાં જોઇએ. ઘરમાં સાસુ નણંદ કે દેરાણી, જેઠાણી વગેરે બીજાં બૈરાઓ હોય છે તેથી ઘરનાં બધાં કાર્યો કાંઇ એક જણને કરવાં પડતાં નથી, પણ આપણાથી બની શકે અને સાસુ વગેરે વડિલ તરફથી આપણને સોંપાય તે તે દરેક કાર્ય ઉત્સાહપૂર્વક અને જેમ બને તેમ વેળાસર કરી લેવાની ટેવ રાખવી અને કામમાં કશી ખામી ન આવે તેની પૂરી સંભાળ રાખવી.

૧૦ પાણી વિષે—પાણીઆરાની ઉપર નીચે તથા આસ-પાસ વાળી સાફ કરવું. પછી રાતવાસી પાણી સારા ગળણા વતી ગોળાઓ ગોળીઓ વગેરે વાસણોમાં ગળી લેવું. ગરણાનો સં-ખારો ગળેલા પાણીથી વાળી લઇ જે નદી, કુવા કે તળાવનું તે પાણી હોય ત્યાંજ નાખવો. અણગળ પાણીમાં ઘણાજ જીવો ઉત્પન્ન થાય છે, તેથી પાણી ગળ્યા વિના વાપરવાથી બહુ પાપ લાગે છે, વળી શરીરમાં અનેક રોગો થાય છે અને માંદા પડાય છે. સમજી માણસો તો હાથ પગ ધોવા જેવાં પરચુરણ કામમાં પણ ગાળ્યા વિનાનું પાણી કદી વાપરતા નથી. ઘરની વપરાશ માટે નદી, કુવા કે તળાવેથી પાણી ભરી લાવવાનું હોય તે પણ ગળીનેજ લાવવું. પાણી ભરવાનું કામ સવારમાંજ ટાઢા પહોરે આટોપવું જોઇએ, કારણ કે બહુ તડકો થયા પછી ભ-રવું ફાવે નહિ. ડોલ તથા સિંચણીઆનો ખપ પડતો હોય તો તે પણ સંભાળીને તપાસીને લેવાં, કારણ કે તેમાં પણ જીવજંતુ વગેરે ભરાઇ રહેવાનો સંભવ રહે છે.

૧૧ કચરો—પુંજો ઘરના દરેક ઓરડા, ઓસરી, રસોડા વગેરેમાંથી સારી સુંવાળી સાવરણી વડે સંજવારી કાઢવી. ખજુરીની સાવરણી સંજવારી કાઢવામાં કદી પણ વાપરવી નહિ, કારણ કે તેનાં પાંદડાંઓની ધાર ઘણીજ તીક્ષ્ણ હોય છે તેથી કીડી, મકોડી વગેરે ઝીણા જીવજંતુઓનો નાશ થઈ જાય છે. વળી તેની ફાંસ પણ હાથના આંગળાઓમાં વાગી બેસે છે. ઘરનો વાળેલો કચરો એક ટોપલીમાં ભરી લઇ કોઇના પગ તળે કચરાય નહિ, એવી જગાએ નાખવો.

૧૨ વાસણો—ઘરનાં લોટા, થાળી, વાટકા, પ્યાલા વગેરે તમામ વાસણો પ્રથમ પુંજણી વતી સાફ કરી પછી માંજવાં,

કારણ કે કાંસાનાં, ત્રાંબાનાં અને પીતળનાં વાસણો રાતવાસી રહે, તેના ઉપર ઝીણાં કંથવા વગેરે જીવાત વળગી રહે છે, તે મરી ન જાય માટે પુંજવાની જરૂર છે. અને બેડાં, બોઘરણાં, ઉનામણા વગેરે મોટા વાસણો પણ તપાસી ગળેલા પાણીથી ઉટકીને સાફ કર્યા પછી વાપરવા. બ્હેન ! આટલી શીખામણ તું દરેક કામ કરવામાં બરાબર ધ્યાનમાં રાખજે.

૧૩. દૂઝણાં–પોતાના ઘરે દૂઝણાં માટે ગાય, ભેંસ અને બીજાં પણ ઢોર રાખવામાં આવતાં હોય તો એવાં મુંગાં–અબોલ પ્રાણીઓને ચારપૂળો નાખવાની,પાણી પાવાની,તેની ગમાણમાંથી કચરો વગેરે કાઢવાની અને વખતસર દોહવાની સંભાળ લેવી જોઈએ.ગાયને વાછડી કે વાછડો હોય અને ભેંસને પાડી કે પાડો હોય તેમને દોહતાં પહેલાં અને પછીથી પણ બરાબર ધવરાવવાં જોઇએ. વાછડા અને પાડાઓને અધુરા ધવરાવવા નહિ. તેમને પણ આપણાં બચ્ચાંઓની પેઠે પાળીપોષીને ઉછેરવાં જોઈએ. ઘર આગળ દૂઝણાં ઢોર રાખવાં, એ કુટુંબ વગેરેના સુખને માટે વધારે સારૂં અને શોભાભરેલું છે. ગામડાઓમાં દૂઝણાં રાખવાનો વધારે પરિચાલ હોય છે.

૧૪ દૂઝણાં ઢોરવાળાને પરોઢમાં વહેલાં ઉઠી છાશ વલોવવાનો રિવાજ હોય છે, જેથી વલોણું કરતાં પહેલાં દૂધ જમાવેલા ગોરસ તથા છાશ કરવાની ગોળી અને વલોણાંના વાંસ વગેરે તમામ બરાબર તપાસી ઊનાં પાણીથી સ્વચ્છ કરવા જોઈએ. ગોરસ ઉઘાડા રહી ગયેલા હોવા ન જોઈએ, કારણ કે ઉઘાડા ગોરસમાં ગરોળી, ઉંદરડી, ફુદાં, કંસારી વગેરે જીવો પડવાનો

વધારે સંભવ છે. માટે ગોરસ ગોળીમાં પૂરતાં પહેલાં બરાબર તપાસી લેવા અને સંભાળથી પૂરવા. એ બાબત બેદરકારી રાખવાથી વલોણું કરનારને ત્યાં સાપ, ઉંદર, ગરોળી કે બીજાં પ્રાણી પણ પીલાઈને મરી જવાના દાખલા બનેલા છે. એ જીવોના ઝેરથી આખી ગોળી ભરાઈ જાય છે. તેની ખબર પડતાં માખણ અને છાશ વગેરે ખાડો ખોદી ભોંયમાં દાટી દેવાં પડે છે, કારણ કે તે કોઇ પણ પ્રાણીના ખાવામાં આવે તો ખાનાર પીનારના પ્રાણ જાય છે. માટે ઘરનું આવું કામ કરવામાં ઘણી કાળજીથી સંભાળ રાખવાની જરૂર છે.

## ૪ બીજા પહોરનું ગૃહકાર્ય.

૧૫ બહેન કમળાવતી! ઉપર ગણાવેલાં જરૂરી કાર્યો તારે નવ વાગતા સુધીમાં ઠંડા પહોરે વેળાસર આટોપી લેવાં જોઇએ અને તે કામમાંથી છૂટા થઇને તારે પોતે તારાં સાસુ, નણંદ કે જેઠાણી વગેરે સેવાપૂજા કરવા જતાં હોય તો તેમની સાથે અગર તેમને પૂછીને સેવાપૂજા કરવા જવું, પણ જતાં પહેલાં ઘરમાં પતિ વગેરે વડિલજનો તરફનું જે કાંઇ કામકાજ હોય તે અધુરું મૂકીને કે ન્હાનાં બાળકોને રોતાં મૂકીને જવાની ઉતાવળ કદી કરવી નહિ, જેથી સૌને સંતોષ રહે, કોઇને મનદુઃખનું કારણ ન રહે.

૧૬ પ્રભુદર્શન કે સેવા કર્યા પછી રસોઇનાં કામમાં પ્રવૃત્તિ કરવી. તેમાં ચૂલાને જયણાપૂર્વક પૂંજવો. ઠંડી રાખમાં વખતે ઝીણી જીવાત પડેલી હોય માટે ઉપર ઉપરથી કેટલીક રાખ કાઢી નાખવી અને જોઇ તપાસીને ચૂલા તથા

તેના આગલા પાછલા દરેક ભાગો પૂંજવા પ્રમાર્જવા. વળી રસોઇ માટે લાકડાં છાણાં લાવવાં, તેમાં મુદ્દલ ઉતાવળ કરવી નહિ કે બેદરકારી રાખવી નહીં. એ બળતણ જોવા તપાસવામાં તો ખરેખરી સંભાળ રાખવાની છે.

છાણાં લાકડાંમાં ઝીણા કંથવા કે કીડીઓ, ઘીમેલ આદિ જીવાત રહેલી હોય છે અગર લાકડાં સડેલાં કે પોલાં હોવાથી વખતે તેમાં જીવાતનો પાર હોતો નથી. વળી કાનખજુરા, વીંછી, સાપના કણા કે બીજા અનેક જાતના જીવો તેમાં ભરાઈ રહેલા હોય છે, જેથી તે બરાબર જોઇ તપાસી અને એકાદ પત્થર સાથે ખંખેરીને લેવા જોઇએ. અને લીલાં લાકડાં હોય તે બાળવાના કામમાં લેવાં નહિ. છાણાં થાપેલાં કે અડાયાં હોય તે ભાંગીને જોઇ તપાસી ખંખેરવાં અને ચારણાવતી ચાળીને લેવા. છાણાં જો લીલાં હોય તો અંદરથી ઇયળો, ગવૈયાં કે બીજી જીવાત નીકળે છે. માટે આપણે બળતણ બાળવામાં છાણાં લાકડાંની જયણા તો સૌ કરતાં વિશેષ સાચવવાની છે.

૧૭ રસોઇ કરવામાં પણ ક્ષણે ક્ષણે દરેક ચીજ બનાવતાં જીવાત અંદર પડી મરી ન જાય તેની બહુ સંભાળ રાખવાની જરૂર છે, તેથી તેના રક્ષણને માટે ચૂલા ઉપર ચંદરવો જરૂર બાંધવો અને તે મેલો થતાં અમુક દિવસે બરાબર ધોવરાવી ફરી બાંધવો, એ પ્રમાણે તેની ફેરવણી કરવી જોઇએ. રસોઇ કરતી વખતે શાક, દાળ, ભાત વગેરેનાં વાસણો ચૂલા ઉપર હોય ત્યારે કે નીચે ઉતાર્યા પછી થોડી વાર પણ અણઢાંકયાં-ઉઘાડાં રાખવાં નહિ. ન્હા, દૂધ વગેરે ઉનાં કરીએ ત્યારે તે પણ ઉઘાડાં રહી ન જાય તેની સંભાળ રાખવી.

રસોઇ કરતી વખતે દાળ, કઢી કે રાબડી વગેરે દરેક પ્રવાહી વસ્તુઓમાં ગરોળી વગેરે ઝેરી જીવો અંદર પડીને રસોઈમાં ઉકળી જવાથી તેના ઝેરને લીધે ઘણે ઠેકાણે તે ખાનારનાં મોત નીપજ્યાં છે, અગર તો જીવજંતુઓના કકડા ખોરાકમાં જવાથી માણસો સખ્ત માંદા પડવાના કેસો બનેલા છે. માટે રસોઇનાં વાસણો ભૂલથી પણ ઉઘાડાં ન રહી જાય તેની પૂરી સંભાળ રાખવાની છે. તેમજ ઘરમાં વાપરવાને માટે દહીં, દૂધ, ઘી, તેલ, સાકર, ખાંડ, ગોળ વગેરે ચીજો આણેલી હોય તે પણ બરાબર ઢાંકીને રાખવી જોઇએ અને એ ચીજો ઉપર કીડી મકોડી ન ચડે તેવી તજવીજ રાખવી જોઇએ. વળી ઘી, તેલ અને અથાણાં તથા ગળપણનાં વાસણ અવકાશે હંમેશાં સંભાળતાં રહેવું જોઈએ. રાત્રે સૂતાં પહેલાં તે દરેક ચીજોનાં વાસણો ઘરમાં ઉઘાડાં ન રહી જાય તથા પાણીઆરામાં પાણીનાં વાસણો ઉઘાડાં ન રહી જાય, તેની સંભાળ લેવી. ઉંદરડા, બિલાડી વગેરે ઉઘાડી ન નાખે તેની ચોકસી પોતાની જાતે હંમેશાં કરવી જોઇએ.

૧૮ શાક—શાક સુધારવામાં પણ સંભાળ રાખવાની જરૂર છે. ભીંડા અને કારેલાં વગેરે કેટલાક શાક જો સડેલાં જણાય, તો તેમાં જરૂર એળો હોય છે, તેમજ બીજાં કેટલાંક શાકોમાં પણ ઝીણી જીવાત હોય છે, જેથી છોકરા કે નોકરો પાસે શાક સુધરાવવું નહિ, પણ બરાબર જોઇ તપાસીને કામ કરી શકે તેવાની પાસે તે સુધરાવવું. જેમ તેમ જલદી જલદી ઠેકાણે પાડી આપે તેવાનું તેમાં કામ નથી. બનતા સુધી ધીરજથી મોટા માણસોએ કે આપણે જાતે શાક તપાસી જોઇ સુધારવું, એ વધારે સારૂં છે.

૧૯ સામગ્રીની ચીજો—રસોઇના સામગ્રીની ચીજો ચોમાસામાં વધારે સંભાળવાની જરૂર પડે છે. હળદર, મરચાં, મશાલા, હીંગ, ધાણાજીરૂં વગેરે હવેજની દરેક ચીજો ખાંડી રાખી હોય તેમાં અને આંબલી કોકમ વગેરેમાં પણ ચોમાસામાં જીવાત પડી જાય છે, તેથી વરસાદ બંધ પડે કે તરતજ ભરેલાં વાસણોમાંથી તે ચીજો બહાર કાઢી,તડકે તપાવી, ચારણી વતી ચાળી, સાફસુફ કરી નવેસરથી ભરી લેવાની સંભાળ રાખવી. જીવાત હોય તો તેવી ચીજો તડકે નખાય નહિ.

૨૦ દાળ, ભાત, કઠોળ વગેરે ચીજો પહેલાથી સોઇ ઝાટકી સાફ કરી રાખવી અને જોઈ તપાસીને વાપરવી. મગ, મઠ, ચણા, વાલ, વટાણા વગેરે સર્વ કઠોળ રાંક જાત છે, તેને સડતાં કે બગડતાં વાર લાગતી નથી. તેમાં ભુંડ, ધનેડાં, એળો, જંગલા વગેરે જીવાત ઉપજી જાય છે અને સંભાળ નહિ લેવાથી ચોખા અને દાળમાં પણ બાચકા બાઝી જાય છે. એ બાચકામાં તો મોટી મોટી એળો હોય છે. માટે સીધુંસામાન બપોરના અવકાશને વખતે સુધારવાની અને સંભાળવાની ટેવ રાખવી, જેથી જીવાત મરતી બચે.

બાજરીનો લોટ પણ વધારે દિવસ રાખવાથી કડવો થઇ જાય છે માટે ખપ જેટલો દળવો અને બે ચાર દિવસમાંજ તાજો તાજો વાપરી નાખવો. ઘઉંના લોટને પણ અમુક દિવસે રૂતુ પ્રમાણે કાળ પહોંચી જાય છે. તે બાબત બીજાઓને પૂછીને તેવી સર્વે વાતો પણ ધ્યાનમાં રાખવી.

૨૧ રાંધતી વખતે અનાજ વગેરે દરેક ચીજ જોઇ તપાસી બરાબર સાફ કરીનેજ વાપરવી. કોઇ પણ બહેન વ્રત, નિયમ કે ઉપવાસ વગેરે ન કરી શકે તો પણ વિવેકપૂર્વક ઉપર બતાવેલી જતનાથી ઘરનાં દરેક કામકાજ સંભાળીને કરે તો તે

પણ પુન્ય ઉપાર્જન કરી શકે છે. બહેન ! આ સઘળી વાતનો ટુંક સાર એ છે કે ખાવાનું અનાજ વગેરે અને પીવાનું પાણી સદાય શુદ્ધ અને સ્વચ્છ રાખીને વાપરજે, જેથી તારા સાસરીઆમાં ઘરના બધા જણ નીરોગી રહેશે અને તારા ગૃહકાર્યની પ્રસંશા થશે.

૨૨ બહેન ! તારા ઘરના વૈભવ અને સંપત પ્રમાણે સવાર સાંજ બંને વખત બધી રસોઇ વિવેકપૂર્વક રાંધી ઘરનાં દરેક જણને પ્રસન્ન ચિત્તે અને હસતા વદને જમાડજે અને સાસુ, સસરા વગેરે તમામ નાનાં મોટાં બધાંને જમાડીને પછી તું જમજે. આ પ્રમાણે ઘરનાં દરેક કામમાં વર્ત્તવું, એ વહુવારૂઓની ખરેખરી ફરજ છે.

૨૩ બહેન ! તારી રસોઇને કાચીપાકી, ખાટીગળી, ખારીમોળી કે તીખી કોઇ કહે તેથી ગભરાવું નહિ કે રીસ ચડાવવી નહિ. પોતાની ભૂલ, ખામી કે સરતચૂક થઇ હોય તે સુધારી લેવી, અને જરૂર પડે તો સાસુ કે જેઠાણી વગેરે જે વડિલો હાજર હોય તેમને પૂછીને રસોઈના પ્રમાણમાં હવેજ, મસાલા વગેરે નાખવા જેથી તેમના ઘરના રિવાજ પ્રમાણે રસોઇ સુધરી જશે.

૨૪ નાના દીયર કે નાની નણંદ વગેરે છોકરાંઓ જમવા બેસે ત્યારે જેમને બરાબર ફાવતું ન હોય તેવાની પાસે બેસી તેમને બરાબર વ્હાલથી જમાડજે. જમતી વખતે નાનાં બાળકોનાં શરીર ઉપર અને ભાણાં ઉપર માખીઓ ઉડતી ફરતી હોય છે, તે ઓચિંતી દાળ, કઢી, દૂધ, ભાત વગેરેમાં પડી મરી જાય છે, અને તે ખાવાના કોળીઆમાં ચાલી જાય તો થોડી વારમાં જ તેમને ઉલટી થાય છે અને જમેલું બધું બહાર નીકળી જાય છે. માટે

ખોરાકમાં માખી ન પડે તેવી નાનાં બાળકો માટે ખાસ સંભાળ રાખવી. શ્રાવણ, ભાદરવા માસમાં તો માખીઓનું ઘણું જોર વધી પડે છે. તે વખતે બરાબર ધ્યાન ન રાખે તો મોટાંઓને પણ જમતાં જમતાં માખીઓ બહુ હેરાન કરે છે. એ વખતમાં તો રસોઇ વખતે અને પીરસતી વખતે રસોઇનાં વાસણ થોડા વખત પણ ઉઘાડાં ન રહી જાય, તેની બરાબર સંભાળ રાખવી પડે છે.

૨૫ એઠવાણી—જમી રહે કે તરતજ પાટલા ઉપરથી થાળીઓ લઈ લેવી અને એઠવાણી એક વાસણમાં ભરી લઇ તે વાસણ મોટા છીબાથી ઢાંકવું જેથી માખીઓ વગેરે તેમાં પડે નહીં. બધી એઠવાણી એકઠી કરીને તરતજ, ગાય, ભેંશ, વાછરડા, પાડા વગેરે ઢોરો હોય તેને પાઇ દેવી. જો ઢોર ન હોય તો મહોલ્લામાં જ્યાં નખાતી હોય ત્યાં એક બાજુ સંભાળથી રેડી દેવી. બેદરકારીથી કે બીજા કામમાં રોકાઇને તેને ઝાઝી વાર પડતર રાખવી નહિ, કારણ કે તેમાં પળે પળે સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય, તેનો આપણને દોષ લાગે છે.

**૨૬ ચૂલાનું કામ કરનારને ચેતવણી—દાઝવું કે સળગવું.** ચૂલા પાસે રાંધનાર બહેન બરાબર સંભાળ ન રાખે તો ઉઠતાં બેસતાં સાડલાના છેડા કે લુગડાના કોઈ પણ ભાગ અગ્નિની ઝાળ અજાણતાં અડી જવાથી કે તણખા ઉડવાથી એકદમ સળગી ઉઠે છે. ભાત ઓસાવતાં કે દાળ કઢીનાં વાસણ ચૂલેથી ઉતારતાં હાથમાથી લથડી પડવાને લીધે, તેની ધગધગતી ચીજો હાથ, પગ કે શરીરના કોઇ પણ ભાગ ઉપર પડવાથી એકદમ દાઝી જવાય છે. આવા દાખલા અનેક ગામમાં ઠેર ઠેર

બને છે અને લુગડાં વધારે સળગી ઉઠવાથી અને અતિશે દાઝવાથી માણસ ત્રાસદાયક દુઃખ વેઠીને સારવાર કરવા છતાં ચીસો પાડતાં મરી જાય છે. માટે ચૂલા પાસે રાંધનારે આ બાબતમાં બહુ સંભાળથી કામ લેવાની જરૂર છે. સહેજ ગફલત થવાથી ઘડી વારમાં ખરાબ પરિણામ આવી જાય છે. નાનાં બાળકોને તો ચૂલા પાસે મુદ્દલ આવવાં દેવાં ન જોઇએ.

૫૭ બળતાં કપડાં ઓલવવાના ઉપાયો—(૧)બળનાર માણસે પોતે બળતાં કપડાં મસળી નાખવાં અગર બની શકે તો બળતો સાડલો કાઢીને એકદમ દૂર ફેંકી દેવો અને બીજાં બળતાં કપડાં તોડી વછોડીને ફેંકી દેવાં. તે વખતે નવસ્ત્રાં થઈ જવાય, તેની જરા પણ શરમ રાખવી નહિ, (૨) એમ ન બની શકે તો એકદમ ભોંય પડી આળોટવા મંડી જવું, જેથી બળતાં કપડાં સળગવાનું વધારે જોર કરશે નહિ, (૩) બૂમો પાડવાથી બીજા માણસો દોડતા આવે તેમણે ગોદડું, કામળો, ચોફાળ, જાજમ આદિ જે કોઇ જાડી અને ભારે વસ્તુ હાથમાં આવે તે દાઝતા અને બળતા માણસ ઉપર ઢાંકી દેવી કે તેના શરીરે લપેટી નાખવી, જેથી લુગડાં સળગતાં હશે તે અંદરથી તરતજ ઓલવાઇ જશે. પણ બળનારના શરીર ઉપર પાણીના ઘડા કે છાશ કદી નાખવાં નહિ. પાણી કે છાશ રેડવાથી તો શરીર ઉપરની ખોળ એકદમ ઉતરી જાય છે અને બળનાર તેથી વધારે દુઃખી થાય છે.

૫૮ દાઝેલો ભાગ મટાડવાના તાત્કાલિક ઉપાયોઃ—( ૧ ) બીજી સારી દવા મળતાં પહેલાં દાઝેલા ભાગ ઉપર તલનું તેલ સિંચ્યા કરવું, ( ૨ ) દરેક માણસે પોતાના ઘરમાં અઢી ભાર બોદાર અને અઢી ત્રણ ભાર તેલ ખરલમાં લઢી રાખી તેની શીશી પાંચ તોલા વજનની કાયમ ભરી રાખવી. તેનો દાઝેલા

ભાગ ઉપર અને ફરતો લેપ, દાઝે કે તરતજ કરી લેવો અને થોડી થોડી વારે રૂનાં કે લુગડાનાં પુંમડાંથી તે ચોપડયા કરવું. સાધારણ દાઝેલાને તો આ દવા તરત લાગુ થવાથી ફોડલા પણ ઉપડશે નહિ અને તરતજ શાંતિ આવી જશે, (૩) રાળ અને તેલ વગેરે ચીજો તાસકમાં ફીણીને તેનો લેપ કરવાથી બળતરા શાંત પડે છે અને દરદ મટે છે અગર ઓછી પીડા કરે છે. વધારે દાઝનારને માટે તો આ ઉપાયો કરવા છતાં શાંતિ ન થાય તો ડૉક્ટરની મદદ તરતજ લેવી, એ વધારે ઠીક ગણાય.

## ૫ બપોર પછીના અવકાશનો ઉપયોગ.

૫૯ રસોઈ તથા એઠવાડનાં કામમાંથી પરવાર્યા પછી સાસુ વગેરે વડિલો બતાવે તે કામ અગર પોતેજ યાદ કરીને સીધું સામાન સુધારવાનું હોય તે કામ કોઈ કોઈ વાર કરવું. ભરત, ગુંથણ કે શીવણનું કામ કાઢી રાખેલું હોય તો તે કરવા માંડવું અથવા ઘરનાં ગોદડાં, ગાદલાં, ઓસીકાં, ચાકળા, અસ્તર વગેરે જે જે ચીજો તૂટી ગઈ હોય કે ફાટી હોય તે દુરસ્ત કરવાનું તથા પહેરવાનાં ફાટેલાં કપડાં સાંધવાનું વગેરે કામ કરવા માંડવું. વળી ગામમાં ભરત, ગુંથણ, શીવણ શીખવાની ઉદ્યોગશાળા હોય ત્યાં અગર ધાર્મિક અને નીતિનું જ્ઞાન મળે એવી કોઇ સારી સંસ્થા ચાલતી હોય ત્યાં તારાં સાસુ કે વડિલોની રજા લઈ અભ્યાસ કરવા જવું. આ પ્રમાણે હરકોઇ કામમાં ઘટિત જણાય તે પ્રમાણે અવકાશના વખતનો ઉપયોગ કરવો, એ સૌથી વધારે સારૂં છે. નકામી વાતો કરવામાં, કોઇની નિંદા કરવામાં કે આળસુ થઇ દિવસે સૂઇ રહેવામાં કદી વખત ગુમાવવો નહિ.

૬૦ ચોટલો વાળવો—બૈરાંઓએ નહાવાના પ્રસંગે માથાના ચોટલા પણ બરાબર ચોળીને ધોવા જોઇએ. ચોટલાના વાળ બરાબર સૂકાઈ જતાં પોતાનાં સાસુ જેઠાણી કે નણંદ પાસે ચોટલા જોવરાવવા. આપણે પણ તેમના ચોટલા જોવા. આ પ્રમાણે જોવરાવતાં રહેવાથી ચોટલામાં જૂઓ રહેશે નહિ. ચોટલો વાળતાં જૂઓ નીકળે તે વાળમાં ચડાવી એક કોરે છાંયડાવાળી જગ્યાએ નાખવી. કેટલીએક અન્ય જ્ઞાતિઓમાં અજ્ઞાન બૈરાંઓ લીંખોને નખ ઉપર ચ્હડાવી મારી નાખે છે. તેમ કરવામાં મહા પાપ છે, એમ સમજાવી તેમને લીંખો મારતાં બંધ પાડવાં.

નાનાં છોકરાઓને પણ ન્હવરાવી તેમના માથાના ચહેરા ઓળી સાફ રાખવા અને નાનાં બચ્ચાંઓને ધવરાવી બપોરના બે ચાર ઘડી પારણામાં કે ઘોડીઆમાં સૂવાડવાં અને મીઠાં વચને હાલરડાં ગાતાં ગાતાં તેમને ઉંઘાડવાં. બરાબર ઉંઘીને ઉઠયા પછી તેઓ આનંદથી રમ્યા કરશે. બાળકોને કજીઆ કરવાની ટેવ પડવા દેવી નહિ. તેમને હંમેશાં ન્હવરાવવાની, નિયમિત વખત પ્રમાણે ધવરાવવાની કે ખવરાવવાની અને કપડાં વગેરે પહેરાવી રમત કરવાની માતાએ બરાબર સંભાળ રાખવી. બાળકની મુખકાન્તિ અને તેની સુઘડતા ઉપરથી માતાની કિંમત અંકાય છે, તે વાત તું હંમેશાં લક્ષમાં રાખજે.

કેટલીક બહેનો બાળકને તરસ લાગી હોય અને કંઠે પ્રાણ આવે ત્યાં સુધી પાણી ટોવાનું કે પાવાનું ભૂલી જાય છે અને ઘરનાં બીજાં કામોમાં ગુંથાઈ રહે છે, તેથી બાળક હેરાન થાય છે, માટે તેને પાણી પાવાની ભૂલ કદી કરવી નહિ. બાળકને ઘોડીઆમાં સૂવાડતી વખતે ખોયા માંહેનાં લુગડાં બધાં બહાર

કાઢી ખોયું ખંખેરીને બાળકને સુવાડવું અને પછી ઓઢાડવાનાં લુગડાં ખંખેરીને બરાબર જોઇ તપાસીને બાળકને ઓઢાડવાં. સાફ કર્યા વગરના લુગડાના ગાભામાં વીંછી વગેરે ઝેરી જીવ ભરાઈ રહેલા હોય, તેના ડંખથી બાળકો ઓચિંતાં વગરદરદે ચીસો પાડતાં મરણ પામ્યાના દાખલા બનેલા સાંભળ્યા છે, માટે સૂવાડવામાં અને ઓઢાડવામાં બાળકની પૂરી સંભાળ રાખવી.

૬૧ ધાવણ—ચ્હા પીવાના મહાવરાથી માતાનું ધાવણ સૂકાઈ જાય છે અને તેના શરીરનું લોહી બગડે છે, તેની અસર બાળકના શરીર ઉપર થાય છે. આજ કાલ ચ્હા પીવાની ટેવ પ્રાયઃ દરેકને હોય છે એ રિવાજ પણ ઘરમાંથી બંધ કરવા જેવો છે. તે પીવામાં કોઈ પણ પ્રકારનો ગુણ નથી અને પીનારના શરીરને બગાડે તેવા અનેક પ્રકારના દોષો તેમાં રહેલા છે. જરૂર હોય તેમણે દૂધ વાપરવું સારૂં છે. માતાએ પોતે ચ્હા પીવી નહીં અને બાળકોને ચ્હાની ટેવ મુદ્દલ પાડવી નહીં. બાળકોને માટે વધારે ધાવણ આવવાને સારૂ માતાએ ઘરની બનાવેલી તાજી અને મીઠી છાશનો ઉપયોગ હંમેશાં કરવો સારો છે. સવારમાં વલોણેથી ઉતરે એવી તાજી મીઠી છાશ બે ચાર વાટકા પીવી તથા વળી ખોરાકમાં જમતી વખતે બાજરીના રોટલા સાથે અગર ભાતમાં છાશ છૂટથી વાપરવી. રોગી શરીરવાળા માંદા માણસોને પણ દાક્તર અને વૈદ્યો છાશ પાઇને સાજા કરે છે. હંમેશની બનાવેલી તાજી છાશ એ બાળકના ધાવણ અને શરીરની સુખાકારી માટે આપણા દેશમાં તો અમૂલું અમૃત કે ઉત્તમ દવાની રસકુંપી સમાન છે.

૬૨ દૂઝણું—ઘરે દૂઝણાં હોવાને લીધે ગામડાનાં લોકોનાં શરીર અને હાડ મજબુત અને તન્દુરસ્ત હોય છે, તે દહીં,

દૂધ અને તાજી છાશના પ્રતાપ છે. હાલના સમયમાં ઘર આગળ દૂઝણું એ કામધેનું સમાન છે. અગાઉના વખતમાં ઘરેઘરે દૂઝણાં રાખતાં હતાં. દૂઝણાં રાખનાર સદાય નોકારશી કે સંઘ જમાડનારની પેઠે પુન્ય બાંધનાર ગણાય છે. તેના ઘરે સ્વામીભાઇના ઘરની પવિત્ર બહેનોનાં પનોતાં પગલાં થાય છે. વળી પોતાને આંગળે મુનિ મહારાજ પધારતાં ઘરની સામગ્રી તૈયાર હોવાને લીધે વહોરાવવાથી ઉત્તમ લાભની પ્રાપ્તિ થાય છે અને દૂઝણાંવાળાને ઘેર રમતાં બાળબચ્ચાંઓની લીલી વાડી છવાઈ રહેલી નજરે પડે છે. બહેન કમળાવતી ! તારા ઘરે તો કાયમ દૂઝણું રાખે છે માટે એ સર્વે કામ શીખી લઇ, એ કામનો કારભાર તારા પંડ ઉપર ઉપાડી લેવાથી તું વધારે સુખી થઈશ. એ મારો આશીર્વાદ છે.

## ગૃહકાર્યમાં ઉપયોગ.

૬૩ ચંદરવા—બહેન, આપણા શ્રાવકધર્મને અંગે જીવોની જયણા પાળવા માટે પોતાના ઘરને વિષે દશ ઠેકાણે ચંદરવા કે ઉલેચ બાંધવાનું જૈન શાસ્ત્રોમાં ફરમાવેલું છે. આ પ્રમાણે બાંધવાથી જીવોના રક્ષણની સાથે આપણા પોતાનું તથા કુંટુંબના માણસોનું સારી રીતે રક્ષણ થવા પામે છે. તે દશ ઠેકાણાંનાં નામઃ—

| | |
|---|---|
| ૧ ચૂલા ઉપર. | ૬ ઘર દેહરાસરની જગ્યા ઉપર. |
| ૨ પાણીઆરા ઉપર. | ૭ સામાયિકાદિ કરવાની જગ્યા ઉપર. |
| ૩ નહાવાની જગ્યાએ. | ૮ વલોણાની જગ્યા ઉપર. |
| ૪ જમવાની જગ્યાએ. | ૯ ઘંટી ઉપર. |
| ૫ સૂવાની જગ્યાએ. | ૧૦ ખાંડણીઆ ઉપર. |

સાદાં માલણવાળાં ઘરોમાં ખપાડામાંથી પવનના જોશ વખતે અત્યંત રજોટી નીચે પડે છે અને ચૂલા ઉપર રસોઈનાં વાસણો

ઉઘાડાં રહી ગયાં હોય તો તેમાં અને જમતી વખતે ભાણામાં રજોટી, કચરો અને અનેક પ્રકારની જીવાત ખરી પડે છે. તે ખોરાકમાં જવાથી વખતે દુઃખદાઈ પરિણામ આવે છે અને રાત્રે અંધારે છાપરાના ખપાડામાંથી અને મોભારા ઉપરથી મોટા મોટા સાપ નીચે ખાટલામાં કે પથારીમાં પડવાથી અને કરડવાથી માણસોનાં ઓચિંતાં મોત નીપજ્યાના બનાવો બનેલા નજરે જોવાય છે અને સંભળાય છે, માટે લખેલ ઠેકાણે ચંદરવા કે ઉલેચ બાંધવાનો રિવાજ પ્રશંસાપાત્ર અને જરૂરનો છે માટે તે બંધાવવામાં આળસ કરવું નહિ. માળબંધ મેડીવાળાં મકાનોમાં તો છત અને સીલીંગ જડાવે છે, તે ચંદરવાની ગરજ સારે છે તોપણ ચૂલા ઉપર તો સહુએ ચંદરવો અવશ્ય બાંધવો જોઇએ.

૬૪ પથારી–પાગરણ–બહેન, રાત્રિનો મોટો ભાગ સૌને પથારીમાં ગાળવાનો હોય છે. આપણી જાતના સુખ માટે અને નિરાંતે નિદ્રાને સ્વાધીન થવા માટે ગાદલાં, ગોદડાં વગેરે બિછાનાં સ્વચ્છ અને સુંદર રાખવાં જોઈએ. તેમાં માકડો પડી હેરાન ન કરે માટે તેને હંમેશાં તપાવીને ભીની હવા ઉડાડી દેવી અને ખાટલા વગેરે જે સાધનો સૂવા પાથરવાનાં હોય તે બરાબર સંભાળતાં રહેવું જોઈએ. જે ઘરમાં માંકડ, ચાંચડ અને મચ્છર ભરેલા રહે છે, તે ઘરના માણસો ઉજાગરાને લીધે અડધા માંદા જેવા રહે છે માટે દિવસે તેને જોઈ તપાસીને જીવાત રહિત સ્વચ્છ રાખવાથી હેરાનગતિ મટે છે અને ઘરના સર્વે સુખી રહે છે.

૬૫ બીજાં કામો—બહેન! સંભારીએ તો ઘરમાં કરવાનાં આપણાં કામોનો હિસાબ રહી શકે તેમ નથી, તેમ આપેલી શીખામણો પૂરતી થાય તેમ પણ નથી. ઘરકામને માટે નવા સંજોગો

અનેક ઉભા થાય છે. તેને તો બૈરાંઓએ પોતાની અકલ હુશિયારી વાપરીને પહોંચી વળવાનું છે. ઘરનાં બધાં છુટક કામો જાતે એકલા નીપજી શક્તાં નથી. કેટલીક વખતે તો જરૂર પડ્યે પડખે માણસ રાખીને પણ કરાવવાં પડે છે. ઘરમાં લીંપણ કે ગાર કરાવવી હોય અને એકલાથી પહોંચી ન શકાય તો માણસ રાખી કામ લેવું પડે. ગાર રાતવાશી રાખવાથી જીવાત પડી જાય તેનો દોષ લાગે.

## સાંજ અને રાત્રિનું કાર્ય.

૬૬ સાંજે જમવાનું—ત્રીજા પહોરે રસોઈ તૈયાર કરીને સહુને દિવસ છતાં જમાડી દેવા. ઘરમાં ઉપવાસ એકાસણાં અને ચોવિહાર તિવિહાર વગેરે વ્રતો કરનારની સગવડતા બરાબર સાચવવી. રાત્રિ પડતાં પહેલાં એઠવાડ કાઢીને અને ઘરની વપરાશની અને સીધા સામગ્રીની ચીજોનાં–એટલે ઘી, તેલ, સાકર, ગોળ, ખાંડ વગેરેનાં વાસણો તથા ડબા વગેરે તમામ ઢાંકીને સંભાળી જોવાં. લોટ, દાળ, વગેરેનાં વાસણો ઉઘાડાં રહી ન જાય માટે ઉતરેડ અને પાણીઆરાની ચોકસી કરી લેવી. દૂઝણાં ઢોરની પણ સંભાળ લેવી. તેમને ખાણ, ખોરાક આપવાની અને પાણી પાવાની તજવીજ બરાબર રાખવી. ઢોરને દોહીને તેનાં દૂધ મેળવવાં અને દૂધના ગોરસો સંભાળથી ઢાંકવા. આવાં અનેક કામો સૂતાં પહેલાં બૈરાઓને ખાસ સંભાળવાનાં હોય છે. આવાં અનેક કામો હોવાથી ઘરમાં એકબીજાને યોગ્યતા પ્રમાણે સોંપી દેવાં જોઇએ. સર્વ કામોપર દૃષ્ટિ રાખવી અને વખતસર કરાવી લેવાં, એ ઘરના પ્રધાન માણસની ખરેખરી ફરજ છે.

૩૯ દીવાબત્તિ પૂરવામાં બહુ સંભાળ રાખવાની જરૂર છે. ગ્યાસલેટ ઘરમાં વપરાતું હોય તો બત્તીઓ સાફ કરવાનું

અને તેલ પૂરી લેવાનું કામ દિવસે જ કરી લેવું જોઈએ. રાત્રે તેલની બત્તીઓ કે નાના ડબા ઉતાવળે ઉતાવળે ભરવા જવાથી નાના મોટા અકસ્માતો બને છે અને અગ્નિ ફરી વળતાં માણસો દાઝીને મરણ પામે છે. દીવાબત્તિમાં પણ સંભાળ રાખવાથી જીવો બચાવી શકાય છે. ફુદાં, પતંગીઆ કે બીજી ઝીણી જીવાત દીવાના તેજથી અંજાઇને ગરમ ચીમનીઓ સાથે અથડાઈ મરી ન જાય, તેની સાવચેતીના ઈલાજ લેવા જોઇએ. ઘર આગળ કોઇ કોડીઆમાં દીવા કરતા હોય, તેમણે ઢાંકણાં ઢાંકીને જીવોની રક્ષા કરવી.

૬૭ માંદાની માવજત—ઘરમાં માંદગીનો પ્રસંગ હોય ત્યારે તેમની સારવાર સંભાળ રાખીને કરવી જોઈએ. તેમને ખાવા પીવાની અને દવા કે ઉકાળા વગેરે વખતસર કરી આપી પાસે રહી પાવા વગેરેની ખંતપૂર્વક સંભાળ લેવી. ઘરમાં સાસુ, સસરાં એ ઘરડા માવતર છે. તેમની માંદગીમાં તનતોડ ચાકરી કરવાને પાછી પાની કરવી નહિ. તેમને ઉધરસમાં બળખા પડતા હોય કે ઝાડા અને પેસાબની કુંડીઓ ભરાતી હોય તે આપણે જાતે ઉઠાવી ફેંકી દેવામાં અને સાફ કરવામાં જરા પણ સૂગ કે શંકા ન રાખતાં પોતાની ખરી ફરજ સમજીને (એવાં કામ બજાવી લેવામાં) પૂરતી ચાલાકી વાપરવી. આવા પ્રસંગેજ ચાકરી કરનારના ડહાપણની અને હુશિયારીની કિંમત અંકાય છે, ખરી કસોટી થાય છે.

## બોધનો સારાંશ.

૬૮ દીકરી! શીખામણનો પાર હોતો નથી અને આપેલી શીખામણજ કામમાં આવે છે, એવું પણ કાંઇ નથી. ઘરના વ્યવહાર ચલાવવામાં અને નભાવવામાં પોતાની અક્કલહુશિઆરીથી

ફતેહ મેળવી શકાય છે. આ તો સ્ત્રીઓનાં કામકાજની કેટલીક મુખ્ય મુખ્ય બાબતો મેં તને સમજાવી છે પણ તે સિવાય બીજી ઘણી બાબતો સમજવાની અને વિચારવાની હોય છે. તું તો ભણેલી અને શાણી છો. હાલના સમયમાં સ્ત્રીઉપયોગી ઘણાં પુસ્તકો બહાર પડે છે, તે વાંચવાથી અને વિચારવાથી પોતાનાં આચરણો સુધારવાને અને વિવેકી તથા વિનયવંત થવાને એ સાહિત્યો ઘણાં ઉપયોગી થઈ પડે તેવાં છે. માટે દિવસ કે રાત્રિને સમયે અવકાશ મળતાં જ્ઞાનવૃદ્ધિને માટે તારો અભ્યાસ ચાલુ રાખજે. ઘરના કુટુંબી જનો સાથે અને સમજુ પાડોશીઓ સાથે હળીમળીને ચાલવું, વિનયવિવેકથી વર્ત્તવું અને સહુની સાથે મીઠી જીભે તથા હસતે વદને બોલવું કે વાતચિત કરવી, એમાંજ શોભા રહેલી છે. વિનય વૈરીને વશ કરે છે, એ કહેવત સત્ય છે. વિનય અને વિવેકથી ચાલવું અને મીઠી જીભે સત્ય બોલવું, એજ વશીકરણવિદ્યાનો મહામંત્ર છે. એ મંત્રનું સેવન કર્યાથી તારા પ્રત્યે સર્વની ચાહના અને લાગણી વધશે. તારા ઉત્તમ સદ્ગુણો વડે તું બંને કુળને દીપાવજે અને સર્વ પ્રકારે સદાય સુખી અને અખંડ સૌભાગ્યવતી રહી સદ્ગુણી પુત્રોની માતા થાજે, એવી મારા અંતઃકરણથી તને આશિષ આપું છું.

ૐ શાંન્તિ: ! શાંન્તિ: ! !

# ૪ સ્ત્રીઓનાં આભૂષણ.

## ૧ હિત--બોધ વચનો.*

### ૧ મૂળ (સત્ય શોધન.)

૧ નીતિનું મૂળ ધર્મ.
૨ ધર્મનું મૂળ દયા.
૩ દયાનું મૂળ ક્ષમા.
૪ ક્ષમાનું મૂળ વિવેક.
૫ વિવેકનું મૂળ વિનય.
૬ વિનયનું મૂળ મર્યાદા.

### ૨ ધર્મ વિષે.

૧ નીતિ પાળે તે ધર્મ.
૨ સત્ય સાચવે તે ધર્મ.
૩ શિયળ પાળે તે ધર્મ.
૪ સુકૃત્ય કરે તે ધર્મ.
૫ પતિવ્રત પાળે તે ધર્મ.
૬ વિનય સાચવે તે ધર્મ.
૭ અનુકંપા લાવે તે ધર્મ.
૮ પ્રભુપ્રાર્થના કરે તે ધર્મ.

### ૩ વિવેક વિષે.

૧ વિવેકથી વર્ત્તવું.
૨ વિવેકથી ચાલવું.
૩ વિવેકથી કામ કરવું.
૪ વિવેકથી બોલવું.
૫ વિવેકથી બોલાવવું.
૬ વિવેકથી સારી પંક્તિ મળે.

### ૪ વિનય વિષે.

૧ દેવનો વિનય કરવો.
૨ ગુરૂનો વિનય કરવો.
૩ ધર્મનો વિનય કરવો.
૪ પુસ્તકનો વિનય કરવો.

---

* મૂળ લેખક વાડીલાલ મોતીલાલ શાહ.

૫ માબાપનો વિનય કરવો.
૬ સાસુસસરાનો વિનય કરવો.
૭ ગુણી જનનો વિનય કરવો.

## ૫ દયા વિષે.

૧ આત્માની દયા ચિંતવે તે દયા.
૨ પરઉપકાર કરવો તે દયા.
૩ સર્વ જીવને સરખા ગણવા તે દયા.
૪ દુઃખી ઉપર અનુકંપા લાવવી તે દયા.
૫ નાનેરાની સરભરા કરવી તે દયા
૬ આત્માને કર્મથી બચાવવો તે દયા.

## ૬ મર્યાદા વિષે.

૧ મર્યાદાથી બોલવું, ચાલવું.
૨ મર્યાદાથી ખાવું, પીવું.
૩ મર્યાદાથી પહેરવું, ઓઢવું.
૪ મર્યાદાથી કામકાજ કરવું.
૫ મર્યાદાથી સૂવું, બેસવું.
૬ મર્યાદા મોટા નાનાની રાખવી.

## ૭ સત્ય વિષે.

૧ સત્યથી વહેવાર ચાલે.
૨ સત્યથી મોટાઈ વધે.
૩ સત્યથી આબરૂ વધે.
૪ સત્યમાંજ લક્ષ્મી વસે છે.
૫ દુનિયા સત્યને આધારે ટકી છે.
૬ સત્ય વગરનો પ્રાણિયો અને હાટ વગરનો વાણિયો.
૭ સત્યથી વાણિજ્ય વેપાર વધે છે.

## ૮ દાન વિષે.

૧ દાન દેવાથી મુક્તિ મળે.
૨ દાન દેવાથી લક્ષ્મી મળે.
૩ દાન દેવાથી પૂર્ણ સુખ મળે.
૪ દાન દેવાથી કીર્ત્તિ વધે.
૫ દાન દેવાથી પાપકર્મ ખપે.
૬ એક હાથે દ્યો, બીજે હાથે લ્યો.

## ૯ વિનયાદિક ગુણોનું ફળ-પરિણામ.

૧ વિનયથી વિદ્યા આવે છે.
૨ વિદ્યાથી યોગ્યતા આવે છે.
૩ યોગ્યતાથી ધન આવે છે
૪ ધનના સદુપયોગથી પુન્ય થાય છે.
૫ પુન્યાનુબંધિ પુન્યથી મોક્ષનો માર્ગ પામવો સરળ થાય છે.
૬ મોક્ષથી જન્મ(મરણ) નો અંત આવે છે.

## ૧૦ પતિ સાથેનું વર્ત્તન.

૧ પતિના માનીતા થવું.
૨ પતિના ઓશિયાળા થવું.
૩ પતિ સાથે ચોરીથી ચાલવું નહિ.
૪ પતિના છદે ચાલવું નહિ.
૫ પતિની પાસે જૂઠું બોલવું નહિ.
૬ પતિ ઉપર હેત રાખવું.
૭ પતિનું ધાર્યું કરવું.
૮ પતિથી કશું ગુપ્ત રાખવું નહિ,
૯ પતિના હુકમને તાબે થવું.
૧૦ પતિની ઇચ્છાને આજ્ઞા સમજવી.
૧૧ પતિ પાળે તે ધર્મને માન આપવું.
૧૨ પતિના પૈસા બરબાદ કરવા કરાવવા નહિ.
૧૩ પતિને જમાડીને જમવું.
૧૪ પતિના સૂતા પહેલાં સૂવું નહિ
૧૫ પતિના ઉઠ્યા પહેલાં ને વહેલાં ઉઠવું.
૧૬ પતિને હર ઘડી પ્રસન્ન રાખવા.
૧૭ પતિને ઘટિત કાર્યોમાં સહાયક થવું.

## ૧૧ વરની વ્યાખ્યા.

૧ વર કહેતાં જેની સાથે લગ્ન થયું હોય તે તેનો વર.
૨ ધણી કહેતાં શરીરનો માલિક.
૩ સ્વામીનાથ કહેતાં પ્રભુ જેટલા વ્હાલા નાથ.
૪ શિરછત્ર કહેતાં માથાના છત્ર.

૫ પ્રાણનાથ કહેતાં પ્રાણના રક્ષક.
૬ ભરથાર કહેતાં ભરણપોષણ કરનાર.
૭ પ્રાણેશ્વર કહેતાં પ્રાણના માલિક.
૮ પ્રિયતમ કહેતાં સર્વથી વહાલા.
૯ પતિ કહેતાં પત (વિશ્વાસ) રાખવા યોગ્ય.
૧૦ કંથ કહેતાં કંઠના આભરણ.

## ૧૨ સ્ત્રીઓનાં જૂદાં જૂદાં નામ.

૧ ઘરમાં સર્વને વ્હાલી લાગે તે વહૂ.
૨ પ્રિયતમ ઉપર પ્રીતિ રાખે તે પ્રેમદા
૩ ઘરનું કામ કરે તે કામિની.
૪ ધણીનું માન વધારે તે માનિની.
૫ સાનનું ભાન રાખે તે ભામિની.
૬ સમદૃષ્ટિ રાખે તે શ્રાવિકા.
૭ માન મેળવે તે મહિલા.

## ૧૩ સ્ત્રીઓની સુઘડતા.

૧ ઘરની ચીજ સંભાળી રાખે.
૨ ઘરનાં વાસણ ચોકખાં રાખે.
૩ ઘરનાં કામકાજ નિયમસર કરે.
૪ શરીર હંમેશાં સ્વચ્છ રાખે.
૫ રાત્રે વહેલી સૂઈ રહે.
૬ પ્રભાતે વહેલી ઉઠે.
૭ હંમેશાં સ્વચ્છતાથી સુંદર રસોઈ કરે.
૮ ગોબરાઇથી દૂર રહે.
૯ બાળબચ્ચાંની શરીરસ્વચ્છતા સાચવે.
૧૦ ગૃહને દેવમંદિર જેવું બનાવે.

## ૧૪ નવરાશ વિષે.

૧ નવરા બેસી રહેવું નહિ.
૨ સઘળા બિગાડનું મૂળ તે નવરાશ જાણવું.
૩ નવરાશમ પુસ્તક વાંચવું.
૪ નવરાશમાં નવું શીખવું.
૫ નવરાશમાં કામકાજ કરવું.
૬ નવરાશમાં શીખેલું સંભારવું.
૭ નવરાશમાં ઉદ્યોગ કરવો.

## ૧૫ સ્ત્રીના કિંમતી અલંકાર.

૧ સોનાથી શિખામણની બક્ષીસ કિંમતી.
૨ ઘરેણાંગાંઠાથી સદ્ગુણ કિંમતી.
૩ ખાવાપીવાથી આવડત કિંમતી.
૪ મોજશોખથી સુઘડતા કિંમતી.
૫ વસ્ત્રથી શિયળ કિંમતી.
૬ દોલતથી તંદુરસ્તી કિંમતી.
૭ કંચનથી કીર્ત્તિ કિંમતી.
૮ વિકારી થવાથી વિચારી થવું કિંમતી.

## ૧૬ કઇ સ્ત્રી સુખી ?

૧ માબાપની આજ્ઞા પાળે તે સુખી.
૨ સાસુસસરાનો સત્કાર કરે તે સુખી.
૩ ગુણી જનનું બહુ માન કરે તે સુખી.
૪ ગુરૂનો ઉપકાર ન વિસરે તે સુખી.
૫ પતિને પ્રભુતુલ્ય ગણે તે સુખી.
૬ ધર્માચરણમાં વર્ત્તે તે સુખી.
૭ મિતાહાર કરે તે સુખી.
૮ ઉપાધિ થોડી રાખે તે સુખી.
૯ રાચરચિલું થોડું રાખે તે સુખી.
૧૦ સંતોષ રાખે તે સુખી.

## ૧૭ ખરી મહેનત વિષે.

૧ જ્ઞાન જોઇએ તો મહેનત કરો.
૨ ખોરાક જોઇએ તો મહેનત કરો.
૩ પૈસા જોઇએ તો મહેનત કરો.
૪ સુખ જોઇએ તો મહેનત કરો.
૫ આબરૂ જોઇએ તો મહેનત કરો.
૬ તંદુરસ્તી જોઇએ તો મહેનત કરો.

## ૧૮ કોણ કોનો નાશ કરે છે ?

૧ આળસ સુખનો નાશ કરે છે.
૨ કુસંપ લક્ષ્મીનો નાશ કરે છે.
૩ લડાઈ જાનમાલનો નાશ કરે છે.
૪ મિતાહાર રોગનો નાશ કરે છે.
૫ સરળતા શત્રુનો નાશ કરે છે.
૬ પુન્ય પાપનો નાશ કરે છે.

## ૧૯ પતિવ્રતાના અલંકાર.

૧ શિયળરૂપ સાડી પહેરે તે.
૨ લજ્જારૂપ ચોળી પહેરે તે.
૩ પતિવ્રતરૂપ ચાંડલો કરે તે.
૪ સૌભાગ્યકંકણરૂપ પતિસેવા ધારણ કરે તે.
૫ કીર્ત્તિરૂપ કંચવો પહેરે તે.

## ૨૦ સાસરે વર્ત્તણુક.

૧ સાસરામાં સર્વને માનથી બોલાવવા.
૨ સાસરામાં ઠપકો સહન કરવો.
૩ સાસરામાં કટુ વચન સહન કરવાં.
૪ સાસરેથી રજા સિવાય બહાર જવું નહિ.
૫ સાસરાના ઘરનો મોભો સાચવવો.
૬ સાસરે સર્વને નમીને ચાલવું.
૭ સાસુસસરાને માતપિતાં સમાન ગણવાં.
૮ જેઠજેઠાણીને સાસુસસરા સમાન ગણવાં.
૯ દેરદેરાણીને ભાઇબેન સમાન ગણવાં.
૧૦ મોટી નણંદને બેન સમાન ગણવી.
૧૧ નાની નણંદને દીકરી સમાન ગણવી.
૧૨ નાના દિયરને પુત્ર સમાન ગણવો.

## ૨૧ પતિવ્રતાએ કેમ ચાલવું ?

૧ લટકતી ચાલે ચાલવું નહિ.
૨ ચટકતી ચાલે ચાલવું નહિ.
૩ અકકડ થઇને ચાલવું નહિ.
૪ ઊંચી નજરે ચાલવું નહિ.
૫ ત્રાંસી આંખે જોઇને ચાલવું નહિ.
૬ ઉંટની પેઠે ઉતાવળું ચાલવું નહિ.

## ૨૨ ગરિબાઇ વિષે.

૧ ગરીબના સામું જોઈ વર્ત્તવું.
૨ આપણે ગરીબ છીએ તેમ માનવું.
૩ ગરીબનાં વસ્ત્રો સામે જોવું.
૪ ગરિબાઈ આવશે તેનો વિચાર કરવો.
૫ ગરીબના ઘર સામે નજર કરવી.
૬ ગરીબના ઘરની ચીજો જોવી.
૭ ગરીબનાં ઘરેણાં સામે જોવું.
૮ ગરીબની સર્વે ચીજ જોવી.
૯ ગરિબાઇથી શરમાવું નહિ.
૧૦ ગરિબાઈ છતાં શ્રીમંતાઇનો ફાંકો રાખવો નહિ.
૧૧ ગરિબાઇને લાયક હોય તેનેજ ગરિબાઈ મળે છે.

## ૨૩ સ્ત્રીએ કેવું મન રાખવું ?

૧ કોઇને જમતાં દેખી મન ન કરવું.
૨ કોઈનું લુગડું જોઈ મન ન કરવું.
૩ કોઈનું ઘરેણું દેખી મન ન કરવું.
૪ કોઇની જણશ ભાળી મન ન કરવું.
૫ ટુંક મન રાખવું નહિ.
૬ મોટા મનવાળા થવું.
૭ સંતોષ રાખી મનને વાળવું.
૮ ઉદાર મન રાખવું.

## ૨૪ પતિવ્રતા સ્ત્રીની કુશળતા.

૧ પતિના કાર્ય વખતે મંત્રી માફક વર્ત્તે.
૨ પતિની સેવા વખતે દાસી માફક વર્ત્તે.
૩ પતિના ભોજન સમયે માતા માફક વર્ત્તે.
૪ પતિના શયન સમયે રંભા માફક વર્ત્તે.
૫ પતિનાં ધાર્મિક કાર્યોમાં સાધ્વી માફક વર્ત્તે.
૬ પતિની કુમતિ સમયે પૃથ્વી સમાન વર્ત્તે.

## ૨૫ પતિવ્રતાનું બોલવું ચાલવું.

૧ અતિ છૂટથી બોલે નહિ.
૨ અતિ હાસ્ય મશ્કરી કરે નહિ.
૩ પર પુરૂષ સાથે વાતો કરે નહિ.
૪ પર પુરૂષ સાથે વિનોદ કરે નહિ.
૫ હલકી વાતમાં પડે નહિ.
૬ મર્યાદા પૂર્વક વર્તે.
૭ પર પુરૂષ સાથે એકાંત સેવે નહિ.
૮ પર પુરૂષ સાથે એક આસને બેસે નહિ.

## ૨૬ પતિવ્રતાને પતિનું સ્મરણ.

૧ એક પતિનુંજ ધ્યાન ધરવું.
૨ સર્વ સુખની આશા પતિમાંજ સ્થાપવી.
૩ આખા જગતને પતિમયજ નીરખવું. મહત્વસૂચક. ( વિષ્ણુમયં સર્વજગત્ )
૪ પતિના સુખે સુખ માનવું.
૫ પતિના દુઃખે દુઃખ માનવું
૬ પતિને દેખી મનમાં અતિ પ્રમોદ આણવો.
૭ પતિનું ત્રિકાળ રટણ કરવું.
૮ પતિતુલ્ય સૃષ્ટિમાં કોઈ નથી તેમ માનવું.
૯ પતિ વિના સૃષ્ટિ અંધકારમય જાણવી.
૧૦ પતિને પોતાનાં તન, મન, ધન જાણવાં.
૧૧ પતિની આજ્ઞા તે રાજાની આજ્ઞા સમી માનવી.

## ૨૭ વસ્ત્રાભૂષણ.

૧ લુગડાં ચોકખાં રાખવાં.
૨ લુગડું શોભતું પહેરવું.
૩ લુગડું અતિ બારિક ન પહેરવું.
૪ લુગડું સ્થિતિ પ્રમાણે પહેરવું.
૫ લુગડું ફાટેલ પહેરવું નહિ.
૬ લુગડું આછકલું પહેરવું નહિ.
૭ ઘરેણું શોભતું પહેરવું.
૮ ઘરેણું સંપત પ્રમાણે કરાવવું.

## ૨૮ ભાગ્યોદય વિષે.

૧ ભાગ્યોદયનું ખાવુંપીવું છે.
૨ ભાગ્યોદયનું પહેરવુંઓઢવું છે.
૩ ભાગ્યોદય પ્રમાણે મળે તેમાં સંતોષ માનવો.
૪ ભાગ્ય આપણેજ રચેલું છે.

## ૨૮ સ્ત્રીએ કેવાં ન થવું ?

૧ સ્ત્રીએ લટકાળા ન થવું.
૨ સ્ત્રીએ ચટકાળા ન થવું.
૩ સ્ત્રીએ તોછડા ન થવું.
૪ સ્ત્રીએ ઉદ્ધત ન થવું.
૫ સ્ત્રીએ પ્રમાદી ન થવું.
૬ સ્ત્રીએ ગુણચોર ન થવું.

## ૩૦ સ્ત્રીએ કાર્યને અંગે કેમ બોલવું ?

૧ સત્કાર પૂર્વક બોલવું.
૨ સાચું, હિતકારી અને નિંદા વગરનું વચન બોલવું.
૩ સર્વને મીઠું લાગે તેમ બોલવું.
૪ જરૂર જેટલું અને વિચારીને બોલવું.
૫ મર્યાદા જાળવીને બોલવું.
૬ ધીમે સાદે બોલવું.
૭ બોલો છો કે બોળો છો, તે વિચારજો.
૮ કરીશને બદલે કરૂં છું એમ બોલવું.
૯ સમય વિચારીને બોલવું.
૧૦ સત્ય હોય તે પણ પ્રિય શબ્દોમાં બોલવું.
૧૧ જૂઠું બોલવા કરતાં અબોલ રહેવું તે ઉત્તમ.
૧૨ પ્રિય વચન પણ ધર્મયુક્ત જ બોલવું.

## ૩૧ કેવું બોલવું નહિ ?

૧ નહિ કરૂં એવું વડિલો પ્રત્યે બોલવું નહિ.
૨ અવાય છે એવો શબ્દ બોલવો નહિ.
૩ જૂઠા શબ્દો બોલવા નહિ.
૪ કડવું વેણ બોલવું નહિ.
૫ કુથલી કે ચેષ્ટાભરેલું વાક્ય બોલવું નહિ.

૬ કોઇને દુ:ખ ઉપજે એવું વાક્ય બોલવું નહિ.
૭ તોછડાઇથી કોઇને બોલાવવું નહિ.

## ૩૨ સ્ત્રીએ કામ કેવું કરવું ?

૧ કામકાજ રૂડી રીતે કરવું.
૨ કામકાજ હોંશથી કરવું.
૩ કામકાજ કાળજીથી કરવું.
૪ કામકાજ સુઘડતાઈથી કરવું.
૫ કામ કર્યું તેણે કામણ કર્યું જાણવું.

## ૩૩ સદ્દગુણી સ્ત્રી કોણ કહેવાય ?

૧ સુખમાં બ્હેકી જાય નહિ તે.
૨ દુ:ખમાં ગભરાય નહિ તે.
૩ બીજાનું દુ:ખ જોઇ રાજી થાય નહિ તે.
૪ પુન્ય કરી ફૂલાય નહિ તે.
૫ પરઉપકાર કરી પરતાય નહિ તે.
૬ પુન્ય કરી પસ્તાય નહિ તે.
૭ અનીતિ કરી રાજી થાય નહિ તે.
૮ ઇંદ્રિયોને લગતાં સુખમાં મશગુલ રહે નહિ તે.

## ૩૪ સુલક્ષણી સ્ત્રી કોને કહેવી ?

૧ કોઇને અપ્રીતિથી બોલાવતી નથી તે.
૨ કોઈની સાથે વેર કરતી નથી તે.
૩ કોઇને અપ્રીય લાગતી નથી તે.
૪ કોઇનું અમંગળ ઇચ્છતી નથી તે.
૫ કોઈનું બૂરૂં ઈચ્છિતી નથી તે.
૬ કોઈની સાથે અસત્ય ભાષણ કરતી નથી તે.

## ૩૫ સ્ત્રી કેવી રીતે શોભે ?

૧ સ્ત્રી પતિવ્રતા શોભે.
૨ સ્ત્રી શિયળવંતી શોભે.
૩ સ્ત્રી સાસરે શોભે.
૪ સ્ત્રી પવિત્ર શોભે.
૫ સ્ત્રી પતિ પાસે શોભે.
૬ સ્ત્રી વંશાવેલડીએ શોભે.

## ૩૬ સ્ત્રીનું કાર્ય.

૧ સ્ત્રીને ડહાપણ તે શણગાર.
૨ સ્ત્રીને મલાજો તે હથીઆર.
૩ સ્ત્રીનો મીઠો સ્વભાવ તે મતબાર.
૪ સુઘડે સ્વચ્છતા રાખવી.
૫ શાણીએ ક્ષણે ક્ષણે ગમે ત્યાંથી વિદ્યા મેળવવી.
૬ કામિનીએ કણે કણે ધન સંચવું.

## ૩૭ સ્ત્રીએ કેવા થવું ?

૧ સ્ત્રીએ મીઠા સ્વભાવવાળા થવું.
૨ સ્ત્રીએ ઇર્ષ્યા વગરના થવું.
૩ સ્ત્રીએ મીઠી વાણીવાળા થવું.
૪ સ્ત્રીએ હોંશિલા થવું.
૫ સ્ત્રીએ ખંતિલા થવું.
૬ સ્ત્રીએ ઉદ્યમવંત થવું.
૭ સ્ત્રીએ શરમાળ થવું.
૮ સ્ત્રીએ લજ્જાવંત થવું.

## ૩૮ પતિવ્રતાનો ધર્મ કયો ?

૧ પતિના સુખે સુખ માનવું.
૨ પતિના દુ:ખે દુ:ખ માનવું.
૩ પતિને વશ રહેવું.
૪ પતિની ભક્તિ કરવી.
૫ પતિને રાજી રાખવા.
૬ પતિના ઉપર પ્રીતિ રાખવી.
૭ પતિનાં વચન માનવાં.
૮ પતિની સેવાચાકરી કરવી.
૯ પતિના સામું બોલવું નહિ.
૧૦ પતિને સાચા પ્રભુ માનવા.
૧૧ પતિની પાસે હઠિલા થવું નહિ.
૧૨ પતિના ઉપર વિશ્વાસ રાખવો.
૧૩ પતિની બીક રાખવી.
૧૪ પતિથી કોઈ વાત છાની રાખવી નહિ.
૧૫ પતિથી છાના પૈસા રાખવા નહિ.
૧૬ પતિના સર્વ હુકમને તાબે થવું.
૧૭ પતિની પાસે પોતાની ભૂલ કબુલ કરવી.

૧૮ પાતની ખામી બતાવી મોટાઇ કરવી નહિ.

૧૯ પતિથી સમજુ હોવાનો ડાળ કરવો નહિ.

૨૦ પતિથી ઉતરતી પંક્તિના પોતાને માનવું.

૨૧ પતિની ખામી કોઈને કહેવી નહિ.

૨૨ પતિ તથા પાડોશી સાથે ટંટો કરવો નહિ.

૨૩ પોતાના રૂપનાં વખાણ કરવાં નહિ.

## ૩૯ વાત કેવી કરવી નહિ ?

૧ કોઈની છાની વાત બીજાને કહેવી નહિ.
૨ ઘરની વાત કોઇને કહેવી નહિ.
૩ કોઈની આઘીપાછી વાત કરવી નહિ.
૪ રસ્તામાં ચાલતાં કોઇ પુરૂષ સાથે વાત કરવી નહિ.
૫ રસ્તામાં કોઈ પુરૂષ સાથે ઉભા રહી વાત કરવી નહિ.
૬ પોતાના ડહાપણની વાત કરવી નહિ.

## ૪૦ સ્વભાવ કેવો રાખવો ?

૧ નમ્ર સ્વભાવ રાખવો.
૨ ઠંડો સ્વભાવ રાખવો.
૩ પ્રકૃતિ શાંત રાખવી.
૪ મોટી નજર રાખવી.
૫ ઊંચી નજર રાખવી.
૬ માયાળુ સ્વભાવ રાખવો.
૭ સર્વની સાથે મીઠાશ રાખવી.
૮ ઝેર કે વેર મનમાં ન રાખવું.
૯ સર્વની ઉપર માયા રાખવી.
૧૦ ઈર્ષ્યાવાળો સ્વભાવ ન રાખવો.
૧૧ સર્વની સાથે ભલાઈ રાખવી.
૧૨ સર્વનું વ્યાજબી કથન કરવું.
૧૩ સર્વને નમીને ચાલવું.
૧૪ મોટાનું માન રાખવું.
૧૫ મોટાની શરમ રાખવી.
૧૬ મમત્વ રાખવું નહિ.

## ૪૧ સ્ત્રીએ કેવી ભાષા બોલવી નહિ ?

૧ સ્ત્રીએ કડવી ભાષા બોલવી નહિ.
૨ બીજાને દુઃખકારી ભાષા બોલવી નહિ.
૩ હલકું વેણ બોલવું નહિ.
૪ તોછડાઈથી બોલવું નહિ.
૫ મનમાં કડવાશ રાખી બોલવું નહિ.
૬ તોછડાઇથી બોલાવવું નહિ.
૭ માયાગાળું બોલવું નહિ.

## ૪૨ શું શું ઘટાડયું ઘટે ને વધાર્યું વધે ?

૧ આહાર વધાર્યો વધે ને ઘટાડયો ઘટે.
૨ નિદ્રા વધારી વધે ને ઘટાડી ઘટે.
૩ આળસ વધાર્યું વધે ને ઘટાડયું ઘટે.
૪ ઉદ્યોગ વધાર્યો વધે ને ઘટાડયો ઘટે.
૫ કામ વધાર્યો વધે ને ઘટાડયો ઘટે.
૬ કજિયો વધાર્યો વધે ને ઘટાડયો ઘટે.

## ૪૩ દુઃખ વિષે.

૧ અભિમાને દુઃખ ઉપજે તે દુઃખ.
૨ અભિમાનથી જશ જાય તે દુઃખ.
૩ દંપતીને અણબનાવ તે દુઃખ.
૪ કુભાર્યાને પતિનું દુઃખ.
૫ સ્વચ્છંદી સ્ત્રીને સદા દુઃખ.
૬ અભણ નારીને અજ્ઞાન એ પુરણ દુઃખ.
૭ કુકર્મ કરનારીને સર્વદા પુરણ દુઃખ.

## ૪૪ પરપુરૂષ વિષે.

૧ પરપુરૂષને પત્થર સમાન ગણવો.
૨ પરપુરૂષની સામું જોવું નહિ.
૩ પરપુરૂષનાં વખાણ કરવાં નહિ.
૪ પરપુરૂષને પોતાના પતિથી ઊંચ માનવો નહિ.

## ૪૫ ભય વિષે.

૧ ભોગને રોગનો ભય.
૨ કુલને કપુતનો ભય.
૩ દ્રવ્યને ચોરનો ભય.
૪ રૂપને લાંછનનો ભય.
૫ કાયાને મોતનો ભય.
૬ સતીને નીચ-પલિતનો ભય.

## ૪૬ સ્ત્રીનો શત્રુ કોણ ?

૧ વ્યભિચારિણીને પતિ શત્રુ.
૨ લોભણીને માગણ શત્રુ.
૩ મૂર્ખિણીને હિતવચન શત્રુ.
૪ આળસુને કામ બતાવનારો શત્રુ.

## ૪૭ નીચ કોણ ?

૧ શીખામણ ન સાંભળે તે નીચ.
૨ લાજશરમ ન રાખે તે નીચ.
૩ નીચની સોબત કરે તે નીચ.
૪ ધન કાજે મન આપે તે નીચ.
૫ નિર્ધન પતિ ઉપર અભાવ રાખે તે નીચ.
૬ પૈસાની સગી થાય તે નીચમાં નીચ.

## ૪૮ ખોટા કામને લાયક કઈ સ્ત્રી ?

૧ કુકર્મ પ્યારૂં લાગે તે કુભાર્યા.
૨ સત્સંગ અપ્રિય લાગે તે શંખણી.
૩ પરપુરૂષ પ્યારો લાગે તે પાપિણી.
૪ કજિયો પ્યારો લાગે તે કર્કશા.
૫ દામ પ્યારા લાગે તે દાસી.
૬ ચોરી પ્યારી લાગે તે ચંડાલણી.
૭ મોજમજા પ્યારી લાગે તે મૂર્ખિણી.

## ૪૯ કેવી સ્ત્રી મૂર્ખિણી ?

૧ કારણ વિના ગુસ્સો કરનારી તે મૂર્ખિણી.

૨ અજાણ્યા ઉપર વિશ્વાસ કરનારી તે મૂર્ખિણી.
૩ વગરબોલાવ્યે બોલનારી તે મૂર્ખિણી.
૪ પારકી કુથલી કરનારી તે મૂર્ખિણી.
૫ વાદવિવાદ કરનારી તે મૂર્ખિણી.
૬ ન કરવાનું કૃત્ય કરનારી તે મૂર્ખિણી.
૭ હિતવચન ન સાંભળનારી તે મૂર્ખિણી.
૮ વખત વિનાનું બોલનારી તે મૂર્ખિણી.
૯ પારકી નિંદા કરનારી તે મૂર્ખિણી.

## ૫૦ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.

૧ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.
૨ નાદાન સ્ત્રીની સખી થવું નહિ.
૩ નાદાન સ્ત્રીની સંગત કરવી નહિ.
૪ નાદાન સ્ત્રીના સંગથી લાજને જોખમ છે.
૫ નાદાન સ્ત્રીના સંગથી જીવને જોખમ છે.

## ૫૧ સ્ત્રી ક્યારે બગડે ?

૧ અતિ લાડ કરે લાડી બગડે.
૨ મોંઘી કરે માનિની બગડે.
૩ કામ ન કરે તો કામિની બગડે.
૪ ભાન ન રાખે તો ભામિની બગડે.
૫ પત ન રાખે તો પદ્મિણી બગડે.
૬ માયા-હેત ન રાખે તો મહિલા બગડે.

## ૫૨ ચિંતા કરવા વિષે.

૧ ઉદ્વેગ રાખવો નહિ.
૨ ચિંતા રાખવી નહિ.
૩ અફસોસ કરવો નહિ.
૪ દિલગીરી કરવી નહિ.
૫ લોભ રાખવો નહિ.
૬ ભય રાખવો નહિ.
૭ ભૂતના ભયથી ભડકવું નહિ.

## ૫૩ ચોરી વિષે.

૧ ચોરી કરે તે પાપનું મૂળ છે.
૨ ધણીની ચોરી તે હરામી છે.
૩ પરાઈ વસ્તુ હાથમાં લેવી નહિ.
૪ કોઈની ચોરી કરવી નહિ.

## ૫૪ કપટ વિષે.

૧ કપટ પાપનું મૂળ છે.
૨ છળ-દગો કરવો નહિ.
૩ વિશ્વાસઘાત કરવો નહિ.
૪ કોઇને છેતરવું નહિ.

## ૫૫ લોભ વિષે.

૧ લોભ પાપનું મૂળ છે.
૨ લોભે આબરૂ જાય છે.
૩ લોભે પ્રીતિ જાય છે.
૪ લોભે વહેવાર જાય છે.
૫ લોભે લક્ષણ જાય છે.
૬ લોભે મોભો જાય છે.
૭ લોભે સંતોષ જાય છે.
૮ લોભે ક્રોધ થાય છે.
૯ લોભે અનર્થ થાય છે.
૧૦ લોભે નીચ ગતિ થાય છે.

## ૫૬ ક્રોધ વિષે.

૧ ક્રોધ જાજ્વલ્યમાન ખડ્ગ છે.
૨ ક્રોધ આત્માનો ઘાત કરનાર છે.
૩ ક્રોધ ધનનું હરણ કરનાર છે.
૪ ક્રોધ સ્નેહીનો વિરોધ કરનાર છે.
૫ ક્રોધ પાપનું મૂળ છે.
૬ ક્રોધ કરવો નહિ.
૭ રીસ કરવી નહિ.
૮ રીસ રાખવી નહિ.
૯ કોઇ ઉપર તપવું નહિ.

## ૫૭ શા થકી, શું પ્રાપ્ત થતું નથી ?

૧ પરમાત્માનું સ્મરણ કરનારીને પાપ પ્રાપ્ત થતું નથી.
૨ મૌનવ્રત ધારણ કરનારીને કલેશ પ્રાપ્ત થતો નથી.
૩ સત્ય બોલનારીને ભય પ્રાપ્ત થતો નથી.
૪ ઉદ્યોગ કરનારીને દરિદ્રતા પ્રાપ્ત થતી નથી.
૫ ઉદ્યોગ કરનારીને એદીપણું પ્રાપ્ત થતું નથી.
૬ શીલસંરક્ષણથી અલચ્છી-આપદા મટે છે.

## ૫૮ સ્ત્રીને શિખામણ.

૧ રસ્તે ચાલતાં કાંઈ ખાવું નહિ.
૨ અધિક આહાર જમવો નહિ.
૩ લાંબી વાટે એકલા જવું નહિ.
૪ દેવદર્શને એકલા જવું નહિ.
૫ રાત્રે ઉજાગરો કરવો નહિ.
૬ પર પુરૂષના આસને બેસવું નહિ.

## ૫૯ પાપ વિષે.

૧ અનીતિ કરે તે પાપ.
૨ અધર્મ કરે તે પાપ.
૩ અસત્ય બોલે તે પાપ.
૪ વ્યભિચાર કરે તે પાપ.
૫ હિંસા કરે તે પાપ.
૬ અણઆપ્યું લે તે પાપ.

## ૬૦ માન વિષે.

૧ માન આપ્યે માન મળે.
૨ સંપી ચાલ્યે માન મળે.
૩ પ્રામાણિકપણે માન મળે.
૪ નમ્ર સ્વભાવે માન મળે.
૫ ટેક સાચવ્યે માન મળે.
૬ માન માગનારથી માન વેગળું.

## ૬૧ સંતોષ વિષે.

૧ સંતોષ રાખવો.
૨ સંતોષી સદા સુખી.
૩ સંતોષ જેવો બીજો તપ નથી.
૪ સંતોષ જેવો બીજો ધર્મ નથી.
૫ સંતોષીને ઝાઝું સુખ.
૬ સંતોષીને ઝાઝું માન.

## ૬૨ હરણ કરવા વિષે.

૧ ઘડપણ રૂપનું હરણ કરે છે.
૨ આશા ધૈર્યનું હરણ કરે છે.
૩ મૃત્યુ પ્રાણનું હરણ કરે છે.
૪ ક્રોધ લક્ષ્મીનું હરણ કરે છે.
૫ કામાંધતા લજ્જાનું હરણ કરે છે.
૬ માન જ્ઞાનનું હરણ કરે છે.
૭ માયા સત્યનું હરણ કરે છે.
૮ લોભ યશનું હરણ કરે છે.

## ૬૩ વિદ્યા વિષે.

૧ વિદ્યા કલ્પવૃક્ષ સમાન છે.
૨ વિદ્યા સુખને આપનારી છે.
૩ વિદ્યા બન્ધુસમાન મદદ કરનારી છે.
૪ વિદ્યા પરમ દૈવતવાળી છે.
૫ વિદ્યા ઇચ્છિત ફળવાળી છે.
૬ વિદ્યા કુળનો મહિમા વધારનારી છે.
૭ વિદ્યા માન અપાવવાવાળી છે.
૮ વિદ્યા લક્ષ્મી વધારવાવાળી છે.
૯ વિદ્યા રક્ષા કરવાવાળી છે.
૧૦ વિદ્યા હેતમાં જોડવાવાળી છે.
૧૧ વિદ્યા આનંદ પમાડવાવાળી છે.
૧૨ વિદ્યા કીર્ત્તિ ફેલાવવાવાળી છે.
૧૩ વિદ્યા મુસાફરને ભોમિયા સમાન છે.
૧૪ વિદ્યાવાન્ રાજ્યમાં (સર્વત્ર) પૂજાય છે.
૧૫ વિદ્યાવાન્ આયુષ્યવાન્ છે.
૧૬ વિદ્યા આંધળાને આંખ રૂપ છે.
૧૭ વિદ્યા બહેરાને કાનરૂપ છે.
૧૮ વિદ્યા મુંગાને વાચારૂપ છે.
૧૯ વિદ્યા પાંગળાને જેષ્ટિકા (લાકડી) રૂપ છે.
૨૦ વિદ્યા કામધેનુ ગાય સમાન છે.

## ૬૪ પતિવ્રતાને પ્યારૂં શું ?

૧ દયાપ્યારી તે પતિવ્રતા.
૨ પતિપ્યારા તે પતિવ્રતા.
૩ કુટુંબપ્યારૂં તે પતિવ્રતા.
૪ વહેવારપ્યારો તે પતિવ્રતા.
૫ સત્ય-શીલ પ્યારૂં તે પતિવ્રતા.

## ૬૫ પતિવ્રતાનો ધર્મ.

૧ પડતીમાં ગભરાય નહિ
૨ ચડતીમાં ફૂલાય નહિ
૩ ફૂવડ કહેવરાવે નહિ.
૪ ખાધાગાળો રાખે નહિ.
૫ ફાટલ લુગડું પહેરે નહિ.
૬ ખરાબ ભાષણ કરે નહિ.
૭ નીચની સોબત કરે નહિ.
૮ વગરકામે પારકે ઘેર જાય નહિ.
૯ પારકી નિંદા કરે નહિ.

## ૬૬ નકામો ખર્ચ.

૧ ફજુલ અથવા નકામો ખર્ચ કરવો નહિ.
૨ નિરૂપયોગી ખર્ચ કરાવવો નહિ.
૩ ખર્ચમાં કોઈ સ્ત્રીનો વાદ કરવો નહિ.
૪ ઉડાઉ થાય તેનું છાપરૂં ઊડે.
૫ સંપત્તિનો દુરૂપયોગ કરવો નહિ.

## ૬૭ હું શું કરૂં ? તે વિષે.

૧ હું ખોટું કામ કદી પણ નહિ કરૂં.
૨ હું પ્રભુ જેથી અપ્રસન્ન થાય તેવું નહિ કરૂં.

## ૬૮ હું શું પાળીશ ? તે વિષે.

૧ હું મારા પતિની આજ્ઞા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી પાળીશ.
૨ હું ધર્મશાસ્ત્રાદિકમાં જણાવેલા સ્ત્રીધર્મો હોંશથી પાળીશ.
૩ હું શિયળવ્રત-પતિવ્રતનો સહુથી શિરોમણિ સદ્‌ગુણ પ્રાણ જતાં પણ પાળીશ.
૪ હું સત્ય, દયા, નમ્રતા આદિ સદ્‌ગુણો હંમેશાં સ્નેહથી પાળીશ.
૫ હું જ્ઞાની મુનિઓએ સ્ત્રીઓ માટે મુકરર કરેલા નીતિ-નિયમો નિરંતર પાળીશ.

૬ હું વ્યાવહારિક તથા ઘરકામમાં વડિલોની આજ્ઞા અવશ્ય પાળીશ.
૭ હું લાચાર, નિરાધાર અને નિર્ધનોને યથાશક્તિ અન્ન વસ્ત્રો-આપી પાળીશ.
૮ હું પરપુરૂષને પિતા, પુત્ર, બન્ધુ ગણી મારી ટેક પાળીશ.

## ૬૯ હું શું કરીશ ? તે વિષે.

૧ હું પરમેશ્વરની ભક્તિ હંમેશાં ખરા ભાવથી કરીશ.
૨ હું મારા પતિની આજ્ઞા સદા માન્ય કરીશ.
૩ હું વિદ્યાભ્યાસ કરી સદ્ગુણોને અંગીકાર કરીશ.
૪ હું સુજ્ઞ અને નીતિવાન્ સખીઓનો સંગ કરીશ.
૫ હું ઘરનું કામ હોંશથી, ચાલાકીથી અને સ્વચ્છતાથી કરીશ.
૬ હું મારી બ્હેનોને બોધ-ઉપદેશ આપી સન્માર્ગે ચલાવવા પ્રયત્ન કરીશ.

# (૨) સ્ત્રી હિત વચનો.

૧ દીકરીએ માબાપની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું.
૨ માબાપના ઉપકાર આપણા ઉપર એટલા બધા છે કે તેનો બદલો વાળી શકાતો નથી.
૩ નાનાં કે મોટાં ભાઈબ્હેનો હોય તેની સાથે હેતથી વર્ત્તવું.
૪ ભાઈબહેનોને પરસ્પર મીઠાં વચનોથી બોલવવાં.
૫ રોયા, પીટયા અથવા રાંડ વગેરે અણઘટતા શબ્દો બોલવાની બીલકુલ ટેવ પાડવી નહિ.
૬ ખરાબ શબ્દો બોલવાથી શોભા ઘટે છે, મૂર્ખ કહેવાઇએ છીએ અને પાપ લાગે છે.

૭ છોડીઓએ છોકરાઓની સાથે રમવું નહિ.

૮ શરીર તથા વસ્ત્રો સ્વચ્છ રાખવાં.

૯ દરરોજ દેવદર્શને જવું તથા સાધ્વીજી હોય તો તેમને વાંદવા જવું.

૧૦ નાનાં ભાઇબ્હેનોને સાથે લઇને દહેરે ઉપાશ્રયે જવાની ટેવ રાખવી.

૧૧ પરણ્યા પછી પતિની આજ્ઞાને અનુસરીને ચાલવું.

૧૨ અહંકાર, કામ, ક્રોધ તથા ઇર્ષ્યા આદિ દુર્ગુણોનો ત્યાગ કરવો.

૧૩ મનને ધીરજવાળું રાખી સ્વામીસેવામાં તત્પર રહેવું.

૧૪ અયોગ્ય રીતે જોવું, બેસવું, ઊઠવું કે ચાલવું નહિ તેમજ દુષ્ટ ભાષણ કયારે પણ કરવું નહિ.

૧૫ પર પુરૂષને ભાઇ, બાપ સમાન ગણવા.

૧૬ પતિને જમાડીને જમવું અને તેમના સૂતા પહેલાં કદી સૂવું નહિ.

૧૭ સ્વામી બહારથી ઘેર આવે ત્યારે હસતે મોઢે, મધુરાં વચનથી તેમનો સત્કાર કરવો.

૧૮ ઘરની વસ્તુઓ સ્વચ્છ રાખવી.

૧૯ રસોઈ સુંદર બનાવી વખતસર પતિને (સૌને) ભોજન કરાવવું.

૨૦ ઇંદ્રિયોને વશ રાખવી.

૨૧ સ્વામીનું કદી પણ અપમાન કરવું નહિ.

૨૨ નીચ સ્ત્રીઓની સંગત કરવી નહિ તેમજ તેમની સાથે ભાષણ પણ કરવું નહિ.

૨૩ ઘરકામમાં ઉદ્યોગી રહેવું.

૨૪ ઘરેણાં કપડાં વગેરે સાચવીને રાખવાં.

૨૫ કોઈની હાંસી કરવી નહિ.

૨૬ ઝાઝું હસવું નહિ. બારણાં કે ગલીઓમાં કે એકાંતમાં ઉભા રહેવું નહિ.

૨૭ પરપુરૂષ સાથે પોતાના ઘરમાં કે બહાર પણ એકાંત સેવવી નહિ.

૨૮ ક્રોધ ઉત્પન્ન થાય તેવાં કાર્યો કરવાં નહિ.

૨૯ સર્વદા સત્ય બોલવું; જૂઠું બોલવું નહિ.

૩૦ સ્વામી વિદેશમાં હોય ત્યારે શરીરની વિશેષ શોભા નહિ કરતાં યોગ્ય નિયમોનું પાલન કરવું.

૩૧ જે વસ્તુનો સ્વામી ત્યાગ કરે તે વસ્તુનો સ્ત્રીએ પણ ત્યાગ કરવો.

૩૨ પતિને જે વાત અપ્રિય હોય તે વાતથી અળગાજ રહેવું.

૩૩ સાસુસસરાને માબાપ તુલ્ય ગણવાં.

૩૪ સાસુસસરાની નિત્ય સેવા કરવી.

૩૫ સાસુની આજ્ઞા પાળવામાં તત્પર રહેવું.

૩૬ કુટુંબવર્ગમાં સંપીને રહેવું.

૩૭ સાસુની સાથે કદી પણ વાદવિવાદ કરવો નહિ.

૩૮ ઘરના સેવકવર્ગની સારી સંભાળ રાખી તેમને સંતોષ આપવો.

૩૯ સેવકવર્ગના કામ ઉપર લક્ષ્ય આપવું.

૪૦ ઘરના ઉપજખર્ચનો હિસાબ રાખવો.

૪૧ પતિની આવક ઉપર ધ્યાન આપી તેમના રાજિપાને અનુસરીને યોગ્ય ખર્ચ કરાવવો.

૪૨ ઘરસંસાર કરકસરથી ચલાવવો.

૪૩ પતિનું મંગળ થતું હોય તો ભૂખ, તરસ અને નિદ્રાનો પણ ત્યાગ કરવો.

૪૪ પતિના જાગવા પહેલાં જાગવું.

૪૫ સ્વામીની કહેલી વાત પેટમાં રાખવી.

૪૬ દાસ, દાસી હોય છતાં સ્વામીનું કામ જાતેજ ઊઠીને કરવું.

૪૭ પતિવ્રતાઓનો સમાગમ રાખવો અને સતી સ્ત્રીઓના આખ્યાનો વાંચવાં.

૪૮ અભિમાન રાખવું નહિ.

૪૯ અવકાશે નીતિ તથા ધર્મનાં પુસ્તકો વાંચવાની ટેવ રાખવી.

૫૦ બની શકે તો દરરોજ સામાયક તથા દેવપૂજા કરવી.

૫૧ દિલ સાફ રાખવું–કપટી થવું નહિ.

૫૨ શોકયનું વાંકું બોલવું નહિ અને તેની સાથે દ્વેષ રાખવો નહિ.

૫૩ ઓરમાન છોકરાઓ ઉપર પ્રેમ રાખવો,અભાવ રાખવો નહિ.

૫૪ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવો.

૫૫ મિથ્યાત્વીનાં પર્વો કરવાં નહિ.

૫૬ ધર્મને પરમ હિતકારક જાણી બની શકે તેટલું તેનું આરાધન કરવું.

૫૭ પિતા, બાન્ધવ પ્રમુખ કોઇ પણ પુરૂષની કોટે વળગી મળવું નહિ.

૫૮ પર પુરૂષનું ઉવટણાદિથી અંગમર્દન કરવું નહિ.

૫૯ પર પુરૂષને ન્હવરાવવો નહિ.

૬૦ પર પુરૂષ સાથે પત્રાદિક ( પાના–બાજી ) થી ખેલવું નહિ.

૬૧ પર પુરૂષનો છેડો પકડી વાત કરવી નહિ.

૬૨ પર પુરૂષ સાથે હસીને હાથતાળી દેવી નહિ.

૬૩ પર પુરૂષની વેણી ગુંથવી નહિ.

૬૪ પર પુરૂષનાં અંગ ચાંપવાં નહિ.

૬૫ પર પુરૂષના હાથથી પાનબીડી લેવી નહિ.

૬૬ પર પુરૂષ સાથે એક શય્યાએ બેસવું નહિ.

૬૭ ચોટે, શેરીએ પુરૂષના સંગમાં જવું નહિ.
૬૮ જેઠ, સસરો, સાસુ વગેરે મોટેરાની સાથે ઠઠાબાજી કરવી નહિ.
૬૯ પર પુરૂષ સાથે એકાંતમાં રહેવું નહિ.
૭૦ પર પુરૂષથી દૃષ્ટિ મેળવી રાગથી જોવું નહિ.
૭૧ પર પુરૂષ સાથે સાંકેતિક ભાષાથી બોલવું નહિ.
૭૨ જોગી, ભરડા, ભિક્ષાચરની સાથે ભાષણ કરવું નહિ.
૭૩ કોઇ દેખે તેમ લઘુનીતિ અને વડીનીતિ ( ઝાડા પેશાબ ) કરવી નહિ.
૭૪ પર પુરૂષ દેખતાં આળસ મરડવી નહિ.
૭૫ તેમજ શરીરનાં અવયયો ઉઘાડાં રાખી બતાવવાં નહિ.
૭૬ અત્યંત મીઠા પદાર્થો ખાવા ઉપર પ્રીતિ રાખવી નહિ.
૭૭ ભોજન અલ્પ કરવું.
૭૮ મોટા સ્વરથી હસવું નહિ.
૭૯ અજાણ્યે ઘેર જવું નહિ.
૮૦ પીએર ઝાઝું રહેવું નહિ.
૮૧ ઘરની વાત કોઇને કહેવી નહિ.
૮૨ સાસરાના ઘરનું દ્રવ્ય કપટથી પિયરિયાંને આપવું નહિ.
૮૩ ધીરા તથા મીઠા સ્વરથી બોલવું.
૮૪ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવું નહિ.

# ૪ સર્વ સાધારણ હિતવચનો.

૧ સુદેવ, સુગુરૂ, સુધર્મ, સાધર્મીજન, ગુણીજન, વડિલ-જન તથા જ્ઞાનીનો વિનય બરાબર કરવો. વિનય ધર્મનું મૂળ છે.

૨ મર્યાદાથી બોલવું, ચાલવું, ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, કામકાજ કરવું તથા સૂવું-બેસવું; મર્યાદાથીજ સઘળું શોભે છે.

૩ સુખમાં છકી જવું નહીં, દુઃખમાં ગભરાવું નહીં, સામાનું દુઃખ જોઈ રાજી થવું નહી, પુન્ય કરી ફૂલાવું નહીં, ઉપકાર કરી પસ્તાવું નહી અને અનીતિ કરી હરખાવું નહીં પણ શરમાવું.

૪ ઈર્ષ્યા કે અદેખાઈ કરવી નહીં પણ ગુણમાં બીજાની સ્પર્ધા કરવી.

૫ કોઈની છાની વાત પ્રગટ કરવી નહીં તેમજ આઘી-પાછી કરવી નહીં. કોઇને મર્મનાં બાણ મારવાં નહીં.

૬ બનતાં સુધી કોઇને કડવું વચન કહેવું નહીં, પ્રિય અને હિત વચન કહેવું. લોકપ્રિય થવાનો એજ ઉત્તમ માર્ગ છે.

૭ મનમાં ઝેરવેર રાખવું નહી, હોય તે કાઢી નાખવું ને પ્રેમ-અમૃત વર્ષાવવું, જેથી શત્રુ પણ મિત્ર થવા પામે.

૮ દયા, સત્ય, પ્રામાણિકતા ને શીલસંતોષનો અભ્યાસ રાખવો.

૯ સાદાઇ અને સંયમવડે નિર્દોષ જીવન ગુજારવું, ખર્ચ કમી કરી દેવું જેથી પાપપ્રવૃત્તિ ઓછીજ કરવી પડે.

૧૦ પોતાનું શિયળધન લૂંટાય તેવા દોષિત સ્થાનથી દૂર જ રહેવું.

૧૧ દોરા ધાગા કે મંત્ર તંત્રના ભામામાં પડવું નહિ, મોહ-જાળમાં ફસાવું નહી.

૧૨ કોઇને નબળી વાત કહી નબળે માર્ગે દોરવા નહી.

૧૩ પતિવ્રતાને છાજે એવી દરેક રહેણીકરણી રાખવી.

૧૪ સ્વપરનું શિયળધન રક્ષાય એવી સાવધાનતા રાખવી.

૧૫ સતાસતીઓનાં પવિત્ર ચરિત્રો વાંચી કે સાંભળી ધૈર્ય, વિવેક, ગંભીરતાદિક ઉત્તમ ગુણો સ્વજીવનમાં ઉતારવા.

૧૬ ખોટો આડંબર દુઃખદાયક જાણીને દૂર કરવો.

૧૭ સોબત કરવી તો સુશીલ કે સજ્જન બ્હેનોની કે બોધદાયક પુસ્તકોની કરવી.

૧૮ પારકી નિંદા કે કુથલી કરવાની કુટેવ તો સર્વથા વર્જવી.

૧૯ પવિત્ર વિચારો વડે નબળા વિચારોને ખસેડી દેવા.

૨૦ હલકું વચન કોઇને કહેવું નહિ, પ્રિય અને હિત વચ-નજ કહેવું.

૨૧ વિવાહપ્રસંગે ફાગ-ફટાણાં ગાવામાં ઉત્તેજન નજ આપવું.

૨૨ મરણ પ્રસંગે રોવા કુટવાની પ્રથા ઘટાડી શાંતિ અને ધૈર્ય ધારણ કરવાં

૨૩ ખાનપાનમાં સ્વચ્છતાદિક સાચવવા વિવેક રાખવો.

૨૪ ભક્ષ્યાભક્ષ્યની બરાબર સમજ મેળવી અભક્ષ્યથી દૂર રહેવું.

૨૫ રાત્રિભોજન સર્વથા નજ કરવું. વાશી ને વિદળ તજવાં.

૨૬ રસોઈ પ્રમુખ દરેક પ્રસંગે જયણાને વિસારવી નહીંજ.

૨૭ બને તેટલું સ્વપરનું ભલું કરવું પણ કરીને ફૂલાવું તો નહીંજ.

૨૮ આત્મામાં રહેલી અનંત શક્તિનું ભાન કાયમ જાગ્રત્ રાખી સ્વપર ઉન્નતિનાં કામ ઉલ્લાસ પૂર્વક કરતાં રહેવું.

# ૫ સ્ત્રીહિતકર કાવ્યો.

## ૧ શ્રી હિતશિક્ષા છત્રીશી.

( પંડિત શ્રી વીરવિજયજી કૃત. )

સાંભળજો સજ્જન નર નારી, હિત-શિખામણ સારીજી;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારી-સુણજો સજ્જનોરે.
લોક-વિરૂદ્ધ નિવાર, સુ૦ જગત વડો વ્યવહાર. સુણ૦ ૧
મુરખ બાળક જાચક વ્યસની, કારૂ ને વળી નારૂજી;
જો સંસારે સદા સુખ વંછો, તો ચોરની સંગત વારૂ. સુણ૦ ૨
વેશ્યા સાથે વણજ ન કરીએ, નીચશું નેહ ન ધરીએજી;
ખાંપણ આવે ઘર ધન જાવે, જીવિતને પરિહરીએ. સુણ૦ ૩
કામ વિના પર ઘર નવિ જઇએ, આળે ગાળ ન દીજેજી;
બળીઆ સાથે બાથ ન ભરીએ, કુટુંબ-કલહ નવિ કીજે. સુણ૦ ૪
દુશ્મનશું પરનારી સાથે, તજીએ વાત એકાંતેજી;
માત બહેનશું મારગ જાતાં, વાત ન કરીએ રાતે. સુણ૦ ૫
રાજા રમણી ઘરનો સોની, વિશ્વાસે નવિ રહીએજી;
માતપિતા ગુરૂવિણ બીજાને, ગૂઝની વાત ન કહીએ. સુણ૦ ૬
અણજાણ્યાશું ગામ ન જઇએ, ઝાડ તળે નવિ વસીએજી;
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસીએ. સુણ૦ ૭
રમત કરતાં રીસ ન કરીએ, ભયમારગ નવિ જઇએજી;
બે જણ વાત કરે જિહાં છાની, તિહાં ઉભા નવિ રહીએ. સુણ૦

હુંકારા વિણ વાત ન કરીએ, ઇચ્છા વિણ નવિ જમીએજી;
ધન વિદ્યાનો મદ પરિહરીએ, નમતા સાથે નમીએ. સુણ૦ ૯
મુરખ જોગી રાજા પંડિત, હાંસી કરી નવિ હસીએજી;
હાથી વાઘ સર્પ નર વહતાં, દેખીને દૂર ખસીએ. સુણ૦ ૧૦
કૂવા કાંઠે હાંસી ન કરીએ, કેફ કરી નવિ ભમીએજી;
વરો ન કરીએ ઘર વેચીને, જુગટડે નવિ રમીએ. સુણ૦ ૧૧
ભણતાં ગણતાં આળસ તજીએ, લખતાં વાત ન કરીએજી;
પર હસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરીએ. સુણ૦ ૧૨
નામું માંડો આળસ છંડી, દેવાદાર ન થઇએજી;
કષ્ટ ભયાનક થાનક વરજી, દેશાવર જઇ રહીએ. સુણ૦ ૧૩
ધનવંતોને વેશમલિનતા, પગશું પગ ઘસી ધોવેજી;
નાપિક ઘર જઈ શિર મુંડાવે, પાણીમાં મુખ જોવે. સુણ૦ ૧૪

---

શબ્દાર્થ.

સજ્જન—સદ્ગુણી.
પરવારી—દૂર ગઈ, જતી રહી.
નિવાર—રોકવું, વારવું, અટકાવવું.
કારૂનારૂ—ગામેગામ ફરતી લુહારી-
આની એક હલકી જાત
ગાડલીઆ વાંઝા વગેરે.
વંછો—ઇચ્છો, ચાહો.
વારૂ—વારવી, છોડવી, તજવી.
મદ—ગર્વ, અભિમાન.
વણજ—વ્યવહાર, વેપાર, ધંધો.
ખાંપણ—ખોડ, કલંક, લાંછન.
પરહરવું—તજવું, છોડવું.
આળે—અડપલું, વિનાકારણે.
ગૂઝ—છાની.
છંડી—છોડી દઇ, તજી દઈ.
વરજી—છોડી દઈ, તજી દઇ.
નાપિક—ઘાંયજો, વાળંદ, હજામ.
વરો—કારજ, ખર્ચ.

નાવણ દાતણ સુંદર ન કરે, બેઠો તરણાં તોડેજી;
ભૂંએ ચિત્રામણ નાગો સૂવે, તેને લક્ષ્મી છોડે. સુણ૦ ૧૫

માતાચરણે શીષ નમાવો, બાપને કરો પ્રણામોજી;
દેવગુરૂને વિધિએ વાંદી, કરો સંસારનાં કામો. સુણ૦ ૧૬

બે હાથે માથું નવિ ખણીએ, કાન નવ ખોતરીએજી;
ઉભાં કેડે હાથ ન દીજે, સામે પૂર નવિ તરીએ. સુણ૦ ૧૭

ચાહુ તમાકુ દૂરે તજીએ, અણગળ જળ નવિ પીજેજી;
કુળવંતી સતીને શિખામણ, હવે નર ભેગી દીજે. સુણ૦ ૧૮

સસરો સાસુ જેઠ જેઠાણી, નણદી વિનય મ ચૂકોજી;
શાણપણે શેરી સંચરતાં, ચતુરા ચાલ મ ચૂકો–
સુણજો સજ્જનોરે. ૧૯

નીચ સાહેલી સંગ ન કીજે, પર મંદિર નવિ ભમીએજી;
રાત્રિ પડે ઘર બહાર ન જઇએ, સહુને જમાડી જમીએ. સુ૦ ૨૦

ધોબણ માલણ ને કુંભારણ, યોગણ સંગ ન કરીએજી;
સહજે કોઇક આળ ચ્હડાવે, એવડું શાને કરીએ ? સુણ૦ ૨૧

નિજ ભરથાર ગયે દેશાવર, તવ શણગાર ન ધરીએજી;
જમવા નાતિ વચ્ચે નવિ જઇએ, દુર્જન દેખી ડરીએ. સુણ૦ ૨૨

પર શેરી ગરબો ગાવાને, મેળે ખેલે ન જઇએજી;
નાવણ ધોવણ નદી–કિનારે, જાતાં નિર્લજ થઇએ. સુણ૦ ૨૩

ઉપડતે પગે ચાલ ચાલીજે, હુન્નર સહુ શીખીજેજી;
સ્નાન સુવસ્ત્રે રસોઇ કરીને, દાન સુપાત્રે દીજે સુણ૦ ૨૪

શોકયતણાં લઘુ બાળક દેખી, મ ધરો ખેદ હૈયામાંજી;
તેહની સુખ શીતળ આશિષે, પુત્રતણાં ફળ પામો. સુણ૦ ૨૫

બાર વરસ બાળક સુરપડિમા, એ બે સરિખાં કહીએજી;
ભકિત કરે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહીએ. સુણ૦ ૨૬

નર નારી બેહુને શિખામણ, મુખ લવરી નવિ હસીએજી;
જ્ઞાતિ સગાનાં ઘર છંડીને, એકલડા નવિ વસીએ. સુણ૦ ૨૭
વમન કરીને ચિંતાજાળે, નબળે આસન બેસીજી;
વિદિશે દક્ષિણ દિશે અંધારે, બોટયું પશુએ પેસી. સુણ૦ ૨૮
અણજાણ્યે રૂતુવંતી-પાત્રે, પેટ અજીરણ-વેળાજી;
આકાશે ભોજન નવિ કરીએ, બે જણ બેસી ભેળાં. સુણ૦ ૨૯
અતિશય ઊનું ખારૂં ખાટું, શાક ઘણું નવિ ખાવુંજી;
મૌનપણે ઓઠીંગણ વરજી, જમવા પહેલાં નહાવું. સુણ૦ ૩૦
શ્વાન વખાણી વખોડી ન ખાવું, તડકે બેસી ન જમવુંજી;
માંદા પાસે રાત તજીને, નરણા પાણી ન પીવું. સુણ૦ ૩૧
કંદમૂળ અભક્ષ ને બોળો, વાસી વિદળ તે વરજોજી;
જૂઠ તજો પર નિંદા હિંસા, જો વળી નરભવ સરજો. સુણ૦ ૩૨
વ્રત પચખાણ ધરી ગુરૂહાથે, તીરથયાત્રા કરીએજી;
પુણ્યઉદય જો મોટા પ્રગટે, તો સંઘવીપદ ધરીએ. સુણ૦ ૩૩
મારગમાં મન મોકળું રાખી, બહુવિધ સંઘ જમાડોજી;
સુરલોકે સુખ સઘળાં પામો, તો મળશે એવો દહાડો. સુણ૦ ૩૪
તીરથ તારણ શિવસુખકારણ, સિદ્ધાચળ ગિરનારેજી;
પ્રભુભક્તિ ગુણશ્રેણે ભવજળ, તરીએ એક અવતારે. સુણ૦ ૩૫
લૌકિક લોકોત્તર હિતશિક્ષા-છત્રીશી એ બોલીજી;
પંડિત શ્રી શુભવીર વિજય મુખ-વાણી મોહનવેલીજી. સુણ૦ ૩૬

## શબ્દાર્થ.

સંચરતાં-ચાલતાં, હીંડતાં.
મેળે—મેળામાં.
સુરપડિમા-દેવની પ્રતિમા મૂર્ત્તિ.
લીલા-આનંદ કે સુખની રચનાઓ.
ઘટનાઓ-ચમત્કારી બનાવો.

## ૨ રાત્રિ–ભોજન નિવારવા વિષે.

(રાગ–એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં.)

રજની–ભોજન સજની ક્યારે નવ કરો.
રાતે જમતાં જંતુ પડશે પાત્રમાં,
તેથી લાગે જમનારાને પાપજો;
પાપ થતાં નવ સચવાયે જીવની દયા,
જિનવાણીનો તેથી થાય ઉથાપજો. રજની. ૧

કીડી આવે મુખમાં મતિ લોપાય છે,
જૂ આવેથી રોગ જળોદર થાયજો;
વમન કરાવે માખી મુખમાં પેસતાં,
કરોળિયાથી કોઢ શરીરે થાયજો. રજની. ૨

કાંટો પીડા કરે ગળામાં અતિ ઘણી,
વીંછી તાળું વીંધે પીડાકારજો;
સ્વરનો ભંગ કરે છે વાળ મુખે પડ્યો,
પીડા તેથી થાય પ્રગટ પ્રસારજો. રજની. ૩

ખેલે—તમાસામાં, રમતોમાં.
વમન—ઉલટી, બકારી.
મૌનપણું—મુંગે મોઢે.
વખોડવું—દોષ કાઢવા.
સુરલોક-દેવલોક.

ઋતુવંતી—ઓપટીવાળી.
નરણાં—સવારમાં ખાતાં પહેલાં, ભૂખ્યા પેટે.
અભક્ષ્ય-નહિ ખાવા લાયક, ખપે નહિ તેવી.
શિવસુખ—મોક્ષસુખ.

હંસ અને કેશવની કથા ગવાય છે,
રાત્રિભોજન પર છે તે દૃષ્ટાંત જો;
શ્રવણ કરીને મન પર ધરજો પ્રીતથી,
એ વ્રતથી જન પામે પુણ્ય મહંત જો. રજની. ૪

---

## ૩ હિતશિક્ષા વિષે.

ગઝલ.

અમે આ દેહ ધારી છે, અમારા કંથને માટે;
વળી માયા વધારી છે, અમારા કંથને માટે. ૧
પિયર પળમાં તજી દઈને, સુભાગી સાસરે આવ્યાં;
રમત સર્વે વિસરી છે, અમારા કંથને માટે. ૨
પિતાથી લાડ કરતાં'તાં, પજવતાં માતને ભારે;
હવે બુદ્ધિ સુધારી છે, અમારા કંથને માટે. ૩
કહ્યું ના કોઇનું કરતાં, અતિ ઉન્મત્ત થઇ ફરતાં;
હવે તો લાજ ધારી છે, અમારા કંથને માટે. ૪
જૂનાની પ્રીત તોડીને, નવાથી સ્નેહ જોડીને;
ગરવની ગાંઠ વાળી છે, અમારા કંથને માટે. ૫
ટુંકારા સાસુના ખાધા, નણંદના બોલ સાંખ્યા છે;
ક્ષમાની ઢાલ ધારી છે, અમારા કંથને માટે. ૬
પરાધીન પિંજરે રહીને, હશે કદી કષ્ટ કંઈ વેઠવું;
ઉદાસી ટેવ ટાળી છે, અમારા કંથને માટે. ૭

### શબ્દાર્થ.

ઉન્મત્ત—તોફાની.
ક્ષમા—દરગુજર કરવું,
માફ કરવું, જતું કરવું.
કંથ—સ્વામી, પતિ, ધણી.
અડગ—ડગે નહિ તે.

પતિની સેવ છે સાચી, રહી નિજ નાથમાં રાજી;
અનીતિ તો અકારો છે, અમારા કંથને માટે. ૮

ધરી શણગાર શુભ અંગે, ઠમકતી ચાલ ચાલીને;
શરીર–શોભા વધારી છે, અમારા કંથને માટે. ૯

કહે તે કંથ કરવાના, પતિને દેવ ગણવાના;
અડગ એ ટેક ધારી છે, અમારા કંથને માટે. ૧૦

પતિનાં સુખમાં સુખિયાં, પિયુનાં દુઃખમાં દુઃખિયાં;
સરસ રીત એ સ્વીકારી છે, અમારા કંથને માટે. ૧૧

પતિનું આંસુ પડશે ત્યાં, અમારૂ લોહી આપીશું;
પતિવ્રત માળ પહેરી છે, અમારા કંથને માટે. ૧૨

---

## ૪ પતિવ્રત વિષે.

ગઝલ.

અમારૂં સ્વર્ગનું બારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં;
અમોને મોક્ષ દેનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં, ૧

સુબુદ્ધિ સાથ વસનારૂં, કુબુદ્ધિ દૂર કરનારૂં;
પિયુનો પ્રેમ પાનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૨

ભલે ભૂખે મરી જઇએ, કદી કંગાલ જો થઇએ;
દુઃખો દેખી ન ડરનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૩

અમોને કેદમાં રાખો, કદાપી બેડીઓ નાખો;
છતાં ના ટેક તજનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૪

ભલેને ભય ઘણો આપો, કદી તલવારથી કાપો;
નહિ તલભાર ડગનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં.

ઘણું દુઃખ સાસરે સહીશું, કદી ના કોઇને કહીશું;
અમારા શ્રેયને સારૂ, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૬
પતિ જો હોય પતવાળો, કુટિલ યા અંધ હો કાણો;
તથાપિ ચિત્ત મ્હાનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૭
ભલે રોગી અભોગી હો, અગર ધનહીન યોગી હો;
ધણી ભગવંત સમ ધારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૮
અભણ કે હોય અજ્ઞાની, શકે ના પ્રેમને જાણી;
છતાં શિરછત્ર છે મારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૯
અમારો દેવ છે સ્વામી, અમારી ભક્તિ ત્યાં જામી;
હૃદય ભરથાર રટનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૧૦
ભર્યા ભંડાર નાણાંથી, સુવસ્ત્રો કે ઘરેણાંથી;
કદી ના ચિત્ત ચળનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૧૧
નહિ લલચાઇએ લોભે, નહિ મન માનશે મોહે;
ખરેખર એ બધું ખારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૧૨
રવિ પશ્ચિમ ઉદય થાયે, સિંહણસુત તૃણ જો ખાયે;
તથાપિ હામ ના હારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૧૩
દ્રુપદતનયા અને તારા, સુકન્યા ને સતી સીતા;
પતિવ્રત તેહ સમ પાળું, પતિવ્રત પ્રાણથી પ્યારૂં. ૧૪
કહે શંકર સફળ જીવ્યું, મળે જેને સતી નારી;
તરે પોતે અને નિજ નાથ-ને સંસાર દે તારી. ૧૫

## શબ્દાર્થ.

શ્રેય—ભલું.
પિયુ—પતી, ધણી.
પત—ગળત કોઢ નામનો રોગ.
તૃણ—ઘાસ.
કુટિલ—વક્ર, અવળચંડો.
રવિ—સૂર્ય.
સિંહણસુત—સિંહ.
તનયા—દિકરી.

## ૫ સ્ત્રી હિત શિક્ષા-ગંહુલી.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ. )

સુખદાયક હિતશિક્ષા સાચી સાંભળો,
ધરજો મનમાં હેત ધરી નર નારજો;
પ્રભુભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો,
હરતાં ફરતાં ગણજો મન નવકારજો. સુખ૦ ૧

નિન્દા ચાડી ચુગલી કરવી વારજો,
દ્વેષ કરો નંહિ શત્રુપર તલભારજો;
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરીને કરજો નહીં આહાર જો. સુખ૦ ૨

નિજ શક્તિ-અનુસારે લક્ષ્મી ધર્મમાં,
વાપરવી, લહી માનવ-ભવ-અવતારજો;
હળી મળી સંપીને ઘરમાં ચાલવું,
ઘરમાં કરવો નહિ ખટપટથી ખારજો. સુખ૦ ૩

દીન દુ:ખી અન્ધા પર કરૂણા કીજીએ,
પર ઉપકારે પાપકર્મનો નાશ જો;
મનમાં પણ બૂરૂં નહિ પરનું ચિંતવો,
સારામ સારૂં છે ધર વિશ્વાસ જો. સુખ૦ ૪

સુખની વેળા ભાગ્યથકી જો સંપજે,
ત્યારે મનમાં કરવો નહિ અહંકાર જો;
દુ:ખની વેળા દિલગીરીને ત્યાગીએ,
એક અવસ્થા રહે નહીં સંસાર જો. સુખ૦ ૫

જુગારીની સંગત કીજે નહીં કદી,
કુમિત્રોની સોબત દુ:ખદાતારજો;

કડવી પણ હિતશિક્ષા મનમાં ધારવી,
પરનારી વેશ્યાનો તજશો પ્યારજો. સુખ૦ ૬
માતપિતાની ભક્તિ કરીએ ભાવથી,
સંકટ પડતાં કરવી પરને સ્હાયજો;
નાત જાતના સામા પડીએ નહિ કદી,
નિત્ય સવારે લાગો ગુરૂને પાયજો. સુખ૦ ૭
વચન વિચારી બોલો સહુ મીઠાશથી,
મોટા જનનું સાચવવું બહુ માનજો;
ગંભીર મનના થાશો સુખડાં સંપજે,
સદ્‌ગુરૂ-ગુણનું કરવું જગમાં જ્ઞાન જો. સુખ૦ ૮
સમયસૂચકતા સમતા રાખી ચાલીએ,
ધર્મશાસ્ત્રનો ધરજો મન આચાર જો;
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ-સંગત કીજીએ,
પામો તેથી ભવસાગરનો પાર જો. સુખ૦ ૯

---

## પતિવ્રતા સ્ત્રી વિષે-ગંહુલી.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ. )

પતિવ્રતા પ્રેમદાના ધર્મો સાંભળો,
પ્રભાતકાલે વ્હેલી ઊઠે નાર જો;
મહામંત્ર પરમેષ્ઠીનો મનમાં ગણે,
દિનકૃત્યોનો ક્રમથી કરે વિચારજો. પતિવ્રતા૦ ૧
પ્રતિદિવસ લઘુતાથી વિનયે વર્ત્તતી,
પ્રેમે પડતી સાસુ સસરા પાય જો;
ઘરનાં કાર્યો કરે યતનાથી દેખીને,
વૃદ્ધ બાળને ખવરાવીને ખાયજો. પતિવ્રતા. ૨

નણંદ જેઠાણી જેઠ દિયરને દાસીઓ,
વર્ત્તે સદાચરણથી સહુની સાથજો;
ઠપકા મહેણાં સહન કરે સહુ પ્રીતથી,
નવરાશે ભજતી તે ત્રિભુવનનાથજો. પતિવ્રતા. ૩

બાળક બચ્ચાંને જાળવતી પ્રેમથી,
કદી ન કરતી કુટુમ્બ સાથે ખારજો;
મોટું પેટ કરીને સહુનું સાંભળે,
પર પુરૂષથી કદી કરે નહિ પ્યાર જો. પતિવ્રતા. ૪

મીઠાં વચનો બોલે સહુની સાથમાં,
સુખ દુઃખ વેળા મન રાખે સમભાવજો;
ઘરની વાતો દ્વેષી આગળ નહીં કરે,
ધર્મ કર્મનો કરતી મનમાં લ્હાવ જો. પતિવ્રતા. ૫

નહિ પંજેળે પતિને હઠિલી થઇ કદી,
સંકટ પડતાં પતિને કરતી સ્હાયજો;
આફત આવે પતિને ધીરજ આપતી,
આળ ચ્હડે તેવા સ્થાને નહિ જાય જો. પતિવ્રતા. ૬

છેલછબીલી બની ઠણીને નહીં ફરે,
લોકવિરૂદ્ધ વર્ત્તે નહીં કંઠે પ્રાણજો;
લાજ ધરે મોટાની કુલવટ સાચવી,
પતિ આજ્ઞા લોપે નહિ સુખની ખાણજો. પતિવ્રતા. ૭

દેવગુરૂને વંદન કરતી ભાવથી,
સદ્‌ગુરૂ-વચનામૃત સાંભળતી પ્રેમજો;
ગ્રહ્યાં વ્રતોને પ્રાણાંતે પણ પાળતી;
સતીવ્રતોને સાચવતી ધરી નેમ જો. પતિવ્રતા. ૮

ધર્મકર્મમાં સર્વ જનોને જોડતી,
બાળક બાળિકાને દેતી બોધજો;
ઠપકો પતિ આપે તે સર્વે સાંભળે,
પતિના સામું બોલે નહિ ધરી ક્રોધજો. પતિવ્રતા. ૯

સુલસા ચંદનબાલા સીતા રેવતી,
દમયંતી સુભદ્રા શુભ અવતાર જો;
બુદ્ધિસાગર સતીઓ એવી શોભતી,
પાળો શિયળ કુળવંતી શુભ નાર જો. પતિવ્રતા. ૧૦

## ૭ ગુરૂ-ગુણ વિષે-ગંહુલી.

( માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો—એ રાગ. )

બ્હેની ગુરૂરાજને તમે વંદો, જેથી મળશે શિવસુખ-કંદો—બ્હેની.
ભાગ્યજોગે ગુરૂરાજ મળિયા, ભવોભવનાં પાતક ટળિયાં;
મોતીડે મેહ વરસિયા. બ્હેની. ૧
ધન્ય ઘડી ધન્ય દિવસ આજ, સિધ્યાં છે સહુનાં કાજ,
પધાર્યા ગુરૂ મહારાજ. બ્હેની. ૨
રહો ગુણિયલ ગુરૂજી ચોમાસું, વાણી સુણીને નિર્મળ થાશું;
રાત-દિવસ ગુણને ગાશું. બ્હેની. ૩
પુરવ પુન્ય-ઉદય આજ ફળિયો, સદગુરૂનો સંજોગ મળિયો;
અજ્ઞાન કદાગ્રહ ટળિયો. બ્હેની. ૪
સૂત્ર અર્થના ઉપદેશ આપે, મિથ્યાત્વનાં મૂળને કાપે;
સમકિત માંહે સ્થિર સ્થાપે. બ્હેની. ૫
પુણ્ય-પાપનો રસ્તો બતાવી, સત્ય ધર્મની વાત જણાવી;
સર્વ સંઘના મનમાં ભાવી. બ્હેની. ૬
ગુરૂ જ્ઞાન-રતનના ભરિયા, સમતા-સાગરના દરિયા;
વૈરાગ્ય તરંગે વરિયા. બ્હેની. ૭

ગુરૂ કલ્યાણ મુનિ મહારાજ, નિત્ય સેવ્યાથી સરશે કાજ;
કહે દુર્લભ મળે શિવરાજ. બ્હેની. ૮

## ૮ ધર્મભાવના–ગહુંલી.

( રાગ ધોળ. )

બ્હેની સંચરતાં સંસારમાંરે,
બ્હેની સદ્દગુરૂ ધર્મ સંજોગ, વધાવો ગહુંલીરે.
બ્હેની સદ્દહણા જિનશાસનનીરે,
બ્હેની પુરણ પુણ્યસંજોગ. વ૦ ગ૦ ૧

બ્હેની સમ-સંતોષ સાડી બની રે,
બ્હેની નવ બ્રહ્મ નવ રંગ ઘાટ; વ૦ ગ૦
બ્હેની જપ તપ ચોખા ઊજલા રે,
બ્હેની સત્ય વ્રત વિનય સુપાટ. વ૦ ગ૦ ૨

બ્હેની સમકિત સોવન થાળમાંરે,
બ્હેની કનક કચોળે ચંગ; વ૦ ગ૦
બ્હેની સંવર કરો શુભ સાથિયોરે,
બ્હેની આણા-તિલક અભંગ. વ૦ ગ૦ ૩

બ્હેની સમિતિ ગુપ્તિ શ્રીફળ ધરો રે,
બ્હેની અનુભવ કુંકુમ ઘોલ; વ૦ ગ૦
બ્હેની નવ તત્ત્વ હૈયે ધરોરે,
બ્હેની ચરચો ચંદન રંગ રોળ; વ૦ ગ૦ ૪

બ્હેની ભવજળ જેહમાં ભેદિયે રે,
બ્હેની વિવેક વધાવો શાલ; વ૦ ગ૦
બ્હેની વીર કહે જિનશાસને રે,
બ્હેની રહેતાં મંગળમાળ. વ૦ ગ૦ ૫

## ૯ પતિવ્રતા સ્ત્રી વિષે હિતશિક્ષા.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. )

સાચી શિક્ષા સમજુ સ્ત્રીને શાનમાં,
કદી ન કરવો પ્રાણપતિ પર ક્રોધજો;
સાસુસસરાની હિતશિક્ષા માનવી,
પુત્ર પુત્રીને કરવો સારો બોધજો. સાચી૦ ૧
પતિઆજ્ઞાએ કારજ સહુ ઘરનું કરે,
નિંદા લવરી કરે નહિ તલભાર જો;
પર પુરૂષની સાથે પ્રીતિ નહીં કરે,
પતિદુઃખે દુઃખી શીલવંતી નાર જો. સાચી૦ ૨
પુત્ર પુત્રીઓ પ્રેમે પ્રમદા પાળતી,
લડે નહીં તે ઘરમાં કોઇની સાથજો;
નિત્ય નિયમથી ધર્મકર્મ કરતી રહે,
સમરે પ્રેમે ત્રણ ભુવનના નાથજો. સાચી૦ ૩
લજ્જા રાખી બોલે મોટા આગળે,
લક્ષ્મી જેવી તેવું ભોજન ખાયજો;
લોકવિરૂદ્ધ વર્ત્તે નહીં કુળવટ સાચવી,
કુલટા સ્ત્રીની સાથે ક્યાંય ન જાય જો. સાચી૦ ૪
સમતા રાખે સહુ કારજ કરતાં થકાં,
શિક્ષા દેતાં કદી નહીં અકળાયજો;
ગંભીરતા રાખી વર્ત્તે સંસારમાં,
એવી સ્ત્રીના સદ્ગુણ સર્વે ગાયજો. સાચી૦ ૫
દેવ ગુરૂ ને ધર્મે ભકિત જેહની,
સંકટ આવે પતિને કરતી સ્હાયજો;
બુદ્ધિસાગર શિયળ પાળે પ્રેમથી,
શિયળવંતી નારી સુખડાં પાયજો. સાચી૦ ૬

## ૧૦ પુત્રીને માતાની શિખામણ.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને.–એ રાગ. )

શિક્ષા બાળીકાને માતા આપતી,
સંગત સારી બાળિકાની રાખજો;
કરો વિનય મોટાનો હરખી હેતથી,
દુર્ગુણોને મનથી કાઢી નાખજો. શિક્ષા૦ ૧
ભણાવી વિદ્યા ચીવટ રાખી વ્હાલથી,
કદી ન રાખો ગાળ દેવાની ટેવજો;
વ્હેલાં ઊઠી અભ્યાસે મન વાળવું,
માતપિતાની કરવી પ્રેમે સેવજો. શિક્ષા૦ ૨
માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માતપિતાને કરતી નિત્ય પ્રણામજો;
નવરી આથડતી નહિ પરના આંગણે,
દેવગુરૂને સ્મરવા શુદ્ધ પ્રણામ જો. શિક્ષા૦ ૩
રોવું રીસાવું નહીં હઠથી દીકરી,
જૂઠું ચોરી ચુગલી કરજે ત્યાગજો;
વીદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મમાર્ગમાં રાગજો. શિક્ષા૦ ૪
નિત્ય નિયમથી સહુ કૃત્યો કરવાથકી,
હળવે હળવે કાર્યો સરવે થાયજો;
બુદ્ધિસાગર શિક્ષા માની માનતાં,
દીકરી ગુણિયલ કુટુંબમાંહિ ગણાયજો. શિક્ષા૦ ૫

સમાપ્ત.

# કેવી રીતે વાંચવું ?

૧ આંખો ખેંચવી પડે એવા થોડા અજવાળામાં વાંચવું નહિ.

૨ વાંચતી વખતે તમારૂં માથું હંમેશાં સીધું રાખવું.

૩ આ વાત કદી ભૂલતા નહિ કે તમારી આંખની કિંમત કોઇ પણ ચોપડી કરતાં વધારે છે અને તમારી આંખપરજ તમારા રક્ષણ તથા ફત્તેહનો મુખ્ય આધાર છે.

૪ વાંચતી વખતે તમારી ચોપડી આંખોથી શુમારે ચૌદ ઇંચ દૂર રાખવી.

૫ વાંચતી વખતે કદી પણ પ્રકાશ તરફ મ્હોં રાખવું નહિ પરંતુ અજવાળું તમારી પાછલી બાજુથી અથવા તો તમારા ડાબા ખભા તરફ થઇને પુસ્તકપર આવે, એવી રીતે વાંચવાનું રાખવું.

૬ થોડી થોડી વારને અંતરે ચોપડીની બહાર જરા વાર જોતાં રહીને અથવા આંખો બીલકુલ બંધ કરતાં રહીને તેને આરામ આપવો.

૭ ચોપડી ઉપર સૂર્યનાં કિરણ પડતાં હોય એવી રીતે કદી વાંચવું નહિ.

૮ સ્વચ્છ પાણીથી સવારે અને સાંજે તમારી આંખો સાફ કરવી અને ઠંડું પાણી ખોબાવડે તેના પર ખૂબ છાંટવું.

# પુસ્તક વાંચનાર પ્રેમીને ધ્યાનમાં રાખવા લાયક અગત્યની સૂચના.

૧ પુસ્તકને થૂંક લગાડવું નહિ.

૨ પુસ્તકને અશુદ્ધ વાંચવું નહિ.

૩ પુસ્તકને પટકવું નહિ.

૪ પુસ્તકને પગ લગાડવો નહિ.

૫ પુસ્તકને પાસે રાખી વાછૂટ કરવી નહિ.

૬ પુસ્તકને પાસે રાખી ભોજન કરવું નહિ.

૭ પુસ્તકને પાસે રાખી પેશાબ કરવો નહિ.

૮ પુસ્તકને પાસે રાખી ઝાડો કરવો નહિ.

૯ પુસ્તક ઉપર બેસવું કે સૂવું નહિ.

૧૦ પુસ્તકનો અક્ષર થૂંકથી ભૂંસવો નહિ.

૧૧ પુસ્તકનો અગ્નિથી નાશ કરવો નહિ.

૧૨ પુસ્તકનો પાણીથી નાશ કરવો નહિ.

૧૩ પુસ્તકનો ફાડીને કે બીજા કોઈ પ્રકારે નાશ કરવો નહિ.